# નયા માર્ગ

Rs. 8

વંચીતલક્ષી વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ અને શોષણવીહીન સમાજરચના માટે પ્રતીબદ્ધ પાક્ષીક ● ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ જોડણી કરી છે.

તંત્રી :
ઈન્દુકુમાર જાની

વર્ષ : 40 અંક : 14

અન્ય પૃષ્ઠો પર...

02 સાંપ્રત
ઈન્દુકુમાર જાની

06 ખાસ, ત્રાસ અને હાશ
કૌશીક મહેતા

07 કંઈક વીશેષ

12 રાજ્યની ધાર્મીકતા સાથે...
પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ

13 ટોલ્સ્ટોયનો શીક્ષણ-પ્રયોગ
કાલીન્દી પરીખ

15 મશીનો વધુ કામ કરશે તો...
દીપક સોલીયા

20 રાષ્ટ્રપતીની ચુંટણીમાંય...
ડંકેશ ઓઝા

21 આ કીસાન આંદોલનોનું...
યશવન્ત મહેતા

24 કટોકટીના પુનર્જન્મ નીમીત્તે...

25 નવું વાચન

28 રોજગારી ઉભી કરો, અન્ય...
હર્ષ મંદર

29 કોંગ્રેસને 'રીવાઈવ' કરવા...
દીનેશ શુક્લ

30 પત્ર-સાર

32 કાવ્યોમાં સાંપ્રત

## અવીચલ સત્યનીષ્ઠા

સદ્ગત ડૉ. હરીપ્રસાદ દેસાઈ એક વાત કહેતા. આફ્રીકાથી નવા નવા આવેલા અને અમદાવાદમાં આશ્રમ સ્થાપીને રહેતા 'ગાંધીસાહેબ' પાસે પોતે અવારનવાર જતાં. એકવાર એમનાથી અહોભાવથી કહેવાઈ ગયું : આપના જેવા તો કેમ કરીને થવાય ? તરત જ ગાંધીજીએ જવાબ આપ્યો : કેમ ન થવાય ? એક દીવસ હું તમારા જેવો જ હતો. તમારામાં ને મારામાં કશો ફેર ન મળે. પણ એક બાબતમાં ફેર હશે, મને જે દીવસથી સમજાયું કે આ રીતે વર્તવાનું છે તે દીવસથી - તે ઘડીથી હું એ રસ્તા ચાલવા માંડ્યો.

બીજા મહાન ધર્મપુરુષોના જીવનમાં ચમત્કારો બન્યા હોવાનાં વર્ણનો મળે છે. ગાંધીજીના જીવનમાં એવા ચમત્કાર જોવા જડતા નથી. ચમત્કારને એ, બલકે, તરછોડતા. અંતેવાસીએ કહ્યું : શરીર ઉપર સાપ ચઢ્યો તોયે તમે તો અકંપ રહ્યા. સામેથી ગાંધીજીનો જવાબ આપ્યો : શરીરને જીવતું રાખવું હોય તો એ પળે હાલવા ચાલવાનું પાલવે ખરું કે ? જે પ્રસંગને ચમત્કારમાં સહેજે ખપાવવાનું બનત તેને તેમણે કેવળ દેહરક્ષાની સ્થુળ સપાટી પર મુકી આપ્યો. ગાંધીજીએ બાહ્ય ચમત્કારોનો કાંકરો કાઢી નાખ્યો. એમણે તો આંતર ચમત્કારની પ્રતીષ્ઠા કરી. જીવનમાં પરીવર્તન કરી શકાય છે, જીવન ગમે તે ઘડીએ શુદ્ધતર થઈ શકે છે, એ મોટામાં મોટો ચમત્કાર છે. સત્ય સમજાયું તે ક્ષણથી તેને આચારમાં ઉતારવા લગાતાર મથવું એ મોટામાં મોટો આંતર ચમત્કાર છે, એ ગાંધીજીએ પોતાના દાખલાથી ઠસાવ્યું છે.

ગાંધીજીની એક જગદ્ગુરુ તરીકેની દેણ હોય તો તે છે એમણે જગત આગળ મુકેલું જીવન જીવવા માટેનું વ્યાકરણ. માણસ સત્યને અનુસરતાં પોતાના જીવનમાં પ્રયોગો કરતો જાય એ પ્રક્રીયામાં જ એને માનવબંધુઓની સેવા કરવાની, ઘણી વાર સંઘર્ષ દ્વારા પણ સેવા કરવાની, તકો સાંપડે છે. પણ સૌ પ્રત્યે પ્રેમભાવથી એટલે કે દરેકે દરેકમાં રહેલા સત્ય પ્રત્યે પુરા આદરભાવથી એ વર્તતો હોય છે. એટલે માર્ગમાં, ખાસ કરીને એને પોતાને સહન કરવાનું ભલે આવે, સત્ય દુભાતું નથી, સર્વનું કલ્યાણ જ નીપજે છે.

ગાંધીજીનું રાજકારણ એ વીશાળ સત્યકારણ હતું. બૃહત્ માનવસમાજમાં બધાં અંગો પરસ્પર મેળભર્યા સંબંધોથી જીવતાં શીખે અને પ્રત્યેકના આત્મવીકાસને શક્ય બનાવે એને માટે આયુષ્યનો એકે એક શ્વાસ ખરચી જનારા ગણ્યાગાંઠ્યા સાચા રાજકારણી પુરુષો જોવા મળે છે. શ્રીકૃષ્ણ એવા રાજકારણી પુરુષ હતા. ગાંધીજી જેમ મહાસભાના ચાર આનાના સભ્ય ન હતા તેમ શ્રીકૃષ્ણ પણ રાજ્યાસનથી દુર રહ્યા. મહમ્મદ સાહેબમાં અને કૉન્ફ્યુશયસમાં પણ એવા રાજકારણીની ઝાંખી થાય છે.

આવી વ્યક્તીઓ જગત્-ગુરુપદને પામે છે; કેમ કે તેઓ પોતાની જાતને જીવનના છેલ્લા શ્વાસ સુધી કેળવતી હોય છે. એમનામાં જીવનભર કોઈ એક સ્થીર તેજરેખા દેખાતી હોય તો તે છે અવીચલ સત્યનીષ્ઠાની, અવીરત સત્યાચરણની.

**– ઉમાશંકર જોશી**

[21 જુલાઈ : જન્મજયંતી નીમીત્તે : 'જીવનનો કલાધર'માંથી ટુંકાવીને સાભાર.]

❑

## સાંપ્રત

■ ઈન્દુકુમાર જાની

### 'હર તરફ આગ લગી હૈ તો બુઝાયેં કૈસે ?'

*"અમરનાથ યાત્રાને કાશ્મીરના મુસ્લીમો ખુબ જ આદર અને માનથી જુએ છે. અમરનાથની યાત્રા એ કાશ્મીરીઓની જીવાદોરી છે. પ્રવાસીઓ અને હીન્દુ યાત્રીઓના આધારે જમ્મુ - કાશ્મીરનું પ્રવાસન અને અર્થતંત્ર નભે છે. વર્ષ-1990, વર્ષ-2008, વર્ષ-2010 અને વર્ષ 2016માં જ્યારે જમ્મુ-કાશ્મીરમાં ત્રાસવાદ ચરમસીમાએ હતો ત્યારે પણ અમરનાથની યાત્રા પર કદી હુમલો થયો નહોતો.*

*"વર્ષ-1999ના કારગીલ યુદ્ધ બાદ જમ્મુ-કાશ્મીરનો મામલો થોડો તંગ બન્યો. ત્યારબાદ તા. 1લી ઑગસ્ટ, 2000ના રોજ 17 યાત્રાળુઓ સહીત કુલ 25 લોકોને લશ્કર-એ - તોઈબાના બે ત્રાસવાદીઓએ મોતને ઘાટ ઉતાર્યા હતા અને સમગ્ર દેશમાં ધાર્મીક ઉન્માદનો માહોલ છવાયેલો હતો; ત્યારે તમામ રાજકીય પક્ષોએ આ ઘટનાક્રમને એક અવાજે વખોડી નાખ્યો હતો. વાજપેયીએ ત્યારે કહ્યું હતું કે અમરનાથ યાત્રાળુઓની હત્યા એ વાસ્તવમાં કાશ્મીરના સેક્યુલર કલ્ચર - કાશ્મીરીયત, ઈન્સાનીયત અને જમ્હુરીયત (લોકશાહી)ની હત્યા સમાન છે...*

*"સરવાળે, કાશ્મીર દીન-પ્રતીદીન આપણા હાથમાંથી સરકતું જાય છે. એક તરફ ચીને કૈલાસ માનસરોવરની યાત્રા અટકાવી છે અને બીજી તરફ પાકીસ્તાનપ્રેરીત ત્રાસવાદીઓ અમરનાથની યાત્રાના હવનમાં હાડકાં નાખી રહ્યા છે ત્યારે હીન્દુત્વ તરફ ઝોક ધરાવતી આ સરકાર સામે આર યા પારની લડાઈ લડવાનું માનસીક, સામાજીક અને રાજકીય દબાણ વધી રહ્યું છે. પાર્થને કહો ચડાવે બાણ, હવે યુદ્ધ એ જ કલ્યાણ ! શ્રીમદ્ ભગવદ્ ગીતાનું આ ધ્યેય વાક્ય ભારત સરકારનું 'ધ્યેય' હશે ?"*

તા. 12 જુલાઈના 'નવગુજરાત સમય'ના લેખના ઉપરોક્ત અંશમાં વરીષ્ઠ પત્રકાર અજય ઉમટે સુંદર વીશ્લેષણ સાથે, સરેરાશ નાગરીકના 'મનની વાત' લખી છે; તેમને ધન્યવાદ ! અમરનાથના યાત્રાળુઓ પરનો આ ક્રુર હુમલો વખોડી કાઢવા માટે શબ્દો ઓછા પડે ! ગુજરાત સરકાર મૃતકોને રૂ. 10-10 લાખની સહાય કરશે એવી જાહેરાત મુખ્યમંત્રીએ કરી છે. હુમલામાં ઘવાયેલા પ્રત્યેકને રૂ. 2 લાખ, ઉપરાંત બે યાત્રીકો હાલ શ્રીનગરની હોસ્પીટલમાં ગંભીર હોવાથી સારવાર લઈ રહ્યા છે તેમની સારવારનો સંપુર્ણ ખર્ચ પણ રાજ્ય સરકાર ભોગવશે એવું જાહેર કરવામાં આવ્યું છે. બસના ડ્રાઈવર સલીમ મીરઝા કહે છે કે, અમરનાથની કૃપાથી જીવ બચ્યો. બસના દરવાજેથી આતંકીએ ઘુસવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ક્લીનરની હીંમત અને સમયસુચકતા ગજબ હતી ! તેણે આતંકીને લાત મારી દરવાજો બંધ કરી દીધો હતો. ડ્રાઈવરને કશું ઈનામ ગુજરાત સરકારે આ લખાય છે ત્યાં સુધી જાહેર કર્યું નથી. [ડ્રાઈવર મુસ્લીમ છે એટલે આમ થયું હશે ?] જોકે જમ્મુ-કાશ્મીર સરકારે રૂ. 5 લાખનું ઈનામ તેને માટે જાહેર કર્યું છે.

વીદેશી પ્રવાસો દરમ્યાન જે-તે રાષ્ટ્રના વડા સાથેના સંયુક્ત નીવેદનથી લઈને જ્યારે જ્યારે તક મળે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આતંકવાદની ભર્ત્સના કરે છે, આતંકીઓને પાકીસ્તાન બળ પુરું પાડે છે તેની ટીકા કરે છે. પરંતુ તેની કશી જ અસર થતી નથી. જમ્મુ-કાશ્મીરમાં પીડીપી અને ભાજપની સંયુક્ત સરકાર છે તેથી અમરનાથના યાત્રાળુઓ આતંકી હુમલાનો ભોગ બને તેમાં તેમજ માર્યા ગયેલાં અને ઈજાગ્રસ્તો ગુજરાતી છે ત્યારે ભાજપની જવાબદારી વધી જાય છે. આ સંજોગોમાં નીવેદનો જ નહીં પરંતુ નક્કર કાર્યવાહી સત્વરે થાય તે અનીવાર્ય બની જાય છે.

પશ્ચીમ બંગાળ (હવે સ્વતંત્ર બાંગ્લાદેશ અસ્તીત્વમાં છે ત્યારે ભારતનો આ હીસ્સો માત્ર બંગાળ તરીકે જ ઓળખાય તે માટે બંધારણીય સુધારો થશે ?)ની તૃણમુલ સરકાર આજે કેન્દ્ર સરકારને આંખના કણાની જેમ ખુંચે છે; એટલે જ મમતાજીને ત્યાંના ગવર્નર વીરુદ્ધ ફરીયાદ કરવી પડી છે. જોકે આશરે બે મહીના અગાઉ ગોરખાબહુલ વીસ્તારમાં બંગાળી ભાષા લાદવાની જાહેરાત કરીને મમતાજીએ 'છાણે વીંછી ચડાવ્યો !' ભાષાનો પ્રશ્ન કાયમ માટે સંવેદનશીલ રહ્યો છે. તરત જ ગોરખાલેન્ડ જનમુક્તી મોરચાએ અલગ રાજ્યની માંગણી પુન: ઉપાડી લીધી. માત્ર એક લોકસભા અને બે ધારાસભા જેટલા વીસ્તારનું અલગ રાજ્ય થઈ શકે નહીં. જો એમ કરવા જોઈએ તો દેશના અનેક ટુકડાઓ થઈ જાય ! દાર્જીલીંગમાં પોલીસ

> ***બસના ડ્રાઈવર સલીમ મીરઝા કહે છે કે, અમરનાથની કૃપાથી જીવ બચ્યો. બસના દરવાજેથી આતંકીએ ઘુસવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ક્લીનરની હીંમત અને સમયસુચકતા ગજબ હતી ! તેણે આતંકીને લાત મારી દરવાજો બંધ કરી દીધો હતો.***

ફાયરીંગમાં ત્રણ લોકોના મોત પછી હીંસા વધુ ભડકી. ઐતીહાસીક ધરોહર રુપ ટોય ટ્રેઈનના સ્ટેશનને આગ લગાડાઈ. હીંસાની લપેટમાં અન્ય વીસ્તારો આવ્યા. ભાજપના તેલંગણાના ધારાસભ્ય રાજાસીંહે, દાર્જીલીંગ સાથે કશી લેવાદેવા ન હોવા છતાં 'ગુજરાતના હીન્દુઓએ 2002ની સાલમાં જે કર્યું, તેવું બંગાળના હીન્દુઓએ પણ કરવું જોઈએ' એવું કહીને આગમાં પેટ્રોલ ઉમેર્યું ! 2002ની ગુજરાતની મોદી સરકારને એક મોડલ ગણવાની આ ભાજપી માનસીકતા સમજવા જેવી છે... બાકી હતું તે 24 પરગણા જીલ્લામાં 17 વર્ષના એક છોકરડાએ જાણે અજાણે કરી દીધેલી ફેસબુક પોસ્ટના કારણે ત્યાં રમખાણો ફાટી નીકળ્યાં ! મોહમ્મદ કૈફ જેવા ક્રીકટરે ટ્વીટર પર એક સમજદારીભર્યો સંદેશો આપ્યો કે, કોઈપણ ધર્મના મહાપુરુષનું સન્માન કોઈ નાનકડી ફેસબુક પોસ્ટનું મોહતાજ નથી હોતું પણ આવું કોણ વીચારે છે ? બંગાળની આગ ઠરે ત્યાં જ ઉત્તરાખંડમાં દહેરાદુન નજીક આવેલાં સાતપુલી ગામે પણ કોઈ છોકરડાએ મુકેલી ફેસબુક પોસ્ટથી અકળાયેલા લોકો આ કીશોરના કુટુંબની શાકભાજીની દુકાન સળગાવવા પહોંચી ગયા. સીક્કીમ, ભુતાન, ત્રીપુરા - એમ ઠેર ઠેર એક યા બીજા વીવાદો ચાલ્યા કરે છે. ચીન અને પાકીસ્તાનની દોસ્તી આ વીસ્તારમાં ભારતને ભીડાવવા માટે ટાંપીને તૈયાર બેઠી છે ! બીજી બાજુ મતોનું ધ્રુવીકરણ કરવા માટે ભાજપા કોમી રમખાણો હાથવગું હથીયાર છે. સમગ્ર દેશને આ લોકો ભગવારંગે રંગી નાખવા માગે છે. દેશના વીશાળ વીસ્તારમાં ભાજપાએ સત્તા હસ્તગત કરી લીધી છે; હવે સહીષ્ણુતા, ભાઈચારો અને ન્યાય પ્રવર્તે એ દીશામાં નક્કર કાર્યવાહી કરવી જ જોઈએ... કારણ કે હવે ખતરો રાષ્ટ્રીય એકતા પર ઝળુંબી રહ્યો છે.

### વડાપ્રધાનની વીદેશયાત્રાઓની ફલશ્રુતી ?

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આજ સુધીની સફળતાનું રહસ્ય છે તેમનો ભરપુર આત્મવીશ્વાસ ! વડાપ્રધાનની કાર્યશૈલી, સંઘીય વીચારધારા, આપખુદી વગેરે એની જગ્યાએ છે; તેની ટીકા કરીએ. પરંતુ 2001 અગાઉ સરપંચ જેવી ચુંટણીય ન લડનાર ગુજરાતના મુખ્યમંત્રી બને અને 2014માં વડાપ્રધાન... એ કંઈ સામાન્ય વાત નથી.

વડાપ્રધાનની અમેરીકા, ઈઝરાયલ અને જર્મની યાત્રાનો ટુંકાગાળાનો, તાત્કાલીક ફાયદો નજરે પડતો નથી. અમેરીકાના પ્રમુખ ટ્રમ્પ સાથે ડીનર લીધું પણ એચવન-બી વીઝા અંગે કંઈ નક્કર પરીણામ દેખાતું નથી. આતંકવાદનો મુકાબલો કરવાની કળા ઈઝરાયલ પાસેથી જરુર શીખી શકાય પરંતુ તે માટે ફરજીયાત લશ્કરી તાલીમ, શીસ્ત અને સમર્પણની ભાવના હોવી જોઈએ. રગેરગમાં રાષ્ટ્રપ્રેમ હોવો જોઈએ !

### ગૌરક્ષાને નામે ચાલતી ગુંડાગીરી ડામો

અમદાવાદમાં ગાંધી આશ્રમની શતાબ્દી નીમીત્તે વડાપ્રધાને ગૌરક્ષાને નામે કરાતી હત્યાઓ અંગે આખરે મૌન તોડ્યું ! એમણે ભાવુક થઈને એમના બાળપણનો, ગાયની સંવેદના વ્યક્ત કરતો પ્રસંગ પણ વર્ણવ્યો !! ગૌરક્ષાને નામે નરી ટોળાશાહી ચાલે છે અને નીર્દોષ માનવીઓ માર્યા જાય છે. 'Cow Terrorism'નો ભારતનો નકશો ટાઈમ્સ ઓફ ઈન્ડીયા [30-6- 2017]માં પ્રગટ થયો છે. તે મુજબ છેલ્લા 3 વર્ષ દરમ્યાન ગાયના મામલે મુસ્લીમો પર 32 સ્થળે હુમલાઓ થયા છે; જેમાં 23 માર્યા ગયા છે, 50 ઘવાયાં છે અને 2 વ્યક્તી બળાત્કારનો ભોગ બની છે. બીન-મુસ્લીમો પર 26 હુમલામાં 5ના મોત અને 74 ઈજાગ્રસ્ત થયા છે. એવું શક્ય છે કે, આનાં કરતાં વધુ ઘટનાઓ પણ બની હોય !

ગુજરાતમાં 2002ની હીંસાખોરી વેળા તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ તેને વીજ્ઞાનના નીયમ 'એક્શન - રીએકશન' તરીકે ખતવી દીધું હતું; હવે વડાપ્રધાન તરીકે એટલું સમજ્યા છે કે 'કોઈને કાયદો હાથમાં લેવાનો અધીકાર નથી !' હજી રાજ્ય સરકાર કડકાઈથી કામ લે, અસરગ્રસ્તોને ન્યાય મળે, એ માટે કશું થયું નથી... થોડા સમાચારો :

• નીવૃત્ત આઈએએસ - આઈપીએસ અધીકારીઓએ એક ખુલ્લા પત્રમાં મોદી સરકારની ઝાટકણી કાઢી છે. આ ખુલ્લા પત્રમાં જાણીતા બ્યુરોક્રેટ્સ ભાસ્કર ઘોષ, હર્ષ મંદર, વજાહત હબીબુલ્લા સહીત 65 પુર્વ અધીકારીઓએ સહી કરી છે. [ગુજરાત ટુડે : 3-7-2017]

• બીહારમાં મુસ્લીમ પત્રકારને કેસરીયા ટોળાની ધમકી : 'જય શ્રી રામ બોલો નહીં તો અમે તમને સળગાવી દઈશું.' એનડીટીવીના મુસ્લીમ પત્રકાર એમ. અથરુદ્દીન મુન્ને એ 'જય

> *આતંકવાદનો મુકાબલો કરવાની કળા ઈઝરાયલ પાસેથી જરુર શીખી શકાય પરંતુ તે માટે ફરજીયાત લશ્કરી તાલીમ, શીસ્ત અને સમર્પણની ભાવના હોવી જોઈએ. રગેરગમાં રાષ્ટ્રપ્રેમ હોવો જોઈએ !*

શ્રી રામ' બોલીને પોતાનો અને કુટુંબીજનોનો જીવ બચાવ્યો ! [ગુજરાત ટુડે : 3-7-2017]

• 8 વર્ષમાં ગાયના નામે થયેલી હીંસામાં 86 ટકા મૃતકો મુસ્લીમ : મોદીરાજમાં આવી 97 ટકા ઘટનાઓ ઘટી. [ગુજરાત ટુડે : 29-7-2017]

• ગૌરક્ષકો દ્વારા મોદીની વધુ એકવાર ધરાર અવગણના, આસામમાં પશુઓની હેરફેર કરતા ડ્રાઈવરો પર હુમલો. [ગુજરાત ટુડે : 4-7-2017]

### નોટબંધી અને જીએસટી : પ્રજાવીરોધી

જાણીતા આંતરરાષ્ટ્રીય સામયીક 'ધ ઈકોનોમીસ્ટ'માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કવર સ્ટોરી પ્રકાશીત કરવામાં આવી છે. ગુજરાતમીત્ર અને દીવ્ય ભાસ્કર જેવા દૈનીકોને બાદ કરતાં આ આર્થીક મેગેઝીનના લેખની ખાસ ચર્ચા થઈ નથી. એમનાં મતે દેશ-દુનીયામાં ભારત સૌથી ઝડપથી વીકસતું અર્થતંત્ર બની ગયું છે પરંતુ ખેદજનક વાત એ છે કે આ માત્ર દેખાડો છે. જીએસટી આવકારદાયક હોવા છતાં બીનજરુરી જટીલ અને અમલદારશાહી વધારનારો છે, જેના કારણે તે એટલો કારગત નહીં નીવડે. રાતોરાત મોટી નોટો બંધ કરી દેવાની પણ ઉલટી અસર થઈ. કાળાં નાણાં પર તો અસર ન થઈ પરંતુ કાયદેસર વ્યવસાયો પણ પાંગળા થઈ ગયા. દેખીતું એ જ છે કે મોદી ક્રાંતીકારી સુધારક નથી, જેવા તેમને દર્શાવવામાં આવે છે. તેઓ પોતાના પુરોગામી મનમોહન સીંહ કરતાં વધારે ઉર્જાવાન છે - ટોયલેટ નીર્માણથી માંડીને મેન્યુફેક્ચરીંગ સહીત તેઓ ઝાકઝમાળ સાથે દરેક પહેલ કરે છે, પણ તેઓ કોઈ મોટો વીચાર લઈને નથી આવ્યા. અર્થતંત્રની અંદરની જરુરી મુશ્કેલીઓ દુર કરવામાં તેઓ એટલા માહેર નથી.

નોટબંધી અંગે મોટો ધડાકો અર્થશાસ્ત્રી પ્રા. અરુણ કુમારે કર્યો છે. [ગુજરાતમીત્ર : 24-6- 2017] `બ્લેક ઈકોનોમી ઈન ઈન્ડીયા' શીર્ષકથી લખેલા લેખમાં તેઓએ જણાવ્યું છે કે, 13 જાન્યુઆરી, 2017 સુધીમાં જ મોટાભાગની રકમ બેન્કોમાં પરત આવી ગઈ હતી અને બાકીની માર્ચ સુધીમાં આવી ગઈ ! સરકાર એટલા માટે આંકડા જણાવતી નથી કે તેની કાળા ધન સામેની લડાઈના દાવાની ફજેતી થઈ જાય ! જો બધા નાણાં પાછા આવી ગયા તો પછી કાળા નાણાં ક્યાં હતા તેવો પ્રશ્ન લોકો પુછે...

> *સરકાર એટલા માટે આંકડા જણાવતી નથી કે તેની કાળા ધન સામેની લડાઈના દાવાની ફજેતી થઈ જાય ! જો બધા નાણાં પાછા આવી ગયા તો પછી કાળા નાણાં ક્યાં હતા તેવો પ્રશ્ન લોકો પુછે...*

### કેટલાક સમાચારો જોઈએ ફટાફટ !

• અદાણી ગ્રુપને મોદી સરકારનું 500 કરોડ રુપીયાનું નજરાણું ! કાચો માલ અને કન્ઝ્યુમેબલ્સ પર કસ્ટમ ડ્યુટીના રીફંડનો દાવો કરી શકે તે માટે સરકારે SEZને લગતા કાયદાઓ ચુપચાપ તોડીમરોડીને અદાણી ગ્રુપને ખાસ લાભ થાય તેવા નીયમો લાવ્યા. [પરાંજોય ગુહા અને અન્ય ત્રણ બૌદ્ધીકોનો લેખ : ગુજરાત ટુડે : 21-6-2017]

• ભારતની કુલ જીડીપીમાં આરોગ્ય પાછળ માત્ર 1.1 ટકા જ ફાળવાય છે. [જીટીયુ ખાતે એલએમ કોલેજના પુર્વ પ્રીન્સીપાલ સી. જે. શીશુનું વક્તવ્ય, દીવ્ય ભાસ્કર : 6-5-2017]

• `તેજસ' ટ્રેનની યાત્રા : આ છે આપણું કલ્ચર ! મુંબઈથી ગોવાની અનેક સુવીધાવાળી તેજસ ટ્રેઈન શરુ થઈ. તેની ટીકીટ રુ. 1185થી માંડીને રુ. 2750 જેટલી છે. સમૃદ્ધ અને સંપન્ન પ્રવાસીઓને જ તે ખર્ચ પોસાય... આમ છતાં આ ટ્રેઈનની પહેલી યાત્રામાં સંખ્યાબંધ હેડફોન ગાયબ થઈ ગયા, સીટની પાછળ ઈન્ફોટેઈનમેન્ટ માટે અપાયેલાં એલસીડી સ્ક્રીન સાથે ચેડાં થયાં... આ આપણું રાષ્ટ્રીય ચારીત્ર્ય ! [નવગુજરાત સમય : 26-5-2017નો તંત્રીલેખ]

• સોશીયલ પ્રોગ્રેસ ઈન્ડેક્સ - 2017 મુજબ દેશમાં લોકોનું જીવનસ્તર સુધરી રહ્યું છે પરંતુ ઉચ્ચ શીક્ષણ સુધીની પહોંચ મુશ્કેલ બની રહી છે. સહીષ્ણુતામાં પણ ઘટાડો થઈ રહ્યો છે. [દીવ્ય ભાસ્કર : 29-6-2017]

• ઉત્તર પ્રદેશના યોગીરાજમાં મહીલા પોલીસ અધીકારી શ્રેષ્ઠા ઠાકુરે બુલંદ શહેરના ભાજપના નેતાને ટ્રાફીકના નીયમનો ભંગ કરવા બદલ દંડ ફટકાર્યો. ભાજપ નેતાને પોતાની પ્રતીષ્ઠાનો ભંગ લાગ્યો. મુખ્યમંત્રી યોગીને ફરીયાદ કરી, 'પ્રેસ્ટીજ ઈસ્યુ' બનાવ્યો. પરીણામે શ્રેષ્ઠા ઠાકુરની બદલી છેક નેપાળની બોર્ડર પર બહરાઈચ ખાતે કરી દેવામાં આવી ! જો કે બહાદુર શ્રેષ્ઠા ઠાકુરનો પ્રતીભાવ :

**જહાં ભી જાયેગા રોશની લુટાયેગા**
**કીસી ચરાગ કા અપના મકાં નહીં હોતા**

• નીતી આયોગના સદસ્યવીવેક દેબરોયે જણાવ્યું છે કે,

જીએસટીના અમલથી જીડીપીમાં એકથી દોઢ ટકાનો વધારો થશે એવી વાતો બકવાસ જ છે. [ગુજરાત ટુડે : 2-7-2017]

### અમદાવાદ બન્યું 'વર્લ્ડ હેરીટેજ સીટી'...

દેશનું પ્રથમ વર્લ્ડ હેરીટેજ સીટી તરીકેનું બહુમાન યુનેસ્કોએ અમદાવાદને આપ્યું તે આનંદદાયક બીના છે. સીદી સૈયદની જાળી, હઠીસીંગના દહેરાં, કોટ ફરતેના દરવાજા, અમદાવાદની પોળોમાં આવેલી સુંદર નકશીકામવાળી હવેલીઓ વગેરેને કારણે આ ગૌરવ પ્રાપ્ત થયું છે. અમદાવાદમાં નેશનલ 54 અને સ્ટેટ મોન્યુમેન્ટ્સ તરીકે 5 ઈમારતોનો સમાવેશ થયો છે. વડાપ્રધાનની મુલાકાત વેળા જેવી રીતે રોશનીથી અમદાવાદ ઝળહળતું થયેલું એવો ફરી 15 દીવસ આ જલસો ચાલશે. જોકે અમરનાથ દુર્ઘટનાને લીધે ત્રણ દીવસનો વીરામ જાહેર થયો છે. હવે ટુરીઝમ વધશે એવું કહેવાય છે. થોડા સમય અગાઉ અમદાવાદ 'સ્માર્ટ સીટી' થશે એવી પણ જાહેરાત થઈ છે... પણ આ શહેરના મુલાકાતીને કેવું અમદાવાદ જોવા મળશે ? રીવર ફ્રન્ટ તો નવો જ છે, તેના રસ્તા પર માત્ર ટુ વ્હીલર અને ફોર વ્હીલર જ દોડે છે. રીક્ષાઓ, બસો, હેવી વેહીકલ માટે મનાઈ છે. પણ આજે કેવી હાલત છે ? હજી તો માંડ ચારેક ઈંચ વરસાદ વરસ્યો છે છતાં પશ્ચીમ બાજુનો રોડ ધોવાઈ ગયો છે. એવું કહેવાય છે કે કોઈપણ કામનો 'વર્ક ઓર્ડર' અપાય છે ત્યારે જ 'કટકી' વસુલવામાં આવે છે ! અમદાવાદના રસ્તાઓ આ વાતની ગવાહી પુરે છે... ઉજવણી જુદી રીતે ન થઈ શકે ? માત્ર નેતાઓ કે મ્યુ. કામદારો જ નહીં, નગરજનો શ્રમયજ્ઞ કરીને 'સ્વચ્છ અમદાવાદ'નું બીડું ન ઝડપી શકે ? અને પીરાણા ખાતે કચરાનાં ડુંગરો ક્યારે દુર થશે ? ભાજપવાળાઓએ હજીયે 'કર્ણાવતી'નું નાડું પકડી રાખ્યું છે; હવે તો અમદાવાદનાં નામનો રાજીપો અનુભવો !

### અખબારી આયનામાં ગુજરાતની ભાજપા સરકાર

• પ્રાથમીક સામે માધ્યમીક શાળાની સંખ્યાની દૃષ્ટીએ ગુજરાત દેશના રાજ્યોમાં 25મા ક્રમે : ધોરણ 8-9ની સંખ્યામાં ગુજરાત દેશના અનેક નાના-અવીકસીત રાજ્યો કરતાં પાછળ. [નવગુજરાત સમય : 22-3-2017]

• દર હજારે બાળમૃત્યુ દરમાં 34ના દર સાથે ગુજરાત 5મા સ્થાને. આદીવાસી વીસ્તારમાં આદીવાસીની વધુ જનસંખ્યા ધરાવતા જીલ્લાઓમાં મૃત્યુદર 86 જેટલો ઉંચો ! [ગુજરાત સમાચાર : 26-4-2017]

• ગાય-વાછરડાને કતલખાને મોકલતા ગૌરક્ષા સમીતીના અધ્યક્ષ સામે ફરીયાદ. ટ્રકમાં ખીચોખીચ ભરીને કતલખાને લઈ જવાતા 12 ગાય-વાછરડાંઓ બચાવી લેવાયા. [ગુજરાત સમાચાર : 3-5-2017]

• બેટી બચાવો અભીયાન વચ્ચે ભાજપના નેતાના કરતુત ખુલ્યા ! ભાજપના પ્રવક્તા, વ્યવસાયે ડૉક્ટર ઝડપાયા ! સોનોગ્રાફી મશીન સીલ : રજીસ્ટરમાં ગેરરીતીઓ. [ગુજરાત સમાચાર : 4-5-2017]

• બે IAS સામે રૂ. 300 કરોડના કૌભાંડની તપાસનો અહેવાલ ફાઈલમાં ધરબાયો. પુર્વ વીજીલન્સ કમીશનર મંજુલા સુબ્રમણીયમે રીપોર્ટ સોંપી દીધો પણ પગલાં લેવાયાં નથી. [દીવ્ય ભાસ્કર : 9-5-2017]

• કેન્દ્રની ગુજરાતને થપ્પડ : 'સૌની' યોજનામાં રૂ. 6399 કરોડ આપવાની ના પાડી. વડાપ્રધાને અગાઉ ઉદ્ઘાટન કરેલું તે ગોમા અને ભીમદાડ ડેમ આજે સુકાભઠ્ઠ પડ્યા છે. [તસવીરકથા : ગુજરાત સમાચાર : 14-5-2017]

• ગુજરાતમાં પોસ્ટ વીભાગમાં ભરતી પ્રક્રીયા : બેરોજગારીનું બીહામણું ચીત્ર - 413 જગ્યા માટે 1.40 લાખ ઉમેદવારો ! [ગુજરાત સમાચાર : 14-5-2017]

• 6 થી 23 મહીનાના વયજુથમાં પર્યાપ્ત આહારની બાબતમાં ગુજરાત પછાત. નેશનલ ફેમીલી હેલ્થ સર્વેક્ષણ : ભારતમાં સરેરાશ દર 9 ટકાની આસપાસ છે. ગુજરાતનો દર 5.2 ટકા ! [સંદેશ : 19-5-2017]

• ભાજપના શાસનકાળમાં એસટીની ખોટમાં સતત થઈ રહેલો વધારો. ખોટ 200 ટકાના વધારા સાથે રૂ. 700 કરોડને આંબી ગઈ. [ગુજરાત સમાચાર : 24-5-2017]

• ભાજપ સરકારે ચુંટાયેલા સરપંચો પાસેથી નાણાં ઉપાડવાની સત્તા છીનવી લીધી, તલાટીને મહત્ત્વ અપાયું. તલાટીઓ હાજર રહેતા નથી, એક તલાટીને

*કેન્દ્રની ગુજરાતને થપ્પડ : 'સૌની' યોજનામાં રૂ. 6399 કરોડ આપવાની ના પાડી. વડાપ્રધાને અગાઉ ઉદ્ઘાટન કરેલું તે ગોમા અને ભીમદાડ ડેમ આજે સુકાભઠ્ઠ પડ્યા છે.*

બે-ચાર ગામોની જવાબદારી અપાઈ છે. પંચાયત પરીષદે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. [ગુજરાત સમાચાર : 24-5-2017]

• ઈન્ટરનેશનલ મીસીંગ ચીલ્ડ્રન ડે : ગુજરાતમાં રોજના સાત બાળકો ગુમ થાય છે, દેશમાં આઠમો ક્રમ ! છેલ્લા દોઢેક વર્ષમાં ગુમ થયેલાં 1135 બાળકો આજેય લાપતા છે. બાળકો ચાઈલ્ડ ટ્રાફીકીંગનો શીકાર થવા માંડ્યાં. [ગુજરાત સમાચાર : 26-5-2017]

• શીક્ષણના વીકાસ માટે નાણાં ખર્ચવામાં ગુજરાત 18 રાજ્યોમાંથી 16મા ક્રમે, રાષ્ટ્રીય સરેરાશથી પાછળ. [નવગુજરાત સમય : 31-5-2017]

❑

# ખાસ, ત્રાસ અને હાશ

## કૌશીક મહેતા

2016માં નરેન્દ્ર મોદી મધ્ય પ્રદેશની મુલાકાતે ગયા હતા. ત્યાં અલીરાજપુરમાં એમની રેલી હતી અને આ કારણે સ્થાનીક ખંડવાના કલેક્ટરે કેટલીક ખાનગી શાળાઓની બસ પણ હસ્તગત કરી હતી અને એમાંની એક શાળાના વીદ્યાર્થી દેવાંશ જૈને વડાપ્રધાનને પત્ર લખ્યો કે, 'અમારી શાળાની બસ લઈ લેવામાં આવી છે અને એ કારણે હું શાળાએ જઈ શકું એમ નથી. શું મારા શીક્ષણ કરતાંય તમારી રેલી વધુ મહત્ત્વ ધરાવે છે. તમે અમેરીકા ગયેલા ત્યાંય લોકો મોટી સંખ્યામાં આવેલા પણ એ કોઈ કોઈની બસમાં આવ્યાં નહોતા, પોતાની રીતે આવ્યા હતા.' આ પત્રની અસર થઈ અને કલેક્ટરે એ શાળાની બસ પછી આપી.

રાજકોટમાં વડાપ્રધાન મોદીની મુલાકાત સંદર્ભે આખા શહેરમાં શણગાર થયો હતો. ક્યાંક ફરજ પણ પાડવામાં આવી હતી અને અમુક રસ્તાઓ બંધ કરાતા ટ્રાફીક જામની સમસ્યા સર્જાઈ હતી. મોટાભાગે શાળાઓ બંધ રહી હતી. કોઈ શાળાના બાળકે મોદીને પત્ર લખ્યો હોય તો એની માહીતી મળતી નથી પણ લખ્યો હોત તો કદાચ મોદીએ સુચના આપી હોત કે, મર્યાદામાં જે કરવું હોય તે કરો. કદાચ રાજકોટની શાળાઓ બંધ ના રહી હોત.

રાજકોટમાં કોઈ વડાપ્રધાનનો પહેલો રોડ શો હતો એટલે ઉત્સાહ વધુ હોય એ સ્વાભાવીક છે પણ લોકોને પડેલી અગવડો એટલી બધી હતી કે એ મુદ્દે ટીકાઓ થતી હતી. એ ખરું કે, મોદી અને ભાજપ પ્રચારમાં એક્કા છે અને એની અસર લોકો પર પડતી હોય છે. મારા ડ્રાઈવરને છેલ્લા ત્રણ દીવસથી ટ્રાફીક જામનો અનુભવ થતો હતો પણ છતાં એણે સાંજે મને કહ્યું, 'સાહેબ મોદી સાહેબનો રોડ શો ક્યાં પહોંચ્યો, મારે જોવો છે.'

એમ તો સવારે જ હું એક જગ્યાએ વાળ કપાવવા ગયો તો એ વાળંદ કહે કે, 'સાહેબ આટલો તાસીરો કરવાની શી જરુર છે ? કરવો હોય તો મોદી સાહેબ કાશ્મીરમાં રોડ શો કરે...' આ વાત વધુ પડતી લાગે પણ એક અધીકારીને અમારા એક પત્રકારે પુછ્યું કે, સાહેબ મારે કેટલાક પ્રશ્નો પુછવા છે. તો અધીકારી કહે કે, જુઓ ભાઈ મોદી સાહેબના કાર્યક્રમ સીવાયનું કાંઈ પુછતાં નહીં.

મોદી સરકારને ત્રણ વર્ષ થયા એની ઉજવણી થઈ રહી છે. રાજકોટમાં આજી ડેમમાં નર્મદાના નીર આવ્યા અને એના વધામણા કરવા માટે કાર્યક્રમ યોજાયો પણ શું આટલા બધા પ્રમાણમાં ખર્ચ કરવાની જરુર હતી ખરી ? આ સવાલ રાજકોટના ઘણા લોકોના મનમાં ઉઠ્યા છે પણ એનો જવાબ મળતો નથી.

રાજકોટમાં અનેક જગ્યાએ મોદી અને વીજય રુપાણીના બેનર અને કટ આઉટ જોવા મળ્યા પણ એક પણ તીરંગો જોવા ના મળ્યો એ જરાક ખુંચ્યું. મોદી ભાજપના નહીં પણ દેશના વડાપ્રધાન છે અને એના ચાહકોની સંખ્યા વીશાળ છે. રોડ શોમાં એ જોવા પણ મળ્યું. ધોધમાર વરસાદ છતાં લોકોની સંખ્યા ઘટી હોય એવું જોવા ના મળ્યું અને આ મેદની માત્ર પેઈડ હોય એવું જરાય નહોતું પણ વધુ મેદની થાય તો જ કાર્યક્રમ સફળ ગણાય એવી માનસીકતા રાજકીય પક્ષો ક્યારે છોડશે ?

અને છેલ્લે, મોદીના કાર્યક્રમો પુરા થયા અને એ રાજકોટથી રવાના થયા ત્યારે સરકારી તંત્ર અને લોકોએ રાહતનો દમ લીધો અને બધા બોલ્યા : હાશ... આવું શા માટે ? રાજકારણીઓ અને પક્ષોએ આ મુદ્દે વીચારવું રહ્યું.

[સૌજન્ય : **'ફુલછાબ'** : 30-6-2017]

❑

## કંઈક વીશેષ

# જુનેદ, મારો દીકરો

**હર્ષ મંદર**

**એ દીવસે એની સાથે ટ્રેનમાં મુસાફરી કરી રહેલાં બધાંનો એ દીકરો હતો, છતાં એ લોકોએ એને મરવા માટે છોડ્યો.**

જુનેદ ખાન મારો દીકરો હતો.

એ જીવતો હતો ત્યારે હું એને ઓળખતો નહોતો. પણ એના મૃત્યુમાં, જે રીતે એ મર્યો, એક દીકરા તરીકે હું એના વીયોગનો શોક કરું છું. મારી દુનીયા એના સપનાંઓથી અજાણ હતી. કુરાનનો એ વીદ્વાન અને શીક્ષક બનવા માગતો હતો, અને એક દીવસ કદાચ એને ઈમામ પણ બનવું હતું. આ માટે, છ વર્ષની ઉંમરથી બાજુના નુહ (હરીયાણા) ગામની મદરેસામાં એને મોકલાયેલો. એ હોંશીયાર અને નીખાલસ વીદ્યાર્થી હતો. પવીત્ર કુરાનના બધા 80,000 શબ્દો એને મોંઢે હતા. આ સીદ્ધી માટે એને 'હાફીઝ'નું પ્રમાણ અપાવાનું હતું. અરેબીકમાં 'હાફીઝ'નો અર્થ કુરાનના પવીત્ર શબ્દો યાદ રાખનાર તથા તેની રખેવાળી કરનાર માટે વપરાય છે.

વર્ષમાં એકવાર રમઝાન માસમાં એ ઘરે આવતો. આ વખતે વીસ દીવસ દરમ્યાન પોતાના ગામના ધાર્મીક લોકોના જુથને એણે ગર્વથી પુરા કુરાનનું પઠન સંભળાવ્યું. મૃત્યુના આગલા દીવસે જ એ પઠન પુરું થયેલું. ગામનાં લોકોએ ખુશ થઈને થોડી રકમ એને માટે એકઠી કરેલી. જુનેદના બાપુએ એમાં પોતાનો ફાળો ઉમેર્યો, અને કુલ રુ. 1,500 લઈને જુનેદ પોતાના ભાઈઓ સાથે નવાં કપડાં, પ્રાર્થના માટેની ચટાઈ અને થોડી ભેટો ખરીદવા જુના દીલ્હીએ જવા નીકળી પડ્યો.

માથા પર એણે ચુસ્ત બેસતી ટોપી પહેરેલી. એ જ એના ઘાતક મોતનું કારણ બનનાર હતી.

મારા થોડા મીત્રો સાથે હું હરીયાણાના ફરીદાબાદ જીલ્લાના ખંડેવાલી નામના જુનેદના ગામે ગયો. જુનેદની ટોળાએ કરેલી ઘાતકી હત્યાથી અમે પણ દુ:ખી છીએ એ વાત એ ઉજ્જડ બનેલા કુટુંબને જણાવવી અમારી ફરજ અમને લાગેલી. ક્રુરતાપુર્વક પુત્ર-વીહોણાં બનાવાયેલ એ પરીવારને અમારા શબ્દોથી કદાચ ભાગ્યે જ કોઈ ફરક પડવાનો હતો. છતાંયે અમારે કહેવું તો જોઈએ જ, એમ અમને લાગ્યું. હજી બે માસ પહેલાં જ નુહ ગામે પહેલુ ખાનના કુટુંબની વેદનામાં ભાગીદાર બનવા અમે ગયેલાં. મેં વીચાર્યું - એક દેશ તરીકે આપણે 'બસ, હવે વધુ નહીં'નો સંકલ્પ કરીએ એ પહેલાં આવી કેટલી મુસાફરી અમારે કરવી પડશે ! પણ ત્યાં સુધી ધીક્કારની હીંસાથી વેરાન બનેલાંને એટલું તો કહેવું જ જોઈએ : અમે તમારો ગુસ્સો, તમારા દુ:ખમાં ભાગીદાર છીએ. એનાથી તમારી પીડા ઓછી નથી થવાની. પણ તમે એકલા નથી, એનો તમને અહેસાસ તો થશે.

પચાસ વર્ષથી યે નાનાં, જુનેદના બાપુ જલાલુદ્દીન જડ અને છક બની ગયેલા હતા, જે બની ગયું એ એમને કાં તો સમજાતું નહોતું, કાં એ વાત સ્વીકારી નહોતા શકતા. પોતાના નાનકડા ઘરની બહાર ભેગા થયેલાં મોટાં ટોળાંઓથી એ ટેવાયેલા નહોતા. એક ખુણામાં સાદા વેશમાં એક સ્થાનીક પોલીસ ઈન્સ્પેક્ટર જલાલુદ્દીનના પુત્રોને બનાવ વીશે સતત પ્રશ્નો પુછીને હેરાન કરી રહ્યા હતા, જો કે નવાઈ એ હતી કે પોતાની નોટબુકમાં એ કશી વીગત લખતા નહોતા. ગામનો એક અધીકારી આવીને જલાલુદ્દીનને તાકીદ કરી ગયો કે, એક ઉચ્ચ નેતા અને એક ભુતપુર્વ મુખ્યમંત્રી ત્યાં આવવાના હોવાથી પોતાના ઘરને સાફસુથરું કરી રાખે.

અમારા દીલાસાનો મૌનથી સ્વીકાર કરીને જલાલુદ્દીને ફક્ત એટલું જ કહ્યું કે, 'મારા પુત્રો ખુબ ડરેલા છે. મારો મોટો દીકરો શકીર હોસ્પીટલમાં છે. એ જલ્દી સાજો થઈ જાય તો સારું. એને બે નાનાં બાળકો છે.' જુનેદની મા સાયરાબેગમને શાંત પાડવી મુશ્કેલ હતું. રોતાં રોતાં એ એટલું જ બોલી કે, 'માથા પર ચુસ્ત ટોપી એણે નહોતી પહેરવાની, એ વાત સમજવા માટે મારો જુનેદ બહુ નાનો હતો.'

જુનેદના અઢાર વર્ષના ભાઈ હાશીમને પણ ટ્રેનમાં છરી મરાયેલી. એ સાંજની ભયાનકતાની વાત એણે અમને કરી. જામા મસ્જીદમાં ઈદની ખરીદી કર્યા પછી ત્રણેય ભાઈઓ સદર બજારથી લોકલ ટ્રેનમાં ચડ્યા, બેસવાની જગા મળી. ઓખલા સ્ટેશનથી ભીડ વધી. એક વડીલને જુનેદે ઉભા થઈને પોતાની જગા આપી. ગાડીમાં ચડેલા પંદરેક જણાંનાં ટોળાંએ બેઠેલાંઓને જગા ખાલી કરવાની બુમ પાડી. સૌએ

ના પાડી ત્યારે એ ટોળાંએ સૌને માર્યા, એમની ચુસ્ત ટોપીઓ કાઢીને ફેંકી, એમની દાઢી ખેંચી, એમના ધર્મ માટે અપશબ્દો કહ્યા, એમને 'પાકીસ્તાની' કહ્યા, 'બીફ' ખાનારા કહ્યા.

પરીસ્થીતી બગડતી જોઈને ગભરાઈ ગયેલ ત્રણમાંનો એક ભાઈ પોતાને ગામ ફોન કરી પોતે જ્યાં ઉતરવાના હતા એ બલ્લભગઢ સ્ટેશને મદદ માટે આવવા વાત કરી શક્યો. સ્ટેશન આવ્યું, પણ ભાઈઓને ઉતરવા ન દેવાયા. એમને બચાવવા જે સ્ટેશને આવેલા, એમને પણ અંદર ખેંચી લેવાયા.

બલ્લભગઢથી પછીના સ્ટેશન અસૌટી સુધીની નવ જ મીનીટોમાં ટોળાંએ ત્રણ ભાઈઓને અનેકવાર છરી મારી, છોકરાંઓ મદદ માટે ચીસો પાડતા રહ્યાં. કોઈ મદદે આવ્યું નહીં. ડબ્બો લોહીથી ખરડાતો રહ્યો. કેટલાંક લોકો પોતાના ફોન પર વીડીયો અને ફોટા લેતા રહ્યા, કેટલાંક લોકો હુમલાખોરોને પ્રોત્સાહીત કરતા રહ્યા. જુનેદે જેને બેસવા માટે પોતાની જગા આપેલી એ ઘરડો માણસ પણ એમાં સામેલ હતો.

અસૌટી સ્ટેશને ત્રણેય છોકરાંઓને ટ્રેનની બહાર ફેંકી દેવાયા. ભીડ અને દંગલની વચ્ચે કેટલાંક હુમલાખોરો પણ કદાચ ઉતરી ગયા. એક જ મીનીટ ઉભી રહીને ટ્રેન ઉપડી ગઈ. ભાઈઓની હાલત ગંભીર હતી, પણ સ્ટેશન પર કોઈએ એમની મદદ કરી નહીં. કોઈ પેસેન્જરે નહીં, રેલવેના સ્ટાફે નહીં, કોઈ પોલીસે નહીં, કોઈ ફેરીયા કે દુકાનદારે પણ નહીં. પોતાના એક ભાઈના ખોળામાં જુનેદે દેહ છોડ્યો. બીજા બે ઘવાયેલા ભાઈઓ જુનેદને ઉંચકીને પાટા પરથી સ્ટેશનના મુખ્ય દરવાજા સુધી લઈ ગયા. એક ખાનગી હોસ્પીટલનો સંપર્ક એક ભાઈ કરી શક્યો. 45 મીનીટ પછી એમ્બ્યુલન્સ આવી. હોસ્પીટલ પહોંચતા જુનેદને મૃત જાહેર કરાયો.

જુનેદને ઘરેથી નીકળીને અમે અસૌટી સ્ટેશને ગયા. રેલ્વે સ્ટાફ, પ્લેટફોર્મ પરના દુકાનદારો સાથે અમે વાત કરી. બધાએ એક જ વાત કહી - એ સાંજે અમે કાંઈ જ જોયું નહોતું.

જુનેદ મારો દીકરો હતો. ટ્રેનના એ ડબ્બામાં એની સાથે બેઠેલા સૌનો પણ એ દીકરો હતો, અને એણે જ્યાં છેલ્લા શ્વાસ લીધા એ સ્ટેશન પર જે લોકો હતા, એ બધાનો પણ એ દીકરો હતો. પણ છતાં એ સૌએ એને મરવા દીધો.

[**હર્ષ મંદર**ના અંગ્રેજી લેખને આધારે : મંજરી મેઘાણી નોંધ : લેખક માનવ-અધીકાર કાર્યકર તથા લેખક છે.]

*

## ઈસુ તથા શ્રી મોહનદાસ ગાંધીને

માણસ નામે નબળું પ્રાણી,
એની ઉંઘ એને ઘણી વહાલી !
તમે અચાનક એને ઢંઢોળો તો
ક્રોધથી ગાંડોતુર થઈ
ક્રોસ ઉપર તમને લટકાવે નહીં તો શું કરે ?
અથવા
હાથમાં જો બંદુક આવે તો શું તમને જતા કરે ?
તમે તો સર્વજ્ઞાની -
આટલું પણ નહીં જાણ્યું કે
કાચી ઉંઘમાંથી કોઈને જગાડાય નહીં ?

**વીપીન પરીખ**

['અરધી સદીની વાચનયાત્રા : 3'માંથી સાભાર : મોકલનાર : મંજરી મેઘાણી]

*

## અભીનંદન !

દક્ષીણ ઈંગ્લેન્ડમાં રીડીંગ નામના ગામમાં રહેતો અગીયાર વર્ષનો અર્નવ શર્મા કોઈ પણ તૈયારી વીના ત્યાંની 'મેન્સા આઈ ક્યુ' નામની સામાન્ય જ્ઞાનની એક કસોટીમાં 162 માર્ક મેળવીને દેશના સૌથી બુદ્ધીશાળી બાળકોમાંનો એક બન્યો છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈન તથા સ્ટીફન હોકીંગ જેવી પ્રતીભા સંપન્ન વીભુતીઓ કરતાં પણ અર્નવે બે માર્ક વધુ મેળવ્યા છે !

[મોકલનાર : મંજરી મેઘાણી]

*

## જોખમી દંભ

રાહુલ ગાંધીએ ગામડાંમાં ફરી, કારમાંથી ઉતરીને, ચાલીને, બાઈકની પાછળ બેસીને સાહસીક પ્રવાસનો પોતાનો શોખ ફરીથી બતાવવો શરુ કર્યો છે. વીરોધ પક્ષમાં ત્રણ વર્ષ બેઠા પછી પણ એમનામાં બદલાવ આવ્યો નથી. એ હજી પણ મોદીને પૈસાદારોના વડાપ્રધાન અને ગરીબોના દુશ્મન કહેતા રહે છે.

ઉત્તર પ્રદેશની જીત ભાજપને શું પૈસાદારોએ અપાવી ? એક અહેવાલ મુજબ 83 ટકા ભારતીયો અર્થતંત્રની સ્થીતી

અંગે આશાવાદી છે. મને કોંગ્રેસ પ્રત્યે ઓછી લાગણી છે, છતાં ખરેખર ચીંતા થાય છે, એથી આ પ્રશ્નો પુછું છું, કેમ કે દેશને અત્યારે જે એક મજબુત વીરોધ પક્ષની જરુર ઉભી થઈ છે, એવી અગાઉ ક્યારેય નહોતી.

મજબુત વીરોધ પક્ષની અનુપસ્થીતીમાં, મોદી સરકાર અને ભાજપમાં છેલ્લા થોડાં મહીનાઓમાં ખતરનાક દંભ છવાયો છે. ઉત્તર પ્રદેશમાં મત તો બદલાવ અને વીકાસને નામે મળેલા, છતાં એ દંભને કારણે યોગી આદીત્યનાથને મુખ્યમંત્રી પદે નીયુક્ત કરવાનું સહેલું બની ગયું. સૌથી વધુ વસ્તી ધરાવતા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ પદ પર આવતાવેંત બતાવ્યું છે કે, એમની પ્રાથમીકતા કતલખાના બંધ કરાવવાની, તથા 'એન્ટી રોમીયો' ટુકડીઓ દ્વારા પોલીસને યુવા-પ્રેમીઓની પાછળ છુટા મુકી દેવાની છે. જો એમણે સૌ પ્રથમ પોલીસ ખાતામાંથી ભ્રષ્ટાચાર સાફ કર્યો હોત તો એમના લક્ષ્ય સુધી પહોંચવામાં એ મદદરુપ થાત. પણ અત્યારે તો એમની પ્રાથમીકતાએ ભ્રષ્ટાચાર વધાર્યો છે. 'ઈન્ડીયા ટુડે'ના ખબરપત્રીઓએ હાલમાં જ ઉત્તર પ્રદેશની પોલીસની કબુલાત 'રીકોર્ડ' કરી છે, જેમાં, નવી સત્તાનો ઉપયોગ પોતે ખોટી ધરપકડો કરીને પૈસા બનાવવામાં કરતા હોવાનું પોલીસે કહ્યું છે.

વડાપ્રધાનનું ધ્યાન એ વાત પર ગયું છે ખરું કે એમણે કાળજીથી પસંદ કરેલા આ મુખ્યમંત્રી એમના 'પરીવર્તન' અને 'વીકાસ'વાળા વાયદાઓથી સજ્જડ રીતે દુર જઈ રહ્યા છે ? એમને એ બાબતની જાણ છે ખરી કે, ખુદ એમની કેબીનેટના મંત્રીઓએ છેલ્લા ત્રણ વર્ષમાં બદલાવ કે વીકાસને નામે કશું કરી બતાવ્યું નથી ? દંભી રહેવાનું એમને કોઈ કારણ નથી, છતાં એ સૌ એટલાં દંભી છે કે, એમાંના કોઈની પણ સાથે અચાનક મેળાપ થઈ જાય છે ત્યારે મને લાગ્યા વગર રહેતું નથી કે આગલી સરકારના જવા પછીયે કાંઈ જ બદલાયું નથી.

આ પ્રધાનો જ્યાં જાય છે ત્યાં પોતાના VIP હોદ્દાનો રોફ મારે છે. અને દુ:ખદ સત્ય તો એ છે કે, કોંગ્રેસી પ્રધાનો કરતાં પણ આ બધા અસહ્ય છે, કેમકે નવી નવી સત્તા હાથ લાગી છે. આથી પોતાને મળેલા નવા સ્થાનમાં એ સૌ વીના શરમે મોજ કરતાં છાતી કાઢીને દુનીયામાં ફરે છે. આમાંનાં મોટા ભાગનાં પ્રધાનોએ આગલી સરકારની ખોટી નીતીઓને આગળ ધપાવવા સીવાય બીજું કાંઈ જ કર્યું નથી.

રાઈટ ટુ એજ્યુકેશન (RTE)ના કાયદાએ અધીકારીઓને ફક્ત ખાનગી શાળાઓમાં દખલગીરી કરવાની

*દુ:ખ સાથે સ્વીકારવું પડે છે કે, આપણા વીરોધપક્ષોની દેખાતી ખરાબ હાલતને કારણે જ મોદી સરકાર પોતાના ભવીષ્ય અંગે સ્વસ્થ છે, આત્મસંતુષ્ટ છે.*

સત્તા આપી છે, જ્યારે સરકારી શાળાઓને સુધારવા માટે કાંઈ જ થયું નથી, છતાં આ કાયદો પોતાની જગાએ ચાલુ છે. સરકારી બાબુઓમાં અહંકાર એટલો વ્યાપક છે કે, જ્યારે જ્યારે હું કોઈપણ સરકારી કચેરીમાં જઉં છું ત્યારે એ અહંકાર મને કચડી નાખે છે.

અન્ય દેશોમાં જાહેર હોદ્દા ધરાવનારાઓ સેક્રેટરી, પટાવાળાને નોકરોના કાફલાથી પોતાને ઘેરેલા રાખતા નથી, પ્રવાસમાં પોતાની સાથે ગાડીઓની વણઝાર દોડાવતા નથી, કે નથી ટેક્ષ ભરનારને પૈસે આલીશાન બંગલાઓમાં રહેતા. આપણા પ્રધાનો જે જાતના વીશાળ ભવનોમાં રહે છે એવા તો મુઠ્ઠીભર અબજોપતી ભારતીયોને જ પોસાય. આમાં બદલાવ જરુરી એટલે છે કે, આ વસ્તુ અનીવાર્યપણે દંભ અને આત્મસંતુષ્ટીને લલચાવે છે.

એ વાત સાચી કે વડાપ્રધાનની અંગત લોકપ્રીયતા ઓછી નથી થઈ. પણ એ સ્થીતી આપણાં વીરોધ પક્ષના નેતાઓને આભારી છે, જેઓ નવા વીચારો પ્રત્યે બીલકુલ ઉદાસ દેખાય છે. રાહુલ ગાંધી અત્યારે સૌથી મહત્ત્વના વીરોધી નેતા છે, પણ આપણા સૌથી જુના પક્ષની અસાધારણ પડતી માટેના કારણો બનેલી જે જાતની વાતો ત્યારે એમણે કહી, એ જ આજે પણ એ બોલે છે. 2014ની સામાન્ય ચુંટણી માટે લખાયા હોય એવા ભાષણો રાહુલ કરે છે. મોદી સરકારની કોઈપણ ભુલ એમને દેખાતી નથી જેને કોંગ્રેસ પક્ષ મુદ્દો બનાવી શકે ? માંડસૌર અને સહરાનપુરની મુલાકાતો કરતાં એ વધુ અગત્યનું છે.

દુ:ખ સાથે સ્વીકારવું પડે છે કે, આપણા વીરોધપક્ષોની દેખાતી ખરાબ હાલતને કારણે જ મોદી સરકાર પોતાના ભવીષ્ય અંગે સ્વસ્થ છે, આત્મસંતુષ્ટ છે.

પણ એ યાદ રાખવું જરુરી છે કે, રાજકીય સત્તાની ટોચે પહોંચ્યા પછી દંભથી વધુ ખતરનાક કાંઈ નથી. એ દંભ હંમેશા હકીકતની ખોટી રજુઆત કરે છે, અને મુળ બદલાવને રોકવામાં સફળ રહે છે.

[તવલીન સીંઘના અંગ્રેજી લેખને આધારે : મંજરી મેઘાણી]

*

# જાપાનનો કાર્ય-પ્રેમ

સુંદરતા સૌને ગમે છે. સુંદરતા આપણામાં ઉત્સાહ રેડે છે, આપણને ઉન્નત કરે છે. સુંદરતાનો અનુભવ કંટાળાને વીખેરી નાખે છે. આથી દરેક જણ સુંદર વસ્તુ જોવાની આકાંક્ષા રાખે છે. શરદ રુતુની રાતે ભુરા આકાશની ભવ્યતા અને તારલીયાંનો ભવ્ય ચળકાટ માણસને ગુઢ શાંતીનો અનુભવ કરાવે છે. સુંદરતાના એવા અનુભવો જીવનને હેતુ અને અર્થ આપે છે.

કંઈક સુંદર વસ્તુની રચના કરવી એ કાયમી આનંદનો અનુભવ છે. ચીત્રકાર, કવી કે સંગીતકાર જેવા કલાકારો એમની રચનાત્મક પ્રવૃત્તીમાંથી આનંદ મેળવે છે. કારીગરી દરેકમાં જન્મજાત હોય છે. રોજીંદા જીવનનાં નાનાં કાર્યો પણ સુંદર રીતે થઈ શકે છે.

જાપાનની પ્રજા પુર્ણતા, સ્વચ્છતા અને સુંદરતા માટેની ભારે આગ્રહી છે. જાપાન સુંદરતાથી ઉભરાતો દેશ છે. ત્યાં સ્વચ્છતા એની ટોચે છે. જેપનીઝ લોકોમાં સૌંદર્યની કદરનો મોટો ગુણ છે. એ પ્રજા જેને સ્પર્શ કરે, તેને સુંદર કરે, સુશોભીત કરે, શણગારે. અરે, કચરો પણ એ લોકો સુંદર રીતે પેક કરે ! જાપાનના એક કારખાનાની પાછળ કચરાનો ઢગ હતો, પણ એ ખડકાયેલો નહોતો - કચરાને ખોખામાં ભરીને એ ખોખાઓને પીરામીડના આકારમાં ગોઠવી, છુટો કચરો એની ટોચ પર એવી કલાત્મક રીતે મુકેલો, જેથી દૃશ્ય સુંદર લાગે !

જાપાને ગરીબી દુર કરી છે, એટલું જ નહીં, દુનીયાના સૌથી ધનાઢ્ય દેશોમાંનો એ એક છે. વીશ્વના ઈતીહાસમાં જાપાન જેવી આર્થીક પ્રગતી કોઈ દેશે કરી નથી. આ આશ્ચર્યજનક સીદ્ધી પાછળના અનેક કારણોમાંનું એક છે, જેપનીઝ પ્રજાનો કામ પ્રત્યેનો પ્રેમ. દુનીયાભરમાં કર્મચારીઓ, મજુરો પોતાના કામને તીરસ્કારે છે, પોતાના મેનેજરો, સુપરવાઈઝરો પ્રત્યે મનમાં ચીડ રાખે છે, પોતાના કામ પ્રત્યે સાચો ઉત્સાહ એ સૌ બહુ ઓછો ધરાવે છે. આથી ઉલટું, જેપનીઝ લોકો પોતાની કંપનીને પ્રેમ કરે છે, મેનેજમેન્ટ પ્રત્યે સન્માન ધરાવે છે, અને પોતાના કામને ઉત્તમ બનાવવા મથતા રહે છે. જેપનીઝ લોકોનો કામ પ્રત્યેનો પ્રેમ કેવી રીતે વીકસ્યો, અને કઈ રીતે સતત વધતો ને મજબુત બનતો રહ્યો છે એ જાણવું જરુરી છે.

જેપનીઝ લોકો બહુ જ ઉંડી ધાર્મીક વૃત્તી ધરાવનાર પ્રજા નથી, પરંતુ અન્યોથી થોડા ઉંચા ઉઠવું, એ એમનો મુખ્ય શોખ છે. એમનાં જીવન પર બૌદ્ધ ધર્મની તીવ્ર અસર છે. બૌદ્ધ ધર્મમાં કામની પદ્ધતી ત્રણ ભાગમાં વહેંચાયેલી છે : 1. મનુષ્ય ખુદ પોતાનો વીકાસ કરે, 2. દરેક મનુષ્ય કાર્ય દ્વારા પોતાની જાતને સમાજ સાથે જોડે છે, આથી બીજાને મદદ કરવાની ફરજ એ સમજે, અને એ દ્વારા પોતાની એ જન્મજાત સામાજીક વૃત્તીને સંતોષે, 3. મનુષ્ય અર્થપુર્ણ જીવન માટે જરુરી વસ્તુઓનું ઉત્પાદન કરે અને ઉત્તમ રીતે કાર્ય કરે. અર્થપુર્ણ કાર્યની આસપાસ ગોઠવાયેલા રહેવું માનવજીવન માટે જરુરી છે.

ઝેન બૌદ્ધ ધર્મે આ વીચારોને વધુ સુંદર બનાવ્યા છે. એ કહે છે કે, દરેક કાર્ય પવીત્ર છે, દરેક કાર્ય મહત્ત્વનું છે. 'તમે ભોજન કર્યું, તો તમારી થાળી પણ ધોઈ નાખશો.' ઝેનનો બીજો જાણીતો સીદ્ધાંત છે : 'જે દીવસે કામ ન થાય, એ દીવસે ભોજન પણ નહીં.' ઝેન ફીલસુફીમાં શીક્ષણનો હેતુ માનવી એવા જીવન દરમ્યાન સતત સુધરતો રહે એ છે. પુર્ણતા માટે માણસે જીવનના અંત સુધી મથતાં રહેવું જરુરી છે.

જાપાનમાં ઉચ્ચ અધીકારીઓ સહીતના કાર્યકરો માટે ટ્રેઈનીંગ એ જીવનભરની ટ્રેઈનીંગ હોય છે. દરેક કારખાનામાં અઠવાડીક ટ્રેઈનીંગનો કાર્યક્રમ હોય છે. એમાં વીવીધ પ્રકારની ટ્રેઈનીંગ હોય છે. ટ્રેઈનીંગમાં કરાતું રોકાણ ખુબ કીમતી ગણાય છે. નવી જાણકારી અને આવડત વીકસાવવાની વૃત્તીનો એ વીકાસ કરે છે. રોજીંદા કાર્યમાં આવતા કંટાળાને એ ભગાડે છે. જેપનીઝ કર્મચારી પોતાના કામને પડકારરુપે જુવે છે એથી એમાં એનો પુરો રસ જળવાઈ રહે છે.

કર્મચારીઓનો વહીવટ એ જાપાનમાં સૌથી અગત્યનું સંચાલન ગણાય છે. મોટી સંસ્થાઓ, સંગઠનો પોતાના કર્મચારીઓને આજીવન નોકરીની ખાતરી આપે છે, તથા એમની સુખાકારી કાજે શક્ય તેટલી વધુ સંભાળ રાખે છે. કાયમી નોકરીની ખાતરી પછી કર્મચારીઓ પણ કંપનીને સમર્પીત રહે છે, સંચાલકોને સહકાર આપે છે, તથા ટેક્નોલોજીકલ ફેરફારો માટે તૈયાર રહે છે. કર્મચારીઓ ઉત્પાદનને ધીમું પડવા દેતા નથી. જેપનીઝ કર્મચારીઓ એવી કંપની પસંદ કરે છે જે માનવીય લાગણીઓ વીશે સમૃદ્ધ હોય.

જેપનીઝ સંચાલકો કર્મચારીના કલ્યાણ માટે પુરતો ખર્ચ કરે છે, અને કામમાં એમનો રસ જળવાઈ રહે એ માટે

વીવીધ પગલાંઓ અંગે વીચારતા રહે છે. કંપની કર્મચારીઓને અનેક જવાબદારીઓ સોંપે છે. કેટલાંક કારખાનાઓમાં તો પોતાને બીજે દીવસે જે પાર્ટ્સની જરુર પડવાની હોય એનો ઓર્ડર કર્મચારીઓ પોતે જ સીધો મુકી શકે છે. તૈયાર થયેલ માલની ચકાસણી કર્યા પછી કર્મચારી એક કાર્ડ પર પોતાના ફોટા સાથે સહી કરે છે. કાર્ડની પાછળ લખેલું હોય છે : આ માલ આપને માટે મેં તપાસ્યો છે, અને મને ખાત્રી છે કે એ બરાબર કામ આપશે. પણ એવું ન થાય તો આ કાર્ડ ટપાલમાં નાંખશો.

દેશની આર્થીક વ્યવસ્થા વીશે સૌ કર્મચારીઓ જાણકારી રાખે છે. એમને ખબર છે કે એમના દેશ પાસે કુદરતી સંપત્તી નથી, અને એમણે નીકાસ પર જીવવાનું છે. દેશમાં બનેલો માલ નીકાસ કરીને અન્ય વસ્તુઓ આયાત કરી શકાય, એ વાતથી વાકેફ આ કર્મચારીઓ માલની ગુણવત્તા સુધારતા રહેવાની જરુરીયાત ખુબ સમજે છે. અને એમના આ અભીગમને કારણે એમને મોટા પ્રમાણમાં લાભ મળ્યો છે. તેમના પગારની સરખામણી અમેરીકન કર્મચારીઓ સાથે થાય છે.

જાપાન દુનીયાના સૌથી સમતાવાદી લોકશાહી દેશોમાંનો એક છે. ત્યાં લઘુતમ અને મહત્તમ પગારનું પ્રમાણ 1:7.5નું છે. અમેરીકા કે પશ્ચીમ યુરોપમાં એ પ્રમાણ 1:40 કે 50 છે. જેપનીઝ કર્મચારીઓને એમના સંચાલકોમાં પુરતો વીશ્વાસ હોય છે. એમને ખાત્રી હોય છે કે કંપની જે નફો કરશે તે સમાન રીતે વહેંચવામાં આવશે.

જાપાનમાં એક સામાજીક ક્રાંતી થઈ છે. ત્યાં મજુર અને કારકુન વચ્ચેનો ભેદ નાબુદ થયો છે. બધાંનાં કામનાં કલાકો સરખા છે, સૌના ‘યુનીફોર્મ’ સરખા છે, સૌની એક જ કેન્ટીન છે, તથા અન્ય સગવડો પણ સરખી જ છે.

ઘરનાં સભ્યો પણ ઓફીસના કામને ઘણું મહત્ત્વ આપે છે. રજાને દીવસે જો પતીને કામ માટે બોલાવાય, તો પત્નીને ગર્વ થાય છે કે એમનો પતી કંપની માટે અતી જરુરી છે. સામાન્ય રીતે ટ્રેડ યુનીયનો ઉત્પાદન પ્રત્યે કોઈ ખાસ રસ બતાવતા હોતા નથી. પરંતુ જાપાનના યુનીયનો એ વાત બરાબર સમજી ગયા છે કે કર્મચારીઓનાં પગાર તો જ વધી શકે જો ઉત્પાદનમાં સતત સુધારો થતો રહે. વ્યક્તી-સ્વાતંત્ર્ય તથા હકો કરતાં એ યુનીયનો એકતા, કાર્યક્ષમતા તથા વ્યવસ્થાને ઘણું વધુ મહત્ત્વ આપે છે.

એક રસપ્રદ કીસ્સો જાણવા જેવો છે. જાપાનમાં એક અમેરીકનની માલીકીની કંપનીના કર્મચારીઓ એક દીવસની હડતાલ પર ઉતર્યા. બીજે દીવસે એ સૌએ બમણી તાકાતથી કામ કર્યું, અને ઉત્પાદનની ખોટ સરભર કરી દીધી. અમેરીકન માલીક તો કર્મચારીઓના આ વીચીત્ર વર્તનથી ગુંચવણમાં પડી ગયો. કર્મચારીઓએ એને સમજાવ્યું કે, ‘અમારી મુશ્કેલીઓ તરફ આપનું ધ્યાન દોરવાનો જ અમારી હડતાલનો હેતુ હતો. ઉત્પાદનને અમારે અસર પહોંચાડવી નહોતી.’

આગળ વાંચ્યું તેમ, જેપનીઝ લોકો જેને સ્પર્શે તેને સુંદર બનાવે છે. જાપાનની ‘ચા-વીધી’ તેની સુરુચી અને ખુબસુરતી માટે પ્રખ્યાત છે. કામના દબાણની વચ્ચે આ ‘ચા-વીધી’ દ્વારા હળવાશની પળો મળતી હોવાનું મનાય છે. જેપનીઝ લોકો દૃઢપણે માને છે કે સુંદરતા સદા જુસ્સો અને ઉત્સાહ વધારનારી છે.

જેપનીઝ લોકોને જેમ ખુબ મહેનત કરવી ગમે છે એમ રમવું પણ ખુબ ગમે છે. એ લોકો રમતગમત તથા સાંસ્કૃતીક પ્રવૃત્તીઓમાં ઉંડો રસ ધરાવે છે. આને કારણે એ પ્રજા નવા વીચારોને આવકારે છે, કામ પ્રત્યેનો એમનો ઉત્સાહ કદી ઘટતો નથી. લોકો જરુર પુરતો આરામ કરી લે છે. જેપનીઝ પ્રજા સાચે જ સુખી અને તંદુરસ્ત છે. એમની આવરદા દુનીયામાં કદાચ સૌથી લાંબી છે.

કોઈ પણ દેશના કાર્ય અંગેના સીદ્ધાંતો તેના અર્થતંત્ર અને સંસ્કૃતી પર અગાધ પ્રભાવ પાડે છે.

[‘The Joy of Work' પુસ્તક (લેખક : એસ. એ. સપ્રે) માંથી સાભાર : મંજરી મેઘાણી]

❑

### યશવન્ત મહેતાને ખુબ ખુબ ધન્યવાદ...

ગુજરાતના જાણીતા લેખક અને ‘નયા માર્ગ’ના કટારલેખક યશવન્ત મહેતાએ આજીવન બાળસાહીત્યની સેવા કરી છે. એમનાં બાળસાહીત્ય સહીત 450 ઉપરાંત પુસ્તકો પ્રગટ થઈ ચુક્યાં છે. તેઓ બાળસાહીત્ય અકાદમીના સ્થાપક છે, જેની તાજેતરમાં નોંધણી થઈ ગઈ છે.

યશવન્તભાઈએ બાળસાહીત્યની જે સેવા કરી છે તે બદલ ગુજરાત સાહીત્ય અકાદમી, ગાંધીનગર તરફથી તેમને ‘ગીજુભાઈ બધેકા બાળસાહીત્ય પુરસ્કાર’ આપવાની જાહેરાત થઈ છે. આ પુરસ્કાર પેટે યશવન્તભાઈને રુ. 75000 રોકડા તથા સન્માનપત્ર એનાયત થશે... યશવન્તભાઈને હાર્દીક અભીનંદન !

# રાજ્યની ધાર્મીકતા સાથે વધતી ઘનીષ્ટતા

પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ

બંધારણ અમલમાં આવ્યાને એક દીવસ પુર્વે ડૉ. આંબેડકરે બંધારણ સભામાં પોતાના અંતીમ અને યાદગાર પ્રવચનમાં કહેલ કે બંધારણ સારું છે કે ખરાબ, તેનો આધાર તેનો અમલ કરનારાઓની ઈચ્છા પર છે. બાબાસાહેબની આ અગમવાણી સત્યની નજીક જઈ રહી હોવાનું વર્તમાન માહોલ પરથી જણાય છે. 2014ની ચુંટણી-નગારા વખતે કેટલાક રાજકીય નીરીક્ષકોએ એવી ભીતી પ્રગટ કરેલ કે જો ભાજપ સત્તા પર આપશે તો દેશમાં મનુસ્મૃતીના સીદ્ધાંતો પ્રમાણે શાસન થશે અને દેશને હીંદુ રાષ્ટ્ર તરીકે જાહેર કરવામાં આવશે.

લોકશાહી રાષ્ટ્રમાં દરેક રાજ્યની તેના હરેક નાગરીકને અન્ન, વસ્ત્ર, રહેઠાણ પુરાં પાડવાની ફરજને સર્વોચ્ચ અગ્રતા પ્રદાન કરવાની ફરજ છે. કોઈપણ શહેરની અંદર કે આસપાસ ગંદી ઝુંપડપટ્ટીઓમાં દોઝખ જેવું જીવન ગાળતા સ્ત્રી-પુરુષો, બાળકો તરફ, કમનસીબે રાજ્યની દૃષ્ટી પહોંચતી જ નથી. શહેરોના વધી રહેલ વીસ્તાર અને ઝડપી ઔદ્યોગીકરણનાં પરીણામે આવી વસ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યની અગ્રતાયાદીમાં કુપોષણનીવારણ, ગરીબીનાબુદી, રોગનીવારણ, આવકની વધતી જતી ખાઈ પર નીયંત્રણ, વીદ્યા વીસ્તરણ, કન્યા કેળવણી, સ્વચ્છતા અભીયાન વગેરે વીષયો સ્થાન પામવા જોઈએ તેના બદલે ગાય, સ્માર્ટ સીટી, ડીજીટલ ઈન્ડીયા, કોંગ્રેસમુક્ત ભારત જેવા વીષયો ઉભરી રહ્યા છે. દેશભરમાં ગાયને લઈને મચાવવામાં આવેલ હોબાળો બીનજરુરી હોવા છતાં સહેતુક છે. બંધારણના અનુચ્છેદ 48માં માત્ર ગાયો અને વાછરડાઓની કતલ પર પગલાં લેવા માટેની જોગવાઈ નથી. વાંચકોની શંકાના નીવારણઅર્થે એ જણાવવું જોઈએ કે અનુચ્છેદ 48માં : 1. ખેતી અને ઢોર ઉછેરની આધુનીક અને વૈજ્ઞાનીક ધોરણે વ્યવસ્થા કરવાની, 2. ગાયો અને વાછરડાંઓ અને અન્ય દુધાળાં અને ભારવાહક ઢોરોની ઓલાદ જાળવી રાખવા અને તેની સુધારણા કરવાની અને 3. તેમની કતલ પર પ્રતીબંધ મુકવા માટે પ્રયત્ન કરવાની રાજ્યની ફરજ વીશે જોગવાઈ કરવામાં આવેલ છે.

બંધારણ ભાગ IV રાજ્યનીતીના માર્ગદર્શક સીદ્ધાંતોમાં, પોષણનું સ્તર અને જીવનધોરણ ઉંચું લાવવાની અને જાહેર આરોગ્ય સુધારવાની રાજ્યની ફરજ (અનુ. 47), પર્યાવરણનું રક્ષણ અને સુધારણા, જંગલ તેમજ વન્ય જીવોની સલામતીનું રક્ષણ, (અનુ. 48A), સ્મારકોનું રક્ષણ (અનુ. 49), ન્યાયતંત્રનું કારોબારીથી વીભાજન (અનુ. 50) કરવાની રાજ્યની ફરજ વીશે પણ જોગવાઈ કરવામાં આવેલ છે.

એ જાહેર હકીકત છે કે બાળકો અને પ્રસુતા સ્ત્રીઓમાં કુપોષણ સ્તર વધી રહ્યું છે, જંગલો કપાઈ રહ્યાં છે. દીલ્હી, મુંબઈ અને અમદાવાદ જેવા શહેરોમાં વાયુ પ્રદુષણની સ્થીતી ખતરનાક સ્તરે પહોંચી છે. હાથી, સર્પ, સસલા, પક્ષીઓ, વાઘ વગેરેની ચોરીછુપીથી હત્યા કરાઈ રહી છે, રાષ્ટ્રીય અગત્ય ધરાવતાં અનેક સ્મારકો રેઢા પડ્યાં છે અને ન્યાયતંત્રથી કારોબારીનું વીભાજન કરવાના બદલે રાજ્ય કારોબારીની ન્યાયતંત્ર પર પકડ વધારવા પ્રયત્ન કરી રહેલ છે.

આવાં મહત્ત્વનાં પ્રશ્નો તરફ લક્ષ આપવાના બદલે રાજ્યની ધાર્મીકતા સાથે વધી રહેલ નીકટતા ચીંતાજનક છે. દેશના કોઈ વર્ગને માત્ર ગાયોનાં રક્ષણની ચીંતા કરવી હોય તો તેમને તે અધીકાર છે. પરંતુ કહેવાતા ગૌરક્ષકોનો ઉન્માદ નીર્દોષ લોકોની હત્યા કરવા સુધી દોરી જાય અને રાજ્યની જાણે તેમાં મુકસંમતી હોય તેવી છાપ ઉભી થાય તે કોઈપણ સત્તાધારી પક્ષ માટે અશોભનીય અને વીસંગતીપુર્ણ છે. ગુજરાત રાજ્યમાં જે બનાવ સામે ઠીક ઠીક ઉહાપોહ થયો છે અને સંબંધીત બે પ્રધાનોના રાજીનામાંની માગ પણ ઉઠવા પામી છે તે 10 જુનના રોજ 350 ભુવાઓના પ્રધાનોના સ્વહસ્તે થયેલ સન્માન કાર્યક્રમની પણ અહીં નોંધ લેવી ઘટે છે. ક્યાં ડીજીટલ ઈન્ડીયાનો જોરશોરથી પ્રચાર અને બીજી તરફ ભાજપ તરફથી રાજ્યના બે પ્રધાનોના હસ્તે 350 ભુવાઓનું સન્માન ! કેટલો વીરોધાભાસ ? ગુજરાતનું પડોશી રાજ્ય મહારાષ્ટ્ર ભુવાઓની તમામ પ્રવૃત્તીઓ પર કાયદાથી પ્રતીબંધ મુકી એક પછી એક અનેક ભુવાઓ - તાંત્રીકોને

પકડી જેલ ભેગા કરવા લાગ્યું અને ગુજરાત તેનું સન્માન કરે ? આવા ગુજરાતને શી રીતે પ્રગતીશીલ કહેવાય ?

બંધારણ મુજબ ધર્મનીરપેક્ષતા (Secularism)ની નીતીને ભારત વરેલું છે. રાજ્યની ધર્મ બાબતમાં તટસ્થ રહેવાની ફરજ છે. તેના બદલે રાજ્ય અંધશ્રદ્ધાને પ્રોત્સાહન આપે ત્યારે પ્રધાનોના રાજીનામાની માગણી કરનારાઓને આપણે સમર્થન આપવું જોઈએ. રાજ્યની ધાર્મીકતા સાથે વધી રહેલ નીકટતાનો બીજો પુરાવો બનાસકાંઠા જીલ્લાના પ્રાથમીક શીક્ષણાધીકારીએ, જીલ્લા કલેક્ટરના સંદર્ભનો હવાલો ટાંકી, અંબાજી મંદીર પર ચડાવાનાર સુવર્ણચક્ર માટે (વ્યક્તીગત રૂ. 3000થી ઓછું નહીં) દાન આપવાની શીક્ષકોને જાહેર અપીલ કરેલ છે. ધર્મનીરપેક્ષ રાજ્યમાં કોઈ સત્તાધીકારી કોઈ ધાર્મીક પ્રવૃત્તી માટે દાન ઉઘરાવી શકે નહીં કે કોઈ ધાર્મીક પ્રવૃત્તીનું સમર્થન કરી શકે નહીં. આ મર્યાદા અહીં ઓળંગી જવાઈ છે અને બંધારણની ધર્મનીરપેક્ષ નીતીનો ભંગ થયો છે.

રાજ્યનું દરેક પગલું બંધારણના આદર્શો, નીતી અને જોગવાઈઓના અમલ માટેનું હોવું જોઈએ, તેના ભંગ માટેનું નહીં. વાંચકો નક્કી કરે કે રાજ્યની ધાર્મીકતા સાથે વધતી ઘનીષ્ઠતા બંધારણની ધર્મનીરપેક્ષતાની નીતી સાથે સુસંગત છે કે કેમ !

[પાલનપુર (મો) 93740 18111]

❑

# ટોલ્સ્ટોયનો શીક્ષણ-પ્રયોગ

**કાલીન્દી પરીખ**

વીશ્વ પ્રસીદ્ધ મહાન રશીયન સાહીત્યકાર લીયો ટોલ્સ્ટોય ‘વોર એન્ડ પીસ’, ‘અન્ના કેરેનીના’ જેવી નવલકથાના સર્જક અને મહાન વાર્તાકાર તરીકે સમગ્ર વીશ્વમાં સુપ્રસીદ્ધ છે. પરંતુ ટોલ્સ્ટોય શીક્ષણના નુતન અને મૌલીક પ્રયોગોના પુરસ્કર્તા પણ હતા, જેની બહુ અલ્પજનોને જાણ છે.

ટોલ્સ્ટોયના શીક્ષણ વીષયક ઉમદા અને ગહન ચીંતનના પરીપાકરુપે 1859માં યાસ્તાયા પોલ્યાના (તેમના વતન)માં ખેડુતોના બાળકો માટે સ્કુલ ખોલી હતી. તેમણે આ સ્કુલમાં પોતાને ઉચીત જણાવેલ કાર્યકલાપને ગોઠવ્યો હતો. સ્કુલમાં 3 વર્ગો, 40 વીદ્યાર્થીઓ તથા 4 અધ્યાપકો હતા. 40માંથી 30 વીદ્યાર્થીઓ અને 5-7 વીદ્યાર્થીનીઓનો સમાવેશ હતો. સહુથી વધુ બાળકો 7થી 13 વર્ષની વયજુથના હતાં. 3-4 વયસ્ક વીદ્યાર્થીઓ શીયાળા દરમીયાન આવતા હતાં. પછી સ્કુલ છોડી દેતા હતાં. પ્રત્યેક શીક્ષક દીવસ દરમીયાન 5થી 7 પાઠ/વર્ગો લેતા હતા. શીક્ષણકાર્ય સવારના 9 વાગ્યે શરુ થતું હતું. બપોરે જમવા અને આરામ માટે રજા મળતી હતી. જે બાળકો ઘરે જવા ઈચ્છતા હોય તે ઘરે પણ જઈ શકતા હતા. રીસેસ બાદ 3થી 4 કલાક વર્ગો ચાલતા હતા. શીક્ષકો પોતપોતાના પાઠોનું દૈનીક વીવરણ પણ લખતા હતા. રવીવારે આ વીવરણ એકબીજા સમક્ષ મુકવામાં આવતું હતું અને ત્યારે જ આગામી અઠવાડીયાના શીક્ષણનો કાર્યક્રમ ઘડી લેવામાં આવતો હતો. અલબત્ત, આ કાર્યક્રમનો ચુસ્ત અમલ કરવો જરુરી નહોતો. વીદ્યાર્થીઓની માંગ મુજબ તેમાં પરીવર્તન પણ થતું હતું. કારણ કે કેન્દ્રમાં વીદ્યાર્થીઓ હતાં.

શીક્ષણકાર્ય શીક્ષક અને વીદ્યાર્થી વચ્ચે મુક્ત મને વાતચીતના સ્વરુપે થતું હતું. આ પ્રણાલી દ્વારા વીદ્યાર્થીઓ વાંચન-લેખન, અંકગણીત, ઈશ્વરીય કાનુન, વ્યાકરણ, રશીયન ઈતીહાસ, ભુગોળ અને પ્રકૃતીનું વીજ્ઞાન વગેરે વીષયો શીખતાં હતાં. આ ઉપરાંત તેમને ચીત્રકામ અને ગીત-સંગીત પણ શીખવવામાં આવતાં હતાં.

ટોલ્સ્ટોય વયસ્ક વીદ્યાર્થીઓને ગણીત, ભૌતીકશાસ્ત્ર, ઈતીહાસ અને અન્ય એવા જ કેટલાંક વીષયો ભણાવતા હતા. મુખ્ય વીષય માતૃભાષા હતી. જે કંઈ ભણાવવાનું રહેતું તેને ટોલ્સ્ટોય ઘણું કરીને કીસ્સા-કહાનીના રુપે અથવા તો કલાત્મક સ્વરુપ આપીને ભણાવતાં. નાના બાળકોને પુશ્કીન અને ચેર્શોવની બાળકથાઓનું પુસ્તક આપવામાં આવતું. એક વીદ્યાર્થી મોટેથી વાંચતો અને અન્ય વીદ્યાર્થીઓ પુસ્તકમાં જોઈ તે બરાબર વાંચે છે કે નહીં, તે જોતા. જો કોઈ વીદ્યાર્થી ભુલ કરે તો તરત જ રોકતા. બાળકોને આમાં બહુ જ મજા પડતી. વીદ્યાર્થી પુસ્તક ઘરે પણ લઈ જઈ શકતો. પરીણામે ત્રણ જ અઠવાડીયામાં અપેક્ષાકૃત વધુ સફળતા જોવા મળતી. પઠન વીવીધ સ્તરે કરવામાં આવતું. 1. અધ્યાપક સાથે પઠન, 2. પઠનની પ્રક્રીયા માટે પઠન, 3. કંઠસ્થ કરવા માટે પઠન, 4. આપસમાં મળીને કરવામાં આવતું પઠન અને 5. સમજણપુર્વકનું પઠન - પરંતુ આ બધું નીરંકુશ હતું. વીદ્યાર્થીઓની પસંદગીને

પ્રાથમીકતા આપવામાં આવતી. યાસ્નાયા સ્કુલની શીક્ષણ પદ્ધતીનું સ્વાતંત્ર્ય વીદ્યાર્થીઓમાં સંતોષપ્રદ બની રહેતું. પઠન-પાઠનના વીવીધ પ્રયોગોને કારણે વીદ્યાર્થીઓ રાત્રે પણ મોડે સુધી સ્કુલમાં રોકાઈ રહેતા. કેટલાકને તો ઘરે જવાનું મન જ થતું નહીં.

સ્કુલમાં એક ચીજ એવી છે, જે સુનીશ્ચીત નથી. શીક્ષકના નીયંત્રણની બહાર છે. શીક્ષણશાસ્ત્રથી બીલકુલ અનભીજ્ઞ છે અને સાથે સાથે શીક્ષણનો સાર છે. સફળતાની ચાવી છે - એ છે સ્કુલની ભાવના. શાલેય ભાવના વીદ્યાર્થીઓના રસ-રુચી અને મુક્ત વીચારોને બાધીત કરે તેવી નથી હોતી. શીક્ષકના હસ્તક્ષેપથી વીપરીત બાળકોની આ ભાવના તેમનામાં સંપ્રેષીત થતી હોય છે. યાસ્નાયા સ્કુલના શીક્ષકોનો મુખ્ય સીદ્ધાંત જ આ હતો કે વીદ્યાર્થીઓમાં સ્વાવલંબનની ભાવનાને જગાડી, તેમની સર્જનાત્મકતાના વીકાસને મોકળો માર્ગ આપવો. તે એટલી હદ સુધી કે તેમની સંજ્ઞાનાત્મક સક્રીયતાની વૃદ્ધીમાં સહાયક બની રહે. રશીયન ક્રાંતીકારી ચેર્નીશેવ્સ્કીએ યાસ્નાયાની શીક્ષણ પદ્ધતીની પ્રશંસા કરતા એવી આશા પ્રગટ કરી હતી કે તેનું અનુકરણ અન્ય સ્કુલોમાં કરવામાં આવશે. સરકારી સ્કુલોની તુલનામાં કે જ્યાં બાળકો અનીચ્છાથી, પરાણે ભણે છે; જ્યાં શીક્ષણના નામે દંભ છે. ત્યારે યાસ્નાયાની શીક્ષણ પ્રક્રીયાનું આ પ્રકારનું સંગઠન નીશ્ચયરુપે ઉત્કૃષ્ટ છે જ્યાં બાળકો સહર્ષ પોતાની ઈચ્છાથી આવે છે. અહીં બાળકો મન લગાવીને અભ્યાસ કરે છે. યાસ્નાયા સ્કુલ વીશે ચેર્નીશેવ્સ્કી કહે છે કે ‘બધી જ પ્રાથમીક સ્કુલ આ પ્રકારની હોવી જોઈએ. બાળકોને પુર્ણ સ્વતંત્રતા આપી દેવાની આવી સમજ અને આ સીદ્ધાંતનું આવું અટલ પાલન આપણને યાસ્નાયા પોલ્યાના સ્કુલના સંસ્થાપક સામે નતમસ્તક બનાવી દે છે.’

ખાસ કરીને સરકારી સ્કુલોના શીક્ષકોને યાસ્નાયા પોલ્યાના સ્કુલમાં વ્યવસ્થાના નામે મીંડુ જણાય. વીદ્યાર્થીઓને બેસવા માટેની કોઈ નીશ્ચીત જગ્યા નહીં એટલું જ નહીં જેને જ્યાં બેસવું હોય ત્યાં બેસે. કોઈને સજા કરવાની નહીં. તેમને ગૃહકાર્ય જ આપવામાં આવતું નહીં એટલે આગલા દીવસે શીક્ષકે જે કંઈ ભણાવ્યું હોય તેમાંથી કોઈ સવાલો પણ પુછવામાં આવતા નહીં અર્થાત્ ગોખણપટ્ટીને અહીં કોઈ સ્થાન નહોતું. વીદ્યાર્થીના વ્યક્તીત્વ પર આધારીત શીક્ષણપ્રક્રીયા હોવાથી વીદ્યાર્થી સ્વયં જ કેટલાક નીયમો અને વ્યવસ્થાઓને જરુરી સમજતા હતા. કારણ કે તેના વીના સફળતા જાળવવી અશક્યવત્ જણાતી હતી. યાસ્નાયા સ્કુલની એક વીશેષતા એ હતી કે શીક્ષકો વીદ્યાર્થીઓએ શાળાની બહાર શીખેલા કૌશલ્ય, અનુભવ અને જીવનસંબંધી અર્જીત કરેલા જ્ઞાનને સફળતાની એક આવશ્યક પુર્વશરતના ભાગરુપે જોતા હતા.

યાસ્નાયા સ્કુલના શીક્ષકોનું કાર્ય સામાન્ય સ્કુલની અપેક્ષા એ વધુ કઠીન હતું. સામાન્ય સ્કુલમાં નીશ્ચીત ટાઈમટેબલ (સમય-સારણી) કઠોર શીસ્ત, પુરસ્કાર તથા દંડ વગેરે પરીક્ષા પર આધારીત પાઠ્યક્રમ હોય છે. જ્યારે યાસ્નાયા સ્કુલમાં શીક્ષકોએ શીક્ષણના કાર્યને સર્જકતામાં રુપાંતરીત કરવાનું રહેતું હતું. પોતાની બૌદ્ધીક તેમજ નૈતીક શક્તીઓનો અધીકતમ ઉપયોગ તથા પોતાના પ્રત્યેક વીદ્યાર્થીની વ્યક્તીગત યોગ્યતાનું ધ્યાન રાખવું જરુરી માનવામાં આવતું હતું. ટોલ્સ્ટોય તેનું પ્રત્યક્ષ ઉદાહરણ હતા. યાસ્નાયા સ્કુલના જ એક શીક્ષક માર્કોવ - જેમણે ટોલ્સ્ટોયના સર્જનશીલ એવા અનોખા શૈક્ષણીક ઢંગને નજરે નીહાળ્યા હતા, તેમના પર ટૉલ્સ્ટોયના શૈક્ષણીક સીદ્ધાંતોનો ઉંડો પ્રભાવ હતો. માર્કોવ લખે છે : ‘અમે યાસ્નાયા પોલ્યાના સ્કુલના વીદ્યાર્થીઓની આશ્ચર્યજનક પ્રગતીને નીહાળી રહ્યા હતા. આ વીદ્યાર્થીઓમાં કેટલાક તો ઘેટાં-બકરાં ચરાવવાનું છોડીને સ્કુલમાં આવ્યા હતાં અને થોડાં જ મહીનામાં કોઈ જ ભુલ વીના નીબંધ લખી શકતા હતાં.

શીક્ષણનું કાર્ય આપણે માનીએ છીએ તેનાથી અધીક જટીલ પ્રક્રીયા છે. પ્રત્યેક વીદ્યાર્થીની વયમર્યાદા અને ખુબીઓ પર ધ્યાન આપવાથી પોલાદી અસર થાય છે. બહારથી આવતા શીક્ષણશાસ્ત્રીઓને પણ યાસ્નાયા પોલ્યાના સ્કુલના સીદ્ધાંતો આકૃષ્ટ કરતા હતા. જો કે ટોલ્સ્ટોય જાણતા હતા કે ફક્ત એક જ સ્કુલમાં શીક્ષણપ્રક્રીયા બદલવાથી સમગ્ર રશીયાની શીક્ષણપ્રણાલી બદલી શકાય નહીં. પરંતુ તેઓ યાસ્નાયા સ્કુલને એક પ્રકારની સર્જનાત્મક શોધના રુપમાં જોતા હતા. ટોલ્સ્ટોયે લખ્યું હતું, ‘આવા સહુ કોઈ શીક્ષક અમારા સહયોગી થઈ શકે છે. જે શીક્ષણકાર્યને માત્ર આજીવીકાનું સાધન અથવા બાળકોને ભણાવવાની નોકરી રુપે નહીં, પરંતુ શીક્ષણને વૈજ્ઞાનીક પ્રયોગનું ક્ષેત્ર પણ માને છે. એક વૈજ્ઞાનીક ઢંગ પર શીક્ષણનું કાર્ય ધૈર્ય અને નીષ્ઠા સાથે કરવાથી જ સફળતાના માર્ગે આગળ આવી શકે છે.’

આટલી સુંદર શીક્ષણપ્રક્રીયા પણ અંતે પડી ભાંગી, જેને માટે સમાજની માનસીકતા એટલે કે આપણે જ જવાબદાર નથી શું ?

[સંદર્ભ : **शिक्षा के प्रयोग- टोल्स्टोय** / અમરેલી (મો.) 9429139145]

❑

# મશીનો વધુ કામ કરશે તો માણસો શું કરશે ?

**દીપક સોલીયા**

[**સાર્થક પ્રકાશન** (3, રામવન એપા., 67, નહેરુપાર્ક, દીલીપ ધોળકીયા માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ-380015 : ઈ-મેઈલ : spguj2013@gmail.com)નું પુસ્તક-8માંથી એક લેખ સાભાર પ્રસ્તુત કરીએ છીએ. પુસ્તકનું શીર્ષક છે **'સાર્થક જલસો.'** યુવાપત્રકારો ઉર્વીશ કોઠારી, દીપક સોલીયા અને બીરેન કોઠારીના સંપાદનમાં તે પ્રગટ થાય છે. એક એકથી ચઢીયાતાં આ પુસ્તકોનાં મુખ્ય વીક્રેતા છે 'બુકશેલ્ફ-અમદાવાદ'. www.gujaratibookshelf.com : 144 પેઈજના 8મા પુસ્તકની કીમત છે રુ. 70. 'સાર્થક'ના અન્ય પ્રકાશનો પણ છે... આ લેખના લેખક દીપક સોલીયા જાણીતા પત્રકાર, વીચારક અને નવલકથાકાર છે.]




થોડા દાયકા પહેલાં રણજીત બ્રાન્ડના ગંજીની જાહેરાતનું સુત્ર એવું હતું કે 'રણજીતનાં ગંજી પહેરો'. ટીખળી લોકો એ સુત્ર વીશે કહેતાં કે 'અમે રણજીતનાં ગંજી પહેરીશું તો પછી રણજીત શું પહેરશે ?'

આવો એક અન્ય સવાલ છેલ્લી દોઢેક સદીથી, જ્યારથી યંત્રયુગે જોર પકડ્યું છે ત્યારથી, મશીન અને માણસ વીશે પણ ચર્ચાતો રહ્યો છે. માણસના હાથપગ વતી કામ કરી આપતાં મશીનો ઉપરાંત હવે તો આર્ટીફીશીલ ઈન્ટેલીજન્સની મદદથી માણસના મગજનું (ડ્રાઈવીંગ, કમ્પ્યુટર પ્રોગ્રામીંગ વગેરેનું) કામ પણ મશીન કરી આપે એવી ટૅક્નૉલૉજીની બોલબોલા વધી રહી છે ત્યારે ફરી આ જુનો સવાલ નવા જોર સાથે માથું ઉંચકી રહ્યો છે કે જો મશીનો જ બધું કામ કરી લેશે તો માણસે પોતે કરવાનું શું ?

મંજીરા વગાડવાના ?

અલબત્ત, હકીકત એ જ છે કે આજે વીશ્વ પર મશીનની પકડ એટલી મજબુત છે કે માણસની રોજગારીની દયા ખાઈને મશીનોને અવગણવાનું અત્યારે કોઈ વીચારી પણ શકે તેમ નથી અને છતાં, મશીનપ્રેરીત બેરોજગારીની સમસ્યાના પાણી પગની પાનીએ પહોંચ્યા, ઢીંચણે પહોંચ્યા, કમરે પહોંચ્યા, છાતીએ પહોંચ્યા... એ તમામ તબક્કે એ વીશે ચીંતાઓ વ્યક્ત થઈ હોય તો પછી જ્યારે હવે પાણી ગળા સુધી પહોંચ્યા છે ત્યારે એવો અવાજ તો ઉઠવાનો જ કે પાણી દાઢી-હોઠ-નાક સુધી પહોંચે એને ઝાઝી વાર નથી.

આ વાત સાથે સહમત થવું કે ન થવું એ હું તમારા પર છોડું છું. તમે જજ છો. મારી ભુમીકા ફક્ત માહીતી-વીશ્લેષણ આપનાર રજુઆતકર્તાની છે. ઑકે, તો આ મુદ્દાની ચર્ચાનો આરંભ કેટલાક સમાચારોથી કરીએ. ગયા નવેમ્બરમાં ભારતની સૌથી મોટી એન્જીનીયરીંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની એલએન્ડટીએ જાહેર કર્યું કે ગયા વર્ષના છ મહીનાના ગાળામાં કંપનીએ 14,000 કર્મચારીઓને એટલે કે કુલ 11.2 ટકા સ્ટાફને છુટો કર્યો. એક આખી દેના બેંકનો કુલ સ્ટાફ લગભગ 14,000 જેટલો છે. જાણે આખી બેંક જ બંધ થઈ જાય અને એના બધા જ માણસો અચાનક બેકાર બની જાય એવો આ મામલો છે.

14,000 તો કંઈ નથી. હાલમાં વોડાફોન-આઈડીયા તથા ઍરટેલ-ટેલીનોરનાં જોડાણોના સમાચાર ગાજ્યા ત્યારે જીએસએમ (ગ્લોબલ સીસ્ટમ ફૉર મોબાઈલ કમ્યુનીકેશન્સ)ના સત્તાવાર ઍસોસીયેશન જીએસએમએનું એવું તારણ ગાજ્યું કે ભારતના ટેલીકોમ સેક્ટરમાંથી જે 22 લાખ લોકો સીધી અને 18 લાખ લોકો આડકતરી રોજી રળે છે એ કુલ 40 લાખમાંથી ત્રીજા ભાગના લોકો મર્જર અને કોન્સોલીડેશન જેવાં કારણોસર નોકરીઓ ગુમાવી શકે તેમ છે. એકદમ કસીને અંદાજ બાંધીએ તો પણ આનો અર્થ એવો થયો કે ઓછામાં ઓછી દસેક લાખ નોકરીઓ ખતરામાં છે.

14,000 અને દસ લાખ... આ આંકડા વાંચવાથી પુરી વાસ્તવીકતા સમજી શકાતી નથી.

જેમ હૃદયરોગ, કૅન્સર, ઉગ્રવાદી હુમલા, માર્ગ અકસ્માત વગેરે જેવાં કારણોસર કેટલા લોકો મૃત્યુ પામે છે

એ વીશેની ચર્ચાઓમાં જે આંકડાઓ રજુ થાય છે એ આંકડાઓમાં મૃત્યુનો ધબકાર નથી ઝીલાતો અને આવી ચર્ચામાં મોત ફક્ત એક કોરો, નીર્લેપ આંકડો બની રહે છે, એ જ રીતે નોકરી ગુમાવનાર વ્યક્તીનીની પોતાની તથા તેના પરીવારની વેદનાનું પ્રતીબીંબ બેરોજગારીના આંકડામાં નથી ઝીલાતું. બેકારીના આંકડા ઠંડા હોય છે, જ્યારે કામધંધા વગર, આવક વીના જીવતા પરીવારની પીડા ધગધગતી હોય છે.

અલબત્ત, એલએન્ડટીના નોકરી કાપના પગલા વીશે સત્તાવાર જાહેરાત કરવામાં આવી એ દીવસે શૅરબજારે આ ‘ગુડ ન્યુઝ’ને એટલા ઉમળકાથી વધાવ્યા કે કંપનીના શૅરમાં એક જ દીવસમાં ત્રણ ટકાનો ઉછાળો આવ્યો. હજારો લાખો શૅરબજારકારોને આ સમાચાર શુભ લાગ્યા. સ્વાભાવીક છે કે એલએન્ડટી જેવી મોટી અને મહત્ત્વની કંપની ટાળી શકાય એવો ખર્ચ ટાળીને વધુ નફાકારક બને એ વાત ખુદ કંપની માટે, તેના શૅરધારકો માટે, સમગ્ર શૅરબજાર માટે અને ઈવન આખા દેશના વીકાસ માટે સરવાળે ખુશીપ્રેરક હોઈ શકે, પરંતુ બીજી તરફ માણસો રોજગારી ગુમાવે એ વાત કોઈ રીતે રાજી થઈ શકાય એવી નથી.

સવાલ કોઈનો વાંક કાઢવાનો નથી, મામલો ઉંડાણથી સમજવાનો છે. માટે, આ બે સમાચારોમાં ઉંડા ઉતરીએ.

ટેલીકોમ કંપનીઓના મર્જરનો મામલો સાદો છે કે જ્યારે બે મોટી ટેલીકોમ કંપનીઓ ભેગી થાય ત્યારે તેના નોકરીયાતો, ડીસ્ટ્રીબ્યુટરો, ફ્રેન્ચાઈઝી પાર્ટનરો, રીટેઈલરો, ટાવર-નેટવર્કનું મેન્ટેનન્સ સંભાળનારાઓની બે આખી નોખી ફોજ અલગઅલગ નીભાવવાનું પછી શક્ય નથી હોતું. આવામાં, બે ફોજની એક ફોજ થવાને કારણે, એક જ કામ બે જણ કરે એવો વેડફાટ ટાળવાની ગણતરી સાથે ફોજનું કદ ઘટાડવું પડે એ સમજી શકાય તેવું છે. પણ એલએન્ડટીનો મામલો એટલો સીધોસાદો નથી. એલએન્ડટી તરફથી સ્ટાફ ઘટાડવાના મામલે જે સત્તાવાર કારણો અપાયાં એમાંનું એક કારણ હતું, ઑટોમેશન.

ગુજરાતીલેક્સીકોનની ડીક્શનરીમાં ઑટોમેશન શબ્દનો અર્થ આ પ્રમાણે આપ્યો છે : સ્વસંચાલીત સાધનોનો ઉપયોગ, અગાઉ માણસો પાસેથી લેવાતું હતું એ કામ કરવા યંત્રોનો ઉપયોગ.

અલબત્ત, એલએન્ડટીએ સ્ટાફ ઘટાડવો પડ્યો એ માટે ઑટોમેશન જ એકમાત્ર કારણ નથી, અન્ય કેટલાંક કારણો પણ ઘણાં મહત્ત્વનાં છે. જેમ કે, ગલ્ફના દેશોમાં એલએન્ડટીનો મોટો કારોબાર છે અને ગલ્ફની તાકાતના મુખ્ય આધાર એવા ક્રુડ ઑઈલના ભાવ છેલ્લાં બેએક વર્ષમાં નીચા રહેવાને લીધે ગલ્ફની આર્થીક તાકાત ઘટી છે અને પરીણામે ત્યાં બાંધકામ અને એન્જીનીયરીંગનો એલ એન્ડ ટીનો કારોબાર થોડો ઘટ્યો છે. આમાં કોઈનો વાંક નથી. ક્રુડ ઑઈલના ભાવ અને ગલ્ફના અર્થતંત્ર બાબતે એલએન્ડટી કશું કરી શકે તેમ નથી. આવા, કાબુ બહારના બાહ્ય પરીબળને લીધે જો કંપનીએ અમુક નોકરીઓ ઘટાડવી પડે તે સમજી- સ્વીકારી શકાય તેવી બાબત છે.

આ ઉપરાંત, એક વીશ્લેષણ એવું પણ વાંચ્યું કે એલએન્ડટી કંપની ખર્ચ ઘટાડવા માટે અમુક કામ- પ્રોજેક્ટ્સનું આઉટસોર્સીંગ કરી રહી છે. પોતાની જ ટીમને રોકીને પ્રોજેક્ટ્સ હાથ ધરવાને બદલે એ જ કામ સસ્તા ભાવે કરી આપતી નાની કંપનીઓ અને નાના ઉદ્યોગસાહસીકોને રોકવાનું કંપનીને સસ્તું પડે છે. 2009માં કંપનીએ રૂ. 7670 કરોડનાં કામો સબકોન્ટ્રેક્ટીંગ પર આપેલાં, જ્યારે 2016માં સબકોન્ટ્રેક્ટીંગનો આંકડો વધીને રૂ. 19,565 પર પહોંચ્યો. ટુંકમાં, આ જાયન્ટ કંપની પોતાના સ્ટાફને બદલે બહારની નાની કંપનીઓ - સંસ્થાઓ પાસે સસ્તામાં કામ કરાવવાની નીતી અપનાવી રહી હોવાને લીધે કંપનીના પોતાના કેટલાક માણસો ફાજલ પડ્યા. મતલબ કે જેમ એક તરફ એલએન્ડટી પોતાના માણસોને છુટા કરે છે તેમ બીજી તરફ એલએન્ડટીનું કામ સસ્તામાં કામ કરી આપનાર નાની કંપની એ કામો કરવા માટે અન્ય લોકોને રોજગાર આપે છે.

સરવાળે આ કીસ્સામાં નોકરીનો ‘નાશ’ નથી થઈ રહ્યો, નોકરી કરનાર માણસો બદલાઈ રહ્યા છે. એકનું કામ બીજાના ભાગે જાય છે. મોટી કંપનીનું કામ નાની કંપની પાસે, ઉંચા પગારે કામ કરનારનું કામ ઓછા પગારવાળા પાસે જાય છે. એક કંપનીની નોકરીઓ બીજી કંપની પાસે જાય છે. આથી રાજી થવું કે દુ:ખી ? આ સવાલનો જવાબ આસાન નથી.

છતાં, અહીં થાકવા-અટકવાને બદલે હજુ વધુ ઉંડા ઉતરીએ.

ગલ્ફનું કામ થોડું ઘટ્યું હોવાથી એલએન્ડટી કંપનીનો સમગ્ર કારોબાર ઘટી રહ્યો છે એવું નથી. કંપનીનો કુલ કારોબાર તો વધી જ રહ્યો છે. જે છ મહીનામાં કંપનીએ 14,000 કર્મચારીઓને છુટા કર્યા એ સમયગાળામાં કંપનીનો રેવન્યુ 8.6 ટકા વધીને રૂ. 46,885 કરોડ થયો છે. કંપની પોતાનો રેવન્યુ પાંચ વર્ષમાં સવા ચાર ગણો વધારીને બે લાખ કરોડે પહોંચાડવાની નેમ ધરાવે છે. અહીં સવાલ એ થાય કે જો કંપનીનો કારોબાર પાંચ વર્ષમાં સવા ચાર ગણો વધારવો હોય તો સ્ટાફમાં સતત વધારો કરવો પડે, ઘટાડો નહીં. પણ ના, આજના જમાનામાં માણસો ઘટાડીને પણ કારોબાર વધારી શકાય છે.

આ શક્ય બને છે ટૅક્નૉલૉજી-ઑટોમેશન-મીકેનાઈઝેશન-રોબોટીક્સ-ડીજીટાઈઝેશનને લીધે. આ બધા મોટા મોટા શબ્દોથી ડરશો નહીં. વાત સાવ સાદી છે : માણસોનું કામ મશીન પાસેથી લઈ શકાતું હોય તો પછી માણસોને શા માટે કામે રાખવા ? આ મુદ્દો ફક્ત એલએન્ડટીને જ નહીં, આપણા અંગત જીવનને, પરીવારને, ગામને, શહેરને, રાજ્યને, દેશને તેમજ આખી દુનીયાને મોટા પાયે લાગુ પડે છે.

આપણે ભારતની વાત કરીએ તો, ભારતમાં સૌથી વધુ લોકોને નોકરીઓ આપનાર કંપની - સંસ્થા કઈ છે ? જવાબ છે, ઈન્ડીયન રેલવે, જેમાં 14 લાખ લોકોની ‘ફોજ’ કામ કરે છે. પછી બીજા નંબરે છે ભારતીય ફોજ પોતે, જેની ત્રણ પાંખમાં 13 લાખ ફોજીઓ નોકરી કરે છે. અહીં એક આડવાત : આખા વીશ્વની વાત કરીએ તો સૌથી વધુ લોકોને નોકરીઓ આપનાર પ્રથમ ચાર એમ્પલોયર્સમાંથી બે તો સેનાઓ છે : 1. અમેરીકી સેના, 32 લાખ, 2. ચીનની સેના, 23 લાખ (પછી ત્રીજા ચોથા નંબરે અનુક્રમે વોલમાર્ટ અને મેકડોનાલ્ડ્ઝ છે). ખેર, વીશ્વમાંથી ફરી ભારતમાં પાછા ફરીએ તો, રેલવે અને સેના પછી નોકરીઓ આપવામાં ત્રીજા નંબરે છે ટપાલ ખાતું, 4.66 લાખ કર્મચારીઓ. પછી ચોથા નંબરે સરકારી નહીં, ખાનગી કંપની છે, ટીસીએસ (ટાટા કન્સલ્ટન્સી સર્વીસીસ), જેમાં ત્રણ લાખ નોકરીયાતો છે. પાંચમા નંબરે ફરી સરકારી કંપની છે, સ્ટેટ બૅંક ઑફ ઈન્ડીયા, 2.22 લાખ કર્મચારીઓ. છઠ્ઠા ક્રમે છે, ઈન્ફોસીસ, 1.6 લાખ કર્મચારીઓ. સાતમા નંબરે છે આઈબીએમ ઈન્ડીયા (1.5 લાખ) અને આઠમા નંબરે છે એ કંપની, જેનું જુનું નામ હતું, વેસ્ટર્ન ઈન્ડીયા વેજીટેબલ પ્રોડક્ટસ લીમીટેડ (ન ઓળખી ?). એનું નામ પછી ટુંકાવીને રખાયું, વીપ્રો, આપણા અઝીમ પ્રેમજીની કંપની, જેમાં 1.34 લાખ લોકો કામ કરે છે. અલબત્ત, આ આંકડા સહેજ જુના, 2015ના છે.

આ તો ટોચની આઠ કંપનીઓના કર્મચારીઓની ફોજની વાત થઈ. આખા ભારતની વાત કરીએ તો ગયા વર્ષે ભારતનો કુલ વર્કફોર્સ (કામ કરતા લોકોનો આંકડો) 48.7 કરોડનો હતો. દેશની સવા અબજની વસતીમાંથી લગભગ અડધો અબજ લોકો કામ કરે એ બહુ સારું કહેવાય, પરંતુ યાદ રહે, આ 48.7 કરોડમાં ચાની ટપરી પર કામ કરતો છોટુ પણ આવી જાય અને અંબાણી-અદાણી પણ આવી જાય. ભારતીય વર્કફોર્સમાંના 94 ટકા લોકો અનઓર્ગેનાઈઝ્ડ સેક્ટરમાં કામ કરે છે અને ફક્ત 6 જ ટકા લોકો ઓર્ગેનાઈઝ્ડ સેક્ટરની વ્યવસ્થીત કહી શકાય એવી નોકરીઓ કરે છે.

જેને વ્યવસ્થીત-ઓર્ગેનાઈઝ્ડ ગણવામાં આવે છે એ



ક્ષેત્રમાં પણ સ્થીર-કાયમી નીમણુકો કરતાં હંગામી- અસ્થીર નીમણુકોનું પ્રમાણ ઝડપભેર વધી રહ્યું છે. આ ઉપરાંત, આગળ આપણે વાત કરી તે મુજબ, ઉંચા પગારે કામ કરતા કર્મચારીઓને દુર કરીને, બહારના લોકો પાસેથી (આઉટસોર્સીંગ દ્વારા) ઓછા ખર્ચે કામ કરાવી લેવાનું કંપની માટે વધુ અનુકુળ અને નફાકારક બની રહેતું હોવાને કારણે ઓર્ગેનાઈઝ્ડ સેક્ટરની સ્થાયી નોકરીઓ પર કાપ મુકાવા લાગ્યો છે. આ બંને પડકારો ઓછા હોય તેમ એક ત્રીજો પડકાર આખી દુનીયાને પજવી રહ્યો છે. એ છે, ટૅક્નૉલૉજીને કારણે છીનવાઈ રહેલી રોજગારીનો પડકાર.

અહીં દેશમાં સૌથી વધુ લોકોને નોકરી આપતી દેશની ટોચની આઠ કંપનીઓની યાદીને ફરી યાદ કરવા જેવી છે. એ આઠ કંપનીઓનાં નામો જો તમે ધારીને જોશો તો એમાં ચાર તો સરકારી સંસ્થાઓ (રેલવે, ફોજ, ટપાલખાતું, બેંક) છે, પરંતુ બાકીની ચાર જે ખાનગી કંપનીઓ છે એ ચારેચાર કંપનીઓ ઈન્ફોર્મશન ટૅક્નૉલૉજીને લગતી છે (ટીસીએસ, ઈન્ફોસીસ, આઈબીએમ ઈન્ડીયા અને વીપ્રો). મતલબ કે ટૅક્નૉલૉજીનો બીઝનેસ ધમધમી રહ્યો છે.

માન્યું કે સમાજનો અને દેશનો વીકાસ સાધવા માટે ટૅક્નૉલૉજી આવશ્યક છે. પરંતુ આ જ ટૅક્નૉલૉજીને લીધે રોજગારી ઘટી પણ શકે. જેમકે, એપલ, કીંડલ, નોકીયા, જીયોની, વનપ્લસ, સેમસંગ, પ્લેસ્ટેશન જેવી અનેક વીખ્યાત બ્રાન્ડ્સ માટે એસેમ્બ્લીંગથી માંડીને સ્પેરપાટ્ર્સ પુરાં પાડવા જેવી પ્રવૃત્તીમાં અત્યંત મોટા પાયે સંકળાયેલી ફોક્સકોન નામની જગવીખ્યાત તોતીંગ કંપનીએ આગામી થોડાં વર્ષોમાં પોતાનું 70 ટકા કામ ઑટોમેશન દ્વારા (સાદા શબ્દોમાં કહીએ તો માણસનું કામ રોબોટ દ્વારા) પાર પાડવાનો ઈરાદો જાહેર કર્યો છે.

ફોક્સકોન ચીનની સૌથી મોટી નીકાસકર્તા કંપની જાહેર થઈ ચુકી છે. ભારતમાં પણ ઈલેક્ટ્રૉનીક ઉપકરણોનું ઉત્પાદન શરુ કરવા પાછળ આ કંપની પાંચ અબજ ડૉલર ખર્ચવાની જાહેરાત કરી ચુકી છે. આજની તારીખે આંધ્રમાં આ કંપનીના ચાર પ્લાન્ટ્સ કાર્યરત છે. આ કંપની હવે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સના જોરે માનવરહીત કાર બનાવવાની દીશામાં પણ આગળ ધપી રહી છે. સરવાળે, આ તોતીંગ ફોક્સકોન કંપની અત્યારે લગભગ દસેક લાખ લોકોને રોજગાર આપે છે. તો શું આગામી વર્ષોમાં ફોક્સકોન પોતાના કર્મચારીઓની સંખ્યા દસ લાખમાંથી ઘટાડીને ત્રણ લાખ કરી નાખશે ? સાત લાખ કર્મચારીઓ (70 ટકા ઑટોમેશનને લીધે) બેકાર બનશે ? બીજી કંપનીઓ પણ આ દીશામાં આગળ વધી રહી છે ? ભારતની જોબ માર્કેટ પર ઑટોમેશનનો ક્યારે અને કેટલો પ્રભાવ પડશે ?

આ સવાલોના જવાબ સમજવાની શરુઆત પંખીઓથી કરીએ. આપણાં ગામમાં કબુતર- કાગડા-ચકલાં ઉડે એ એક સ્વાભાવીક દૃશ્ય છે (આમાંની ચકલીઓ આજકાલ અતી મોટાં શહેરોમાં ઓછી જોવા મળી રહી છે), પરંતુ આજથી એકબે દાયકા બાદ આપણા ગામનું આકાશ કાગડા-ચકલી તથા ઈવન ગીધની સાઈઝનાં રમકડાં જેવાં હવાઈયંત્રો એટલે કે ડ્રોનની હડીયાપાટીથી ભરાયેલું જોવા મળે એવી એક કલ્પના કરી જોવા જેવી છે. વાત એમ છે કે જગતમાં માણસને બદલે મશીન પાસેથી કામ લેવાનું ચલણ જે રીતે વધી રહ્યું એ જોતાં લાગે છે કે આગામી વર્ષોમાં આકાશમાં પક્ષી ઓછાં ને ડ્રોન વધુ ઉડતાં હોઈ શકે.

આ ડ્રોન ઉડતાં શા માટે હશે ? જાસુસી માટે ? બૉમ્બ ફેંકવા માટે ? ના, માલની ડીલીવરી માટે. છેલ્લાં થોડાં વર્ષોથી ભણેલાં-શહેરી-જુવાન લોકોમાં ઓનલાઈન ખરીદીનું પ્રમાણ ઘણું વધ્યું છે. એ લોકો ઘરે બેસીને ફોન-લેપટોપ પર ગમતી ચીજવસ્તુઓનાં ઓર્ડર આપે છે અને પછી એક જીવતોજાગતો માણસ ઘરે આવીને વસ્તુ આપી જાય છે. આવી રીતે ઘેરઘેર માલ પહોંચાડવાની નોકરીઓ દેશમાં લાખો જુવાનીયા કરી રહ્યા છે. એમની આ નોકરીઓ પર ડ્રોન-યંત્રો તરાપ મારી શકે તેમ છે. તમે જે કંઈ ઓનલાઈન ખરીદો એ ચીજ લઈને માણસને બદલે નાનકડું ડ્રોન તમારા ઘરે આવશે અને તમારી આંખની કીકી કે આંગળાની છાપ પરથી તમારી ઓળખ પાક્કી કરીને માલ તમને સોંપી દેશે.

આવું થાય તો સારું કે ન થાય તો સારું એવું બધું ઈચ્છવાથી કંઈ વળવાનું નથી. જો માણસ દ્વારા થતી ડીલીવરી કરતાં ડ્રોન-ડીલીવરી વધુ સસ્તી અને સગવડરુપ સાબીત થશે તો આવું થવાનું જ.

જગતમાં રોજગાર બજારનો ખેલ જબરો ચાલી રહ્યો છે. એક તરફ, સૌથી વધુ નોકરીઓ ઈન્ફોર્મેશન એન્ડ

કમ્યુનીકેશન ટૅક્નૉલૉજી (આઈસીટી) સેક્ટરમાં ઑફર થઈ રહી છે અને બીજી તરફ, આ જ સેક્ટરમાં માણસને બદલે રૉબોટ પાસેથી કામ કઈ રીતે લઈ શકાય એ દીશામાં (ઑટોમેશનને લગતું) સંશોધન ખતરનાક ઝડપે આગળ વધી રહ્યું છે.

આવતી કાલની વાત છોડો, નજીકના જ ભુતકાળની વાત કરીએ તો આગળ જેનો ઉલ્લેખ કર્યો તે આઈટીસી સેક્ટરની જાયન્ટ કંપની ફોક્સકોને ગયા મે મહીનામાં ચીનમાં પોતાના 60,000 કર્મચારીઓને છુટા કર્યા તેનું મુળ કારણ હતું, રૉબોટ.

[આગામી અંકે સમાપ્ત]

❑

## જલસો પાડી દે એવું વૈવીધ્યપુર્ણ વાચન : સાર્થક જલસો-8

ગુજરાતી સામયીકોમાં જુદી ભાત પાડનાર છ માસીક 'સાર્થક જલસો'નો આઠમો અંક અનોખી વાચનસામગ્રી ધરાવે છે. અંકની શરુઆત વીખ્યાત હાસ્યલેખક તારક મહેતાની તસવીરયાત્રાથી થાય છે. તારક મહેતાની બાળપણની સૌથી પહેલી તસવીરથી માંડીને તેમના જીવનના અંતીમ તબક્કા સુધીની દુર્લભ તસવીરો દ્વારા ચાર પાનાંમાં તેમના જીવનના વીવીધ પડાવની ઝાંખી કરાવવામાં આવી છે. તારક મહેતાનાં પત્ની ઈન્દુબહેન પાસેથી ઉપલબ્ધ બનેલી આ તસવીરોનું સંકલન બીનીત મોદીએ કર્યું છે.

લેખસામગ્રીની શરુઆત અંગ્રેજી લેખનજગતમાં મોટું નામ ધરાવતા રામચંદ્ર ગુહાથી થાય છે. આઝાદી પછીના ભારતનો અધીકૃત અને સળંગ ઈતીહાસ આલેખતા તેમના પુસ્તક 'ઈન્ડીયા આફ્ટર ગાંધી'માંથી કાશ્મીર વીશેના પ્રકરણનો ઉર્વીશ કોઠારીએ કરેલો અનુવાદ કાશ્મીર વીશેની અનેક અજાણી વીગતો પુરી પાડનારો છે. ગુજરાતી વાચકો માટે આનંદના સમાચાર એ છે કે સાર્થક પ્રકાશને 'ઈન્ડીયા આફ્ટર ગાંધી'ના ગુજરાતી અનુવાદનું કામ ઉપાડ્યું છે. એ દળદાર છતાં ઘણી ઉપયોગી માહીતી-રસાળ શૈલી ધરાવતું પુસ્તક બે ભાગમાં આ વર્ષે પ્રકાશીત થશે, એવું જણાવાયું છે.

વીશ્વભરમાં બેરોજગારીની ચીંતા વધી રહી છે ત્યારે સાર્થક જલસો-8માં તેનાં જુદાં જુદાં પાસાં વીશે ત્રણ તલસ્પર્શી લેખો મુકાયા છે. મશીનો માણસનું કામ છીનવી રહ્યાં છે એ વાસ્તવીકતા વીશે દીપક સોલીયાએ માંડીને વાત કરી છે, તો પાંચ વર્ષથી સ્ટાર્ટ અપ સાથે સંકળાયેલાં આરતી નાયરે તેમાં કેવી તકો અને કેવા પડકારો છે, તેની વાત જાત અનુભવથી લખી છે. અર્થશાસ્ત્રના અધ્યાપક એવા કાર્તીકેય ભટ્ટે શીક્ષણથી બેરોજગારી ઘટે કે વધે, એવો મહત્ત્વનો સવાલ ઉભો કર્યો છે.

'સફારી'ના તંત્રી નગેન્દ્ર વીજયે લખેલી અને અધુરી રહેલી તેમના જીવનની એકમાત્ર મૌલીક નવલકથા એટલે '8 ડાઉન સીક્યોરીટી એક્સપ્રેસ'. નોટબંધીનું કથાવસ્તુ ધરાવતી આ નવલકથાની સર્જનપ્રક્રીયા, તેના પ્લોટ, પાત્રો વગેરે વીશે નગેન્દ્ર વીજયનો ઈન્ટરવ્યુ અને નવલકથાકાર નગેન્દ્ર વીજયની લેખનશૈલીનો ખ્યાલ આપતા નવલકથાના અંશો તેમના ચાહકો માટે આનંદ અને આશ્ચર્યનો સુખદ આંચકો પુરા પાડનારા છે.

વીખ્યાત ફીલ્મ સંગીતકાર સી. રામચંદ્રની મરાઠી આત્મકથા હવે અપ્રાપ્ય છે. તેમાંથી રજુ થયેલા સી. રામચંદ્રની ફીલ્મી કારકીર્દીને લગતા ચુનંદા અંશ કેટલાક રસપ્રદ પ્રસંગોનું બયાન કરે છે. લતા, નુરજહાં, માસ્ટર ભગવાન, સોહરાબ મોદી, એસ. મુખર્જી જેવાં અનેક પાત્રો વીશેના કીસ્સા તેમાં આલેખાયા છે. તો બીરેન કોઠારીએ વીસેક વર્ષ પહેલાં લીધેલી અભીનેતા સુશીલકુમાર અને સંગીતકાર બુલો સી રાનીની મુલાકાતોના સંદર્ભે બન્ને વચ્ચેનો તીવ્ર વીરોધાભાસ છતો કર્યો છે.

જાણીતા ફીલ્મ કટારલેખક સલીલ દલાલે 1970ના દાયકામાં આણંદથી 'આનંદ એક્સપ્રેસ' નામે અખબાર કાઢ્યું હતું. સલીલ દલાલની પ્રખ્યાત કોલમ ફીલ્મની ચીલમની શરુઆત આનંદ એક્સપ્રેસથી થઈ હતી. આ અખબાર નીમીત્તે સલીલે દલાલ સ્થાનીક પત્રકારત્વ અને તે સમયના રાજકીય સામાજીક-પ્રવાહોનું વીસ્તારથી આલેખન કર્યું છે. સાથે તે સમયની કેટલીક તસવીરો પણ છે. તો અત્યાર સુધીના ગુજરાતી શબ્દકોશોમાં કેવી સમસ્યાઓ છે તેનું ચોટદાર વીશ્લેષણ હેમન્ત દવેએ કર્યું છે. આ ઉપરાંત ચંદુ મહેરીયા, પીયુષ પંડ્યા અને નરેશ મકવાણાના ભાવપુર્ણ લેખો અંકમાં સામેલ છે.

આ અંકથી એ પણ જાણવા મળે છે કે પ્રચંડ લોકપ્રીયતા ધરાવતા નવલકથાકાર અશ્વીની ભટ્ટનાં પુસ્તકો હવે પછીથી 'સાર્થક પ્રકાશન' દ્વારા પ્રકાશીત થશે. એવી જ રીતે, ગુજરાતના રાજકારણ અને સમાજકારણમાં લતીફને કારણે કેવી ઉથલપાથલ થઈ, તેનું આલેખન કરતું પત્રકાર પ્રશાંત દયાળનું પુસ્તક પણ ટુંક સમયમાં આવી રહ્યું હોવાની જાહેરાત છે.

144 પાનાં અને રુ. 70ની કીમત ધરાવતો **સાર્થક જલસો**નો અંક સાર્થક પ્રકાશન (મોબાઈલ-વોટ્સએપ 098252 90796) પર ઑર્ડર આપીને મેળવી શકાશે. ❑

# રાષ્ટ્રપતીની ચુંટણીમાંય જાતીવાદ ?

### ડંકેશ ઓઝા

ભારતના નવા રાષ્ટ્રપતીની ઉમેદવારી સંદર્ભે લાંબો સમય રહસ્ય રહ્યું. ચુંટણીપંચે ચુંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો તે પછી પણ થોડો સમય ગયો. આખરે બીહારના રાજ્યપાલ રામનાથ કોવીંદનું નામ જાહેર થયું. તેમની દલીત ઓળખને આગળ કરવામાં આવી. કોંગ્રેસ અને અન્ય વીરોધપક્ષો NDA તરફથી ઉમેદવાર જાહેર થાય તેની પ્રતીક્ષામાં જ રહ્યા. અંતે જગજીવનરામની પુત્રી અને લોકસભાના પુર્વ સ્પીકર મીરાંકુમારનું નામ જાહેર કર્યું. જાહેરાતમાં ઉમેર્યું કે અમારો દલીત ઉમેદવાર ભાજપના દલીત ઉમેદવાર કરતાં વધુ યોગ્યતા ધરાવે છે. પાછળથી જોકે દલીત ઓળખના મુદ્દાને ઢીલો મુકાયો છે.

વોટ્સએપ પર ટીકા થવા માંડી કે દેશના સર્વોચ્ચ વડાની ઉમેદવારી પણ જ્યાં જાતીવાદમાં ચકરાવો લેતી હોય ત્યાં આપણે જાતીવાદનો ખાતમો કેવી રીતે કરી શકવાના ? વાત બીલકુલ સાચી છે. આપણું રાજકારણ જાતીવાદ, કોમવાદ અને પ્રાંતવાદમાં એવું તો રત છે કે મેરીટની કોઈ વીચારણા ક્યાંય થતી હોય એવું વર્તાતું નથી. રાજકારણ સમાજને આવા દુષણોમાં નાખે છે કે પછી દુષીત સમાજમાંથી આવું રાજકારણ પેદા થાય છે એ પ્રશ્ન વીષચક્રનો આકાર લે છે. કોણ પહેલું અને કોણ પછી, કોણ મુળ અને કોણ પરીણામ એ નક્કી કરવાનું મુશ્કેલ બનતું જાય છે. ભાજપના પ્રમુખે તાજેતરમાં ગાંધીજીને 'ચાલક વાણીયો' કહ્યા તે પણ જ્ઞાતીવાદી ટીપ્પણી જ હતી. NDTVના પત્રકાર રવીશકુમાર હમણાં સદ્ભાવના પર્વમાં કહેતા હતા કે બીહારમાં તમે ક્યાંય પણ જાવ અને જે સવાલ પુછાતો રહે છે તે એ છે : 'કૌન જાત હો ?' આપણે ત્યાં પણ પહેલો કે છેલ્લો પ્રશ્ન તો આ જ હોય છે. સમાજવાદી રામમનોહર લોહીયાએ બરાબર કહ્યું હતું : 'જાતિ હૈ, જો જાતી નહીં'.

એકવીસમી સદીમાં એટલે કે ટેક્નોલોજીના આટલા વીકાસ પછી આપણે હજી આ પ્રશ્નમાં જ ગુંચવાયેલા હોઈએ તો પ્રગતી કે વીકાસ વળી કઈ બલાનું નામ છે એ સવાલ આપણી સામે મોં ફાડીને ઉભો રહેવાનો એટલું નક્કી.

ગાંધીજી તો દલીત ન હતા, ઠક્કરબાપા, જુગતરામ કાકા, પરીક્ષીત મજમુદાર કે ઝીણાભાઈ દરજી કોઈ જન્મે દલીત હતા નહીં. સમાજના પ્રશ્નો બધા જાણે છે. જે સંવેદનશીલ માણસોને આ પ્રશ્નો પીડા આપે છે તે લોકો સમાજની આ પીડા દુર કરવા પોતાની રીતે પ્રવૃત્ત બનતા હોય છે. દલીતો જ દલીતોનો પ્રશ્ન ઉકેલે, મહીલાઓ જ મહીલાના પ્રશ્નો ઉકેલે એવી કંઈક વ્યવસ્થા હોદ્દાઓની ફાળવણી વખતે આપણા રાજકીયપક્ષોએ ઉભી કરી દીધી છે. તેની પાછળ સ્વબચાવની માનસીકતા પડેલી હશે. પ્રજા એમને આવીને ન પુછે કે તમે શું કર્યું ? પછી તેઓ કહી શકે કે અમે તો એમનામાંથી જ મંત્રી નક્કી કરેલા, હવે એમને પુછો.

બીજી તરફ, આ વર્ગોમાંથી જેમને આગળ લાવવામાં આવે છે તેઓ ગમે તે કારણસર પોતાનું હીર બતાવવામાં પાછા પડે છે. ક્યાં તો તેમનામાં પ્રશ્નો વીશેની પુરતી દાઝ નથી, સમસ્યાની પુરી સમજણ નથી અથવા તો સમાજની બહુમતીથી વીપરીત વીચારવાની તેમનામાં હીંમત નથી. એ જે હોય તે, પણ સરવાળે 'મીયાં ઠેરના ઠેર' એવો ઘાટ ઉપસી આવે છે.

પશ્ચીમ બંગાળની વડી અદાલતના ન્યાયાધીશ સી. એસ. કર્ણનને અદાલતની અવમાનના બદલ જે કેદની સજા થઈ તે ઐતીહાસીક ઘટનાને પણ દલીત ઘટના તરીકે જોનારા લોકો આજના આપણા સમાજમાં છે. આ તો માત્ર તાજેતરની ઘટનાઓના નીર્દેશો છે. ઈતીહાસ ફંફોસીએ તો ઢગલાબંધ વીગતો નીકળી આવે.

દલીત વીરોધી આંદોલનો આપણા સમાજમાં થાય છે એ વરવી હકીકત છે. પરંતુ આખો સમાજ જ્યાં જ્ઞાતીવાદથી પીડાતો હોય ત્યાં તેનો ઉકેલ કેવી રીતે કરવો એ ગુંચવી નાખતો પ્રશ્ન છે. જ્ઞાતીવાદી મંડળો આજે પણ કામ કરે છે. સમાજની પ્રગતીનો ક્યારેક તે છેદ ઉડાડી મુકે છે. જે કંઈ થોડું ઘણું કામ થયું હોય ત્યાં વળી પાછા પાછોતરાં પગલાં ભરવાનો અવસર ઉભો થાય છે. આઝાદી પછી આ જ્ઞાતી સંગઠનોએ વીકાસનો રાહ અપનાવવો જોઈતો હતો. પણ હજી આપણું જુનવાણી માનસ આપણી બધી પ્રવૃત્તીઓ ઉપર છવાયેલું રહે છે. કંઈક અંશે જ્ઞાતી વીધાયક ભુમીકા અદા કરી શકે તેમ છે. સમાજના વીકાસના કોઈક તબક્કે આવું થયું પણ છે. કોઈપણ સમાજના વીકાસમાં કોઈક તબક્કે ધર્મ અને વર્ણની વીધાયક ભુમીકા રહી છે. પણ તે પછી ભેદભાવો ઓગાળતા જવાની પ્રક્રીયા થઈ નથી. સામાજીક કાર્યકરો હારીથાકીને બેસી ગયા છે એ પણ ઠીક થયું નથી. આઝાદી પુર્વે આ દીશામાં જેટલું કામ થયું તેટલું તે પછી

થયું નથી. ભણેલા ગણેલાઓએ અને પ્રગતીશીલ વીચાર ધરાવનારાઓએ આ મંડળોના સુકાન સંભાળવાની જરુર છે. જ્ઞાતીના વડવાઓએ તેમને તે સોંપવામાં અવરોધક ન બનવાની જરુર છે. જો કે યાદ રહે કે સુધારણાનો માર્ગ એટલો સરળ ક્યારેય હતો નહીં અને ક્યારેય હશે નહીં.

વીશ્વસમુદાય પણ પછી ભારતને એવી સંકુચીત નજરે જ નીહાળતો થઈ ગયો છે. આપણે આપણી જાતને ભલે ઉંચી માનતા હોઈએ પણ બીજા તો આપણને નીચા જ ગણે એવો ઘાટ છે. પુર્વ રાષ્ટ્રપતી કે. આર. નારાયણન જન્મે દલીત હતા. ભારતીય વીદેશી સેવા એટલે કે IFSમાંથી આવતા હતા. વીદ્વાન હતા, નમ્ર હતા, તટસ્થ પણ હતા. વર્ષ 2000માં જ્યારે તેઓ ફ્રાંસની મુલાકાતે ગયેલા ત્યારે ત્યાંના અખબારોએ તેમની દલીત ઓળખને આગળ કરેલી. 'લ મોન્દ' જેવા ત્યાંના અગ્રણી દૈનીકે ભલે તેમની લાંબી મુલાકાત છાપી પરંતુ તેનું શીર્ષક તો એવું જ બાંધ્યું કે 'એક અસ્પૃશ્ય ફ્રાંસના એલીસી રાજમહેલમાં.' વીચાર કરો કે રાષ્ટ્રપતી માટે અંગત રીતે અને આખા દેશ માટે સામુહીક રીતે આ કેટલું નીચાજોણું ગણાય ? વળી, ફ્રાંસ તેના સાંસ્કૃતીક મુલ્યો માટે વીશ્વભરમાં પોંખાય છે ત્યારે આવા શીર્ષક બાંધવાથી ફ્રાંસની સંસ્કૃતી અને સૌજન્ય કેટલાં લજવાયાં ગણાય એ સવાલ પણ પુછાવો જોઈએ.

ડૉ. ઝાકીર હુસેન આપણા ઉપરાષ્ટ્રપતી હતા. કોઈ ઉત્સાહી પ્રજાજન તેમને આ પદે પહોંચવા બદલ અભીનંદન આપવા ગયેલો. એના મનમાં એમ હતું કે એક મુસલમાન આવા ઉચ્ચપદે પહોંચે છે તે આપણા સેક્યુલારીઝમની સફળતા છે. ડૉ. હુસેનને આ નહીં ગમેલું. તેમણે પેલાને ઠપકો આપતાં કહેલું કે, 'હું પહેલાં ભારતીય છું, પછી મુસ્લીમ છું. એક ભારતીય તરીકે તમે મને બીરદાવતા હોવ તો મને તેનો આનંદ થશે.'

આવી ઘટનાઓ આપણે હજી ક્યાં છીએ અને ક્યાં પહોંચવાનું છે એ બન્ને બાબતોનો સ્પષ્ટ નીર્દેશ આપવા પર્યાપ્ત છે. આમ છતાં આપણે હજુ સુધરતા જ નથી અથવા કહો કે સુધરવા માંગતા જ નથી. રાષ્ટ્રપતીપદનાં ઉમેદવારોની જે કંઈ પસંદગી થઈ છે અને જે પ્રકારનો પ્રચાર શરુ થયો છે તે બાબતોએ ફરીથી આપણા આ સામાજીક પ્રશ્નને કેન્દ્રમાં લાવી દીધો છે.

સમજાતું નથી કે આપણું એકવીસમી સદીનું રાજકારણ હજુ સમાજને મધ્યયુગીન સમજીને જ ચાલે છે અને સમાજ પણ પોતે એ કક્ષાએ હોય એવો પ્રતીભાવ આપતો રહે છે. બૌદ્ધીકો અને સુધારકોએ વધુ કામ કરવાની જરુર છે જે રાજકારણ અને સમાજ બન્નેને ઉંચે ઉઠાવે અને મધ્યયુગીન ગર્તામાંથી બહાર કાઢે.

❑

# આ કીસાન આંદોલનોનું ભાવી શું ?

**યશવન્ત મહેતા**

ત્રણ વર્ષ દરમીયાન અને ત્રણ વર્ષને અંતે 'વીકાસ-વીકાસ'નાં ગાણાં ગાનાર કોઈએ ધાર્યું નહીં હોય એવું એવું બનવા લાગ્યું છે. જે દીશામાંથી જોખમી વંટોળ ઉઠવાની આ 'વીકાસપુરુષો'એ કલ્પના પણ નહીં કરી હોય એ દીશામાંથી પડકાર ઉઠી રહ્યો છે અને પ્રસરી રહ્યો છે.

દેશના ખેડુતો વર્તમાન શાસન સામે વીરોધમાં ખડા થઈ રહ્યા છે. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, પંજાબ બધે કીસાનો કેટલીક ફરીયાદો લઈને અને માગણીઓ ઉઠાવીને મેદાને પડી રહ્યા છે. આજકાલ સૌથી ગરમ માહોલ મધ્ય પ્રદેશનો છે. ત્યાં પોતાની ઉપજ બદલ વાજબી દામની માગ કરતા કીસાનો બંદુકોના ખોરાક બની રહ્યા છે. શાસકો એવા ભોળા અથવા જગતને મુર્ખ માનનારા કે કહી દીધું કે જે મર્યા છે તે પોલીસની ગોળીથી નથી મર્યા ! પરંતુ વાસ્તવ એવો દેખીતો હતો, નક્કર હતો, અપરીહાર્ય હતો, કે વળતે દીવસે કબુલ કરવું પડ્યું કે હા, ભાઈ, જે મર્યા તે પોલીસની ગોળીથી મર્યા છે ! લાગે છે કે આ સજ્જનો કેટલાંક સ્લોગનોની અને કોઈકની પ્રવચનપટુતાની મદદથી સત્તા પર આવી ગયા છે. સત્ય સાથે જનતાનાં સુખદુ:ખ સાથે, જનતાની માગો સાથે એમને બહુ સંબંધ નથી. આજે આમ બોલવું અને કાલે તેમ બોલવું અને શું ખાવું, એ બધી અસ્થીરતા પર રાષ્ટ્રભક્તીનું આવરણ ચડાવી રાખવું, એ ક્યાં સુધી જનતાથી ઓઝલ રહેશે, એ સમય કહેશે.

કીસાનોની માગો શી છે ?

તાત્કાલીક માગ દેણાં-માફી અગર દેણાંમાં રાહતની છે. મુળે તો ભારતના કીસાન જેટલો પ્રામાણીક અન્ય કોઈ નથી. એ પોતાનાં જમીન-મકાન તો શું, જાત વેચીનેય દેણાં ચુકવવા તત્પર હોય છે. આ અગાઉનાં શાસનો અને એમની આગળ પ્રગતીશીલ દરખાસ્તો

મુકનાર પ્રગતીશીલ પક્ષોને પ્રતાપે એક પ્રથા તો લગભગ નાબુદ થઈ ગઈ છે તે વેઠ-પ્રથા શું હતી ? દેણું ચુકવવા માટે ખેડુત પોતે નાણાં ધીરનારનો વેઠીયો ગુલામ બની જતો. અરે, એ તો એ, એનાં પત્ની-બાળકો પણ નાણાં ધીરનારનાં ગુલામ બની જતાં. પેલો પછી એમની સાથે ધારે તે વ્યવહાર કરી શકતો. ખેડુત એ સઘળું સહન કરતો અને જાત તોડીને મહેનત કરતો જેથી દેણાં ચુકવી શકાય.

જી, હા, ભારતનો કીસાન આ હદે પ્રામાણીક છે. હવે નાણાં ધીરનાર શરાફ-શાહુકાર- વાણીયાવાળી વાત તો અલ્પ બની ગઈ છે. મુખ્યત્વે ધીરાણ સહકારી બેન્કો કે રાષ્ટ્રીયકૃત બેન્કો દ્વારા આવે છે, જેની મંજુરી શાસન દ્વારા આવે છે. ખેડુત આ ધીરાણ નક્કી થયેલા વ્યાજ સહીત ચુકવી આપતો રહ્યો છે. પરંતુ આજકાલ સાવ અણધારી પરીસ્થીતી નીર્માણ થવા લાગી છે. ક્યારેક ખેતી નીષ્ફળ જાય છે અને દેણું ચુકવવાનાં નાણાં રહેતાં નથી. ક્યાંક પાક તો સારો થાય છે, પરંતુ એનો ભાવ ઘટી જાય છે. ઉપજ જેમ વધારે તેમ ભાવ ઓછા એવું આર્થીક સમીકરણ બનતું જાય છે. કેટલાક અલ્પ આયુવાળાં ઉત્પાદનો, પેરીશેબલ પ્રોડક્ટસ, જેવાં કે ટામેટાં, ડુંગળી, દુધ વગેરેનાં ઉત્પાદન મબલખ થાય ત્યારે જ એના ભાવ ગગડી જાય છે ! કોઈ ખરીદનાર મળતા નથી. જેના ઉત્પાદનમાં કીલો દીઠ પાંચ રુપીયા લાગ્યા હોય એના એક-બે રુપીયા પણ મળતા નથી આપણે વારંવાર અખબારોમાં વાંચીએ છીએ કે ખેડુતોએ હજારો લાખો કીલો ઉત્પાદન રસ્તા પર ફેંકી દીધાં.

આ સ્થીતીથી બચવા માટે અગાઉનાં શાસનોએ ખેત-ઉત્પાદનોની સરકાર દ્વારા ખરીદીની યોજનાઓ ઘડી હતી. એ શાસનોએ જાહેર અન્નવીતરણ વ્યવસ્થા (પબ્લીક ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ) ગોઠવી હતી. જે દ્વારા રાહતદરે ગરીબ વર્ગોને ખેતપેદાશો મળી રહે, અને શાસન દ્વારા ખેતબજારો (મંડીઓ)માંથી ખેતપેદાશોની ખરીદી કરવામાં આવતી. આજે પણ એ વ્યવસ્થા છે તો ખરી જ, પરંતુ એમાં જોઈએ એટલી સક્ષમતા નથી. એટલું જ નહીં, ખેતપેદાશોની પ્રાપ્તી માટે જે ભાવ નીર્ધારીત કરવામાં આવે છે તે ઉત્પાદકોને પોસાય એટલા હોતા નથી. એટલું જ નહીં, શાસકીય સમીતીઓ દ્વારા જે - તે ઉત્પાદન માટે જે ભાવ નીર્ધારીત કરવામાં આવે એથી પણ ઓછે ભાવે ખરીદીઓ કરવામાં આવે છે. મધ્યપ્રદેશમાં તુવેરદાળના નીર્ધારીત ભાવ કરતાં પચીસ-ત્રીસ ટકા ઓછે ભાવે સરકારી ખરીદી થઈ હતી !

ખેત ઉત્પાદનોના પ્રાપ્તીભાવો વીશે દેશના પરમ આદરણીય કૃષીનીષ્ણાત સ્વામીનાથન અને એમની સમીતીએ ઠરાવ્યું હતું કે પ્રાપ્તીભાવ ખેડુતને થયેલા ખર્ચ કરતાં દોઢો એટલે કે પચાસ ટકા વધારે હોવો જોઈએ. સ્વામીનાથન સમીતીની આ ભલામણનો ક્યાંય પણ ક્યારેય પણ અમલ કરવામાં નથી આવતો ! ઉલટાનો, અગાઉ લખ્યું તેમ, ઉત્પાદન ખર્ચ (લાગત) કરતાં ઘણો ઘણો ઓછો ભાવ મળે છે. એટલું જ નહીં, સરકાર જે કાંઈ ઉત્પાદન થાય છે એના વીસેક ટકા માલ જ ખરીદે છે. બાકી ઉત્પાદન વેચવા માટે અનીયંત્રીત નફાખોર દલાલો પર આધાર રહે છે.

એક બાજુ ધીરાણ ચુકવવાની પ્રામાણીક ચીંતા અને બીજી બાજુ ખેતીમાંથી સતત ઘટતું જતું મળતર - એ બે વીપરીત પરીબળો કીસાનને આપઘાત કરવા મજબુર કરે છે. અને... આજે જાણીને આઘાત લાગશે કે ગત કેટલાંક વર્ષોથી પ્રતીવર્ષ 12,000 જેટલા ખેડુતો દેશમાં આપઘાત કરે છે. આવી સ્થીતી બદલ પ્રામાણીક આઘાત કે ચીંતા અનુભવવાને બદલે ક્યારેક કોઈક રાષ્ટ્રભક્ત નેતાશ્રી ઘણાખરા આપઘાત માટે કૌટુંબીક કે આરોગ્યગત કારણો જવાબદાર હોવાનું જાહેર કરે છે. ઘા ઉપર મીઠું ! હકીકત એ છે કે 2014 કરતાં 2015માં કીસાન આપઘાત 42 ટકા વધ્યા હતા.

ખેડુતોની આપદાનું આ એક જ પાસું નથી. ખેતી માટેનાં સાધનોની અછત અને મોંઘારત પણ નડે છે. સીંચાઈને નામે નદીઓ પર બંધો બને છે, પરંતુ એમાંનું ઘણું પાણી ઉદ્યોગોને અપાઈ જાય છે. અરે, જેને જીવનની તદ્દન ફીઝુલ જરુરીયાત ગણીએ તેવાં ઠંડાં પીણાં બનાવવા માટે (ઘણી તો પરદેશી) કંપનીઓને મબલખ પાણી આપી દેવામાં આવે છે. કેરળમાં તો કીસાનોએ ઉગ્ર આંદોલન કરીને આવી એક ફેક્ટરી બંધ કરાવવી પડી છે.

ખેડુતોને અમુક કલાક તો સીંચાઈની મોટરો ચલાવવા માટે વીજળી આપીશું જ, એવાં વચન અપાય છે; પરંતુ હંમેશાં પળાતાં નથી. એવું જ ખાતરો, જંતુનાશકો પરની સબસીડીનું. અને ખેડુતોની પરેશાનીનું એક મોટું કારણ વધતું ઉદ્યોગીકરણ છે. આજકાલ તો જાણે વધુ કારખાના એટલે જ વીકાસ, એવો માહોલ બની ગયો છે. ‘સબકા સાથ, સબકા વીકાસ’માં વચ્ચે શબ્દો અધ્યાહાર હોય એવું પણ કોઈને લાગી શકે - ‘સબ ઉદ્યોગપતીઓંકા સાથ, સબ ઉદ્યોગપતીયોંકા વીકાસ’ !!

ખેર. ખેડુતોને આ બધી મુસીબતોમાંથી ઉગારવાના એક માર્ગ તરીકે દેવાં-માફી કે દેવાં- રાહત હોઈ શકે.

શરુઆત કોંગ્રેસની આગેવાનીવાળી મનમોહનસીંહના નેતૃત્વવાળી યુપીએ સરકારે કરી હતી. એને તો આર્થીક બાબતોની ઉત્તમ આવડત હતી. (એકવીસમી સદીના પ્રથમ દાયકામાં સમગ્ર વીશ્વ મંદીની કટોકટીમાં ફસાયું હતું ત્યારે પણ એ લોકો તો ભારતના અર્થતંત્રને અસર મુક્ત જ નહીં, ગતીશીલ પણ રાખી શક્યા હતા.) પરંતુ આજકાલના સ્લોગન ઘેલા સજ્જનો સામે આ મામલો આવતાં જ બધા અસ્વસ્થ થઈ રહ્યા છે. મુસીબતનાં મુળ સ્લોગનબાજી કરતાં આ સજ્જનોએ ઉભાં કર્યાં. ગત માર્ચની ઉત્તર પ્રદેશની વીધાનસભા માટેની ચુંટણીમાં એમણે સ્લોગન ગજાવ્યું : અમને મત આપો, અમે ખેડુતોનાં છત્રીસ હજાર કરોડનાં દેવાં માફ કરીશું ! ત્યાં ભાજપાને આવાં બધાં વચનો (અને રામમંદીરનું ગાજર તો ખરું જ) બદલ બહુમતી મળી. હવે મુંઝવણ થઈ રહી છે કે આ છત્રીસ હજાર કરોડ રુપીયા કાઢવા ક્યાંથી ?

આટલું ઓછું હોય તેમ, ઉત્તર પ્રદેશના આ સ્લોગને અન્ય રાજ્યોના ખેડુતોને જગાડી મુક્યા છે. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, હરીયાણાના ખેડુતો દેવાં-માફી માગતા રસ્તા પર ઉતરી રહ્યા છે. ખેતીમાં બરકત ન હોવાનું કારણ ધરીને એ બધા ઋણમુક્તી માગી રહ્યા છે. અન્ય રાજ્યોના ખેડુતો પણ જોડાશે. ગુજરાત જેવામાં કેટલાક ખેડુતો સમૃદ્ધ છે, પરંતુ અહીં પણ સીમાંત ખેડુતો છે. દેવાદાર છે. અહીં પણ જુદા જુદા સ્રોતમાંથી આવતા આંકડા અનુસાર પ્રતીવર્ષ પાંચસો-સાતસો ખેડુતો આપઘાત કરે છે. ખેતી-પાકના ન પોસાતા ભાવ ઉપરાંત સીંચાઈના અભાવ સહીત અનેક પ્રશ્નો અહીં પણ છે. વીચાર થાય છે કે જે દીવસે સમગ્ર દેશના કીસાનો કોઈ એક નેતાગીરી હેઠળ એકત્ર થશે તે દીવસે સ્લોગન-શુરા સજ્જનોનું શું થશે !

અલબત્ત, હમણાં જ એક લેખમાં મહારાષ્ટ્રના રાજ્યશાસ્ત્રી સુહાસ પળશીકરે લખ્યું છે તેમ, આજે આવી રાષ્ટ્રવ્યાપી નેતાગીરીનો અભાવ છે. જે એકમાત્ર રાજકીય પક્ષ રાષ્ટ્રસમસ્તમાં હાજરી હોવાનો દાવો કરી શકે તે કોંગ્રેસ પક્ષ એટલો બધો નીર્બળ બની ગયો છે કે એના તરફ નેતાગીરીની અપેક્ષા રાખવી હમણાં તો નકામી છે. એ જ રીતે, ડાબેરી વીચારસરણીવાળાઓ એકબીજાને નબળા પાડતા પાડતા સ્વયં એટલા નીર્બળ બની ગયા છે કે કોઈ રાષ્ટ્રવ્યાપી આગેવાની આપી શકે તેમ લાગતું નથી. બધાં રાજ્યોમાં આંદોલનો ચાલે છે તે સ્થાનીક, નવી, અનુભવરહીત નેતાગીરી હેઠળ, સ્વયંભુ ચાલે છે.

પરંતુ આ તો જે સ્થીતી છે એની વાત થઈ. વીશ્વ ઈતીહાસ જણાવે છે કે જ્યારે કટોકટી ચરમ સીમાએ પહોંચે ત્યારે નેતાગીરી ઉભરી આવતી હોય છે. જ્યારે નંદ વંશના રાજા ધનનંદનો ધનલોભ માઝા વટાવી ગયો ત્યારે એક દાસીનો પુત્ર ચન્દ્રગુપ્ત મૌર્ય આપોઆપ પ્રગટ થયો હતો. એણે ધનલોભી નંદોનો નાશ કરીને મગધથી જુનાગઢ સુધી પ્રતાપી શાસન સ્થાપ્યું હતું.

ઈતીહાસના આવા અનેક દાખલા આપી શકાય. એટલું જ નહીં, આપણી આસપાસ પણ નવી પ્રતાપી નેતાગીરીનો પ્રાદુર્ભાવ થઈ જ રહ્યો છે. બે વર્ષ અગાઉ કોણે ધાર્યું હોત કે વીરમગામનો બાવીસ વર્ષનો છોકરો હાર્દીક પટેલ ગુજરાતની પચીસ વર્ષ જુની સલ્તનતના પાયા ધ્રુજાવશે ? કોણે ધાર્યું હોત કે અલ્પેશ ઠાકોર નામનો અલ્પજ્ઞાત જુવાન લાખોને સક્રીય કરશે ? કોણે ધાર્યું હોત કે જીજ્ઞેશ મેવાણી નામનો લેખક-વકીલ બનવા માગતો જુવાન છેક રાષ્ટ્રીય સ્તરે દલીત-સ્વાભીમાન આંદોલનનો સ્વર બનશે ? કોણે ધાર્યું હોત કે ઉત્તર પ્રદેશનો એક નાનકડો વકીલ ચન્દ્રશેખર આઝાદ દેશના દલીતોનો મુખર અવાજ બનીને શાસકોની ઉંઘ ઉડાડશે ?

કહેવત છે કે ઈતીહાસ પોતાનું પુનરાવર્તન કરતો હોય છે. હીસ્ટરી રીપીટ્સ ઈટસેલ્ફ. તે એ અર્થમાં કે ઈતીહાસ વારંવાર ક્રાન્તીકારીઓને પેદા કરતો હોય છે. સંભવ છે કે ધરતીનું ધાવણ પીને ઉછરેલો કોઈ કીસાનનો બેટો જ આપણે ત્યાં સ્લોગન-શુરાઓની જગાએ જનલક્ષી શાસનનો પુરોધા બને.

yeshwant.1938@gmail.com

❑

## ચીન-યુરોપનું રેલવે નેટવર્ક

ચીન-યુરોપના રેલવે નેટવર્કમાં જોડાયું હોય એવું લંડન 12મું શહેર છે અને બ્રીટન 8મો દેશ છે. ચીન તરફ જનારી આ ગુડ્સ ટ્રેનનો ફાયદો એ છે કે ચીનથી યુરોપ સુધી દરીયાઈ માર્ગ કરતાં પણ સસ્તો માલ પહોંચાડી શકાશે.

વીકાસ કરવો અને વાતો કરવી એ બંનેમાં કેટલો ફરક હોઈ શકે ? ચીન વીકાસ માટે અનીવાર્ય એવી રેલવે લાઈનો બીછાવે છે અને આપણે પુતળાઓ માટે લોખંડનું દાન કરીએ છીએ, વોટ્સએપ પર પુતળા-પ્રોજેક્ટના ગુણગાન ફોરવર્ડ કરીએ છીએ.

[**'આપણું વીચારવલોણું'** : જુલાઈ 2017માંથી સાભાર]

# કટોકટીના પુનર્જન્મ નીમીત્તે...

26 જુન, કટોકટી દીવસ, નાગરીક અધીકારો ઘોર અંધકાર તળે છુપાઈ ગયા એ સમય ભુલી ના શકાય એટલો બીહામણો. દમન સામે પ્રતીકારને અંતે લોકશાહીની પુન:સ્થાપનાનો ઈતીહાસ ગૌરવવંતો છે પરંતુ ગુજરાતની આજ કેવી છે ?

બદલાયેલા સમય અને સંદેશાવ્યવહારનાં અદ્યતન સાધનોના દોરમાં સેન્સરશીપ લાદવી બહુ શક્ય નથી, પ્રત્યક્ષ દમન અઘરું છે ત્યારે સત્તાએ સ્વરુપ બદલ્યું છે. ગુજરાતનો અને હવે દેશનો અનુભવ કહે છે કે, મહત્તમ શાસન પરીપત્ર થકી થાય છે. વીધાનસભા, લોકસભા જેનો ઉદ્દેશ્ય માત્ર ને માત્ર દરેક નીર્ણય પર મહત્તમ ચર્ચા થકી શાસનને ઉત્તમ બનાવવાનો છે એને અંધારામાં રખાય છે. જુરુરી કાયદા પસાર કરવા હોય તો પણ વીરોધપક્ષ ગેરહાજર હોય ત્યારે જ મુકાય છે જેથી ચર્ચા ટાળી શકાય. સામાન્યમાં સામાન્ય સવાલો હોય તોય જનતાને ધરાર ના જ સાંભળવી એવો અભીગમ કાયમી વલણ બન્યો છે. નાછુટકે રેલી, પ્રદર્શન કે ધરણાં યોજવાં હોય તો પોલીસ તંત્ર પરવાનગી આપતું નથી; જેનું કામ કાયદો અને વ્યવસ્થા જાળવવાનું છે એણે પોતાની ભુમીકા નક્કી કરી લીધી છે કે ક્યારે નાગરીકોને બોલવા દેવા, ક્યારે બહાર નીકળવા દેવા, ક્યારે એકઠા થવા દેવા ! ક્યારે ડીટેઈન કરીને છોડી દેવા અને ક્યારે કેસ નોંધીને અદાલતી ચક્કરોમાં અટવાવી દેવા.

એના માટે જરુરી કાનુની જોગવાઈઓ કટોકટી સમર્થક રાજકીય સત્તાધારીઓએ કરી લીધી છે. ચુંટાયેલી ત્રીસ્તરીય પંચાયત રાજ વ્યવસ્થા પૈકી જીલ્લા પંચાયતોના અધીકારો પર સફળતાપુર્વક તરાપ મારી, કોઈએ વીરોધ ના કર્યો.

બીજી તરાપ સીધી સ્થાનીક, ગ્રામ પંચાયતના સ્તરે મારી. એક પરીપત્ર થકી પંચાયતના આર્થીક વહેવારોમાં, ચેક બુકમાં તલાટીની સહી ફરજીયાત કરી. તલાટીની સહી ફરજીયાત કરવા પાછળ આવનારાં પરીણામોની આજે કોઈ કલ્પના નથી કરી શકતું પરંતુ એ અતી ભયંકર હોવાની પુરી સંભાવના છે. આજે તલાટી ચુંટાયેલા સરપંચનો મદદનીશ હતો તે આ પરીપત્રથી સરપંચનો 'સાહેબ' બની ગયો. સરપંચ તલાટીની સહમતી વગર નાનકડું સરખું કામ કરાવે તોય એના ચુકવણાના ચેક પર સહી કરવાની તલાટી ના પાડી શકે. એટલે, દરેક કામ કરતાં પહેલાં સરપંચે તલાટીને વીશ્વાસમાં લેવા જ પડે ! ટુંકમાં 'તલાટીસાહેબ' સહી કરવાની હા પાડે તો કામ કરવાનું નહીંતર કામ રઝળે. સરપંચ ગામના, ગામલોકોએ ચુંટેલા અને તલાટી સરકારે નીયુક્ત કરેલા, મોટેભાગે તાલુકા મથકે વસતા અને અઠવાડીયે માંડ એક-બે વાર ગામમાં આવતા હોય ત્યારે ગામના વહીવટની સ્થીતી કેવી થાય ? તાત્કાલીક કરવાના કામે ગામલોકો તો સરપંચ પાસે ઉઘરાણી કરે, સરપંચ કરી ના શકે અને તલાટી આવે નહીં, અથવા સહી કરવા ના પાડે એવા સંજોગોમાં ગામના સરપંચની સ્થીતીની કલ્પના તો કરી જુઓ ! સરપંચ હોવાનો ફાયદો શો ?

**બીજી તરફ, કેટલાક કાયદાકીય ફેરફારો કર્યા જેમાં -**

સીંચાઈ અધીનીયમ 2013માં -

નહેરની આખી વ્યાખ્યા જ બદલી નાખી. નહેર પર સરકાર પોતે નહેર અધીકારી નીયુક્ત કરે અને નહેર અધીકારીને : નવા કુવા/બોર/ટ્યુબવેલનાં લાયસન્સ આપવા, લાયસન્સ રદ કરવા, નહેર પર પશુ ચરાવવા બદલ, ઘાસ લેવા, બળતણ લેવા, વીના પરવાનગીએ પસાર થવા જેવી બાબતે જનતાને દંડવાની ઘણી વ્યાપક સત્તાઓ આપી દીધી. ગામની તમામ જળસંપત્તી નહેર અધીકારીને હસ્તક કરી દીધી. નહેર અધીકારી મારફતે ગ્રામીણ જનતા પર સીધું રાજ્યનું નીયંત્રણ લાદી દીધું.

**અર્બન ડેવલપમેન્ટ એન્ડ ટાઉન પ્લાનીંગ એક્ટમાં -**

• `સ્થાનીક વીસ્તાર' શબ્દ ઉમેરીને એને એક ગામ કે વીસ્તાર માટે પ્રસ્તુત કરી દીધો.

• ઓથોરીટીની સાથે 'અથવા સરકાર નીયુક્ત અધીકારી' શબ્દ ઉમેરીને આખી ઓથોરીટીની સત્તા માત્ર એક પસંદગીના અધીકારીના હાથમાં મુકી દીધી !

**હવે અમલીકરણમાં થઈ રહેલાં ફેરફારો જોઈએ...**

1. વડાપ્રધાન રાજ્યના મુખ્ય સચીવો સાથે વીડીયો કોન્ફરન્સ કરે છે, 2. રાજ્યના મુખ્ય સચીવ જીલ્લાના કલેક્ટર/જીલ્લા વીકાસ અધીકારીને સુચનાઓ આપે, 3. જીલ્લાના કલેક્ટર/જીલ્લા વીકાસ અધીકારીઓ તાલુકાના મામલતદાર/તાલુકા વીકાસ અધીકારીને સુચના આપે, 4. મામલતદાર / તાલુકા વીકાસ અધીકારી સીધા પંચાયતના તલાટીને સુચના આપે, આમ, વડાપ્રધાન સીધા તલાટી, નહેર અધીકારી કે સ્થાનીક વીસ્તાર સત્તા મંડળના અધીકારી સુધી, મુખ્યમંત્રી, જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતને બાજુએ મુકીને, સીધી સુચનાઓનો અમલ કરાવી શકે એ પ્રકારની વ્યવસ્થા ગોઠવાઈ

છે ! 5. મુખ્યમંત્રી - વીધાનસભા, જીલ્લા પંચાયત અને પ્રમુખ, તાલુકા પંચાયત અને પ્રમુખ, ગ્રામ પંચાયત અને સરપંચ એમ બધા જ ચુંટાયેલા સભ્યો માત્ર શોભાના ગાંઠીયા બનીને રહી જાય છે... એમને પુછે કોણ ? શા માટે પુછે ? એમના અધીકાર જ શું રહ્યા ?

દેશ પ્રતીનીધી લોકશાહી તરફથી પ્રમુખીય લોકશાહી તરફ ચુપચાપ આગળ વધી ગયો અને ચુંટાયેલા પ્રતીનીધીઓ, લોકશાહીના પ્રહરીઓ અને જનતા ગાઢ નીંદ્રામાં છે. એક રીતે કહીએ તો સરમુખત્યારશાહી ભણી વળી ગયો.

આ ગણતરીપુર્વક કરાઈ રહેલા ફેરફારો પ્રતી જનતાનું ધ્યાન ના જાય એટલા માટે ગાયના મુદ્દા ચર્ચાય છે. બદલાયેલા સમયમાં મોટા પાયા પરનાં કોમી તોફાનો થાય તો દુનીયાના ચોકમાં જવાબ આપવો પડે, શરમાવું પડે એટલે જ ગણતરીપુર્વક, જે ચોક્કસ સંદેશો ભયનો પહોંચાડવો છે એ ઠેકાણે પહોંચાડવા માટે સમયાંતરે જુદાં જુદાં રાજ્યોમાં, વીવીધ બહાને લોકો પર જીવલેણ હુમલાઓ થાય છે. આ છુટક છુટક થતા હુમલાઓને ટોળાશાહીમાં ખપાવી દઈ શકાય એમ નથી. એ ચોક્કસ વીચારધારા અને ચોક્કસ ગણતરી સાથે થતા હુમલા છે જેથી બદનામીથી બચીને જ્યાં પહોંચવું છે ત્યાં પહોંચી શકાય. વીશાળ બજારની લાહ્યમાં દુનીયાના દેશો પણ આવા છુટક હુમલાઓને આંતરીક મામલો કહીને હાથ ખંખેરી દઈ શકે, સત્તાપક્ષ એને કાયદો અને વ્યવસ્થા ખાતે ખતવી શકે એટલું ચોકસાઈપુર્વકનું બધું લાગે છે.

લોકોને બોલવાની, બહાર નીકળવાની, વીરોધ પ્રગટ કરવાની કોઈ રીતે પરવાનગી ના આપવી અને જરુર પડે ત્યાં ખુટતો રંગ રાષ્ટ્રવાદનો ઉમેરીને આખી બંધારણીય વ્યવસ્થા કોઈ પણ જાતની ચર્ચા વગર બદલાઈ રહી છે, આખું બંધારણ ફેરવવું શક્ય નથી તેથી બંધારણનું ખોખું અકબંધ રાખી અંદરથી ઉધઈની જેમ કોતરી ખોખલું કરી દેવાય છે જેથી હોબાળા વગર જ સરમુખત્યારશાહીનો માર્ગ મોકળો થઈ શકે !

દેખીતી કટોકટી સામે તો વીરોધપક્ષ, જનતા અને બૌદ્ધીકો સૌ મુખર હતાં પરંતુ નરી નજરે નહીં દેખાતી અઘોષીત કટોકટી માથે બેસી ગઈ છતાં ઘણો મોટો વર્ગ સાવ અજાણ છે. આમાં સૌથી ગંભીર બાબત હોય તો, સત્તા પક્ષની મનમાની / જોહુકમી કરતાં વીરોધ પક્ષનું મૌન વધારે ખતરનાક છે.

**– સાગર રબારી** ❑

# નવું વાચન

***આખરે... આઝાદ !*** *(Free At Last - The Sudbury Vally School by Greenberg) : Daniel Greenberg : ગુજરાતી અનુવાદ @પ્રીતી નાયર, પ્રાપ્તીસ્થાન : Oasis, 'મૈત્રીઘર', 201, શાલીન એપા., 51, હરીભક્તી કોલોની, રેસકોર્સ, વડોદરા- 397007, મુલ્ય : રુ. 200.*




એક અદ્ભુત પુસ્તક છે. સડબરીવેલીની અનોખી દાસ્તાન આલેખી છે. જ્યાં બાળકો ખીલે છે સૌ બંધનોથી મુક્ત. સ્વપ્રેરણા, સ્વનીયમન અને સ્વવીવેચનથી જ શીખવાની પ્રક્રીયા શ્રેષ્ઠ રીતે વીકસી શકે એ સીદ્ધાંત પર રચાયેલી શાળા એવું વાતાવરણ પુરું પાડે છે જેમાં નવી પેઢીને સહકાર, આદર, આશા, આત્મવીશ્વાસ, સર્જનાત્મકતા તેમજ જીવનના નીર્ભેળ આનંદના વાતાવરણમાં મોટા થવાનો અવકાશ મળી રહે છે. જેમાં બાળકો રોજેરોજ પોતાના જીવનને ઘડનારી સ્વતંત્રતા પામે છે અને અન્યને એવી સ્વતંત્રતા અને આદર આપે છે.

1960ના પાછલા દાયકામાં ડેનીયલ ગ્રીનબર્ગ નામના અમેરીકન ભૌતીકશાસ્ત્રી પોતાના બાળકો માટે નજીકમાં શાળા શોધતા હતા. પણ ન શોધી શક્યા. સરખી માનસીકતા ધરાવતા કેટલાક વાલીઓ ભેગા મળ્યા અને મેસેચ્યુસેટ્સના ફ્રાલીંગહામ ખાતે સડબરીવેલી શાળાની સ્થાપના કરી.

આ શાળા એવી શાળા છે જ્યાં કોઈ અભ્યાસક્રમ નથી, વર્ગો નથી, ગ્રેડ પદ્ધતી નથી, ગણવેશ નથી. સમયની પાબંદી દેખાડતો ઘંટ નથી. ચીલાચાલુ સ્કુલોની જેવા કોઈ દૈનીક કાર્યો નથી, મુક્ત ગગનમાં શ્વસતા આ બાળકો પોતાની મેળે રસના વીષયો શોધી લે છે પોતે જ પોતાના ઘડવૈયા બને છે.

ટોલ્સટોયે કલ્પના કરેલી એવી સાચી કેળવણી આપતી આ શાળા છે. આવી શાળા બનાવવા બાળકો તેમજ વાલીઓમાં ઉંડી શ્રદ્ધા હોવી જોઈએ. શીખવા તરફનો અભીગમ આ શાળાનું રસપ્રદ પાસું છે, ગમે તે વયના બાળકો સ્વયં પોતાના ઉપર નીર્ભર હોય છે. માનવસહજ જીજ્ઞાસાથી પ્રેરાઈને અગણીત

પ્રયાસો કરે છે. જરુર પડ્યે સ્ટાફ, સાધનસામગ્રી અને પુસ્તકાલયના સ્રોતનો ઉપયોગ કરી જાણે છે.

લોકશાહી ઢબે ચાલતી આ શાળાનું સંગઠન માળખું વીશીષ્ટ છે. નીયમો, બજેટ, સંચાલન, નીમણુંક કરવામાં અને શીસ્ત જાળવવામાં દરેક વ્યક્તી મત આપી શકે છે. કોઈ સરકારી સહાય વગર આ શાળા ઓછામાં ઓછા ખર્ચમાં ચાલે છે.

શીખનાર વ્યક્તી કોઈપણ દબાણ વગર પોતાને જે તે ગમતા વીષયમાં ડુબાડે છે અને જીવન ઉપયોગી શીક્ષણ મેળવે છે. આ સ્થળ શાળા જેવું ન દેખાય કે અનુભવાય ઘર જેવું વધારે લાગે જેમાં વ્યક્તી હળવી ફુલ થઈને પ્રવૃત્તી કરે.

અહીં વર્ગ એટલે બે પક્ષો વચ્ચેની એક વ્યવસ્થા, જેમણે કશું નક્કી કર્યું હોય છે. બીજગણીત, ફ્રેન્ચ, ભૌતીકશાસ્ત્ર, કુંભારકામ, રસોઈકામ, જોડણી ગમે તે તેઓ જાતે જ કોઈ પુસ્તક કે કોઈ વ્યક્તી કે કોમ્પ્યુટર પ્રોગ્રામ શોધી લે છે. શીક્ષકો માટે વીદ્યાર્થીઓ શું લેવા - શીખવા તત્પર છે તે અગત્યનું છે નહીં કે શીક્ષકની ડીગ્રી કે અનુભવો.

ખંત અને દૃઢતા આપમેળે ખીલતાં આવે છે અને એવા તો કેટલાય ઉદાહરણો છે. રીચાર્ડ, ફ્રેડ જેવાં સંગીતકાર, ચીત્રકારો, કુંભારકામ કરનારાઓ, રસોઈયાઓ, રમતવીરો, રંગભુમી કલાકારો, ફોટોગ્રાફરો, સુથારકામ કરનારાઓ વગેરે. દફનવીધીની વ્યવસ્થા કરનારા ગણીતશાસ્ત્રીઓ અને આવા તો કંઈક આમાંથી નીપજ્યા છે. વાચન, ઘોડેસવારી કરવી, માછલી પકડવી, રસાયણશાસ્ત્ર, રસોઈકામ વગેરેના જીવંત ઉદાહરણ એકદમ હૃદયસ્પર્શી છે.

વયમીશ્રણ એ સડબરીવેલીની લાક્ષણીકતા છે. નાનાં, મોટાં બધાં એક પરીવારની જેમ રહે છે. પરસ્પર શીખવા-શીખવવામાં કુદરતના ખોળામાં વીકસતા રહે છે. સહજતા અને કાળજી સડબરીવેલીના હોલમાર્ક છે, દરેક જગ્યાએ ભરોસો છે. શાળા એક ગામ જેવી છે જ્યાં ભુત- ભવીષ્યના મુક્ત સંબંધોની ગાંઠો બંધાય છે. દરેક જણ ગતીવાન છે, પણ મુળીયાં ઉંડા છે. દસ પંદર વર્ષ પછી સ્નાતકો પાછા આવે છે, હંમેશાં ઘર જેવું જ અનુભવે છે.

પ્રત્યેક વ્યક્તીએ આ પુસ્તક વાંચવા જેવું છે. મુખપૃષ્ઠથી માંડીને અંતીમ પૃષ્ઠ સુધી તમને પકડી રાખે છે.

**- જયશ્રી મહેતા**

***મહાભારતના પ્રસંગો :*** *રતીલાલ બોરીસાગર, પ્રકાશક : ગુર્જર સાહીત્ય ભવન, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-380001, મુલ્ય : રૂ. 250.*




આર્ટપેપર પર રંગીન ચીત્રો સાથે મહાભારતના અગત્યના તમામ પ્રસંગો બાળકો - કીશોરોને રસ પડે એવી શૈલીમાં આ પુસ્તકમાં અપાયાં છે. અહીં નોંધવામાં આવ્યું છે :

‘મહાભારત’ના અનેકાનેક પ્રસંગોમાંથી નીશ્ચીત પાનામાં સમાય એટલા પ્રસંગો પસંદ કરવાનું કાર્ય ખરેખર કપરું હતું. આમ છતાં, એ કપરું કાર્ય પાર પડ્યું એનો આનંદ છે. અલબત્ત, ‘મહાભારત’ની પુરી કથાનો બાળકોને ખ્યાલ આવે એ માટે કથાની માંડણી પ્રારંભથી જ કરી છે અને પછી છેલ્લે ઉત્તરાર્ધ રુપે શેષ કથાસાર પણ આપ્યો છે. બાળકોનો કથારસ જળવાઈ રહે તે રીતે પ્રસંગોની પસંદગી કરી છે.

બાલદોસ્તોને ચોક્કસ ગમે એવું પુસ્તક.

***પ્રતીશ્રુતી :*** *ધ્રુવ ભટ્ટ, (એડીટીંગ : મહેન્દ્ર ચોટલીયા), ગુર્જર પ્રકાશન (સરનામું ઉપર મુજબ), મુલ્ય : રૂ. 225.*




જાણીતા લેખક - કવી ધ્રુવ ભટ્ટે એમના સર્જનો દ્વારા આગવી કેડી કંડારી છે. મહાભારતના પાત્રો વીશે નાનાભાઈ ભટ્ટથી લઈને અનેક લેખકોએ ભીન્ન ભીન્ન અર્થઘટનો સાથે લખ્યું છે. અહીં ભીષ્મ દ્વારા પહેલો પુરુષ એકવચનમાં એમનું જીવન અને કાર્ય અભીવ્યક્તી પામ્યું છે. લેખકે લખ્યું છે :

“ઝાડ તળે કે ઓટલે બેસીને બાળકોને વાર્તાઓ કહેવા માટે મેં ‘મહાભારત’ અનેક વાર વાંચ્યું છે. તેનાં વીવીધ પાત્રોમાંથી પાંચાલી, કર્ણ, કુંતી, ભીષ્મ તથા પોતાના પીતાની શોધમાં નીકળેલા બભ્રુવાહન, સ્વેચ્છાએ મૃત્યુ સ્વીકારી લેતા ઈતીહાસના પહેલા શહીદ ઘટોત્કચ અને કૃષ્ણ જેવાં પાત્રોએ મને વધારે આકર્ષ્યા છે. તેમાંના એક પાત્ર ભીષ્મને મારી રીતે પ્રગટ કરવાનો પ્રયત્ન એટલે આ કથા.

“અષ્ટવસુમાંથી દ્યો નામે એક વસુ ગંગાપુત્ર તરીકે જીવીત રહે છે તેવી કથા પ્રચલીત છે અને ‘મહાભારત’માં પણ તેવો ઉલ્લેખ છે. આ કથામાં મેં સાત જ વસુઓને શાપીત દર્શાવ્યા છે અને એક વસુ

કોઈ કારણે શાપીત નહીં થયા હોય તેવું માનીને ચાલ્યો છું.

"શાંતનુ - ગંગાના આઠમા પુત્ર ભીષ્મને મેં આઠમા વસુ દ્યો તરીકે નહીં, પરંતુ સાત વસુઓએ ગંગાને સોંપેલા પોતપોતાના અંશમાંથી પ્રગટેલા એક જુદા અસ્તીત્વ તરીકે જોયા છે..."

- આ માટે લેખકે શ્લોકોનો આધાર આપીને કથાની માંડણી કરી છે... ભીષ્મ બાણશય્યા પર પોઢી જાય છે, રણભુમી પર યુદ્ધ ચાલુ જ છે. પંચાવનમા દીવસે સુર્યોદય સમયે ભીષ્મ દેહત્યાગ કરશે એવી નોંધ સાથે પુસ્તક સમાપ્ત થાય છે... લેખકે ઉલ્લેખ કર્યો છે તેમ પાંચાલી, કર્ણ, ઘટોત્કચ વીશે પણ ભવીષ્યે લખાશે એવી અપેક્ષા રહે છે.

***કાયાની કરામત*** *[શરીર વીજ્ઞાન વીશે સચીત્ર માહીતી આપતા ચાર પુસ્તકો] : રજની વ્યાસ, પ્રકાશક : સોનલ અનડા, અક્ષરા પ્રકાશન, 11, ગ્રેન માર્કેટ, અનુપમ સીનેમા સામે, ખોખરા, અમદાવાદ-380008, દરેક ભાગની કીમત : રૂ. 80. (પુસ્તકના વીતરક અનડા પ્રકાશન તથા ગુર્જર પ્રકાશન પણ છે.)*




રંગીન ચીત્રો - આલેખો સાથે આર્ટ પેપર પર છપાયેલા પ્રથમ ભાગમાં - આપણું શરીર, હાડકાં, શરીર - સંચાલનનાં મુખ્ય તંત્રો, હૃદય, લોહી, રુધીરાભીસરણ, બરોળ, બ્લડબેંક, કોલેસ્ટેરોલ; બીજા ભાગમાં - પાચનતંત્ર, આંતરડાં, ઉત્સર્ગતંત્ર, અંતઃસ્રાવી તંત્ર, લીવર, અસ્થીતંત્ર, સ્નાયુતંત્ર, ડાયાબીટીસ; ત્રીજા ભાગમાં - મગજ, ચેતાતંત્ર, કરોડરજ્જુ, કોષ, શ્વસનતંત્ર, વાળ, ડી.એન.એ., પ્રજનનતંત્ર, જીવાણુ, અંગોનું પ્રત્યારોપણ, એનેસ્થેસીયા; ચોથા ભાગમાં - ચામડી, પ્લાસ્ટીક સર્જરી, પાંચ ઈન્દ્રીયો, વાણી, દાંત, વીટામીન, નીરોગી રહો, યોગ-પ્રાણાયામ અને મોતીયો અંગેની જાણકારી અપાઈ છે. આમ માત્ર શરીરરચના ઉપરાંત ઘણાં મુદ્દાઓ આ ચાર પુસ્તકોમાં આવરી લેવામાં આવ્યા છે.

જાણીતા ડૉક્ટર અને લાફીંગ ક્લબ ઓફ અમદાવાદના કન્વીનર ડૉ. મુકુન્દ મહેતાએ સુંદર અભીપ્રાય આપ્યો છે :

"શ્રી રજની વ્યાસ સીદ્ધહસ્ત લેખક અને ચીત્રકાર છે એની તો મને ખબર હતી, પણ પોતે ડોક્ટર ન હોવા છતાં તેમને શરીર વીષે આટલી માહીતી હશે તેની જાણ 'કાયાની કરામત' પુસ્તક વાંચતાં જ થઈ. રજનીભાઈએ શરીર અંગેની ઝીણી ઝીણી માહીતી શોધી, એકત્ર કરી અને તેને સારી એવી સુઝ સાથે પુસ્તકમાં દર્શાવી છે. ખુબ મહેનત કરી અને ફક્ત અક્ષરદેહ જ નહીં ચીત્રદેહ પણ આપ્યો છે. શરીરના લગભગ દરેક અંગ વીશે માહીતી છે. 'કાયાની કરામત'ને શરીરના એન્સાઈક્લોપીડીઆની નાની આવૃત્તી પણ કહી શકાય. શરીરની રચના અને અંગોના કાર્યને લગતાં આવાં પુસ્તકો ગુજરાતી ભાષામાં પ્રમાણમાં ઓછા પ્રકાશીત થયાં છે. વીદ્યાર્થીઓને અભ્યાસમાં તે ખુબ ઉપયોગી નીવડશે. તેમાં પણ તેની સાથેનાં સુંદર ચીત્રોને કારણે નાનાં બાળકોથી માંડી વડીલો સુધ્ધાં વાંચીને આપણી કાયા વીષે સમજી શકે તેવું સુંદર સચીત્ર પુસ્તક લખી રજનીભાઈઓએ અમુલ્ય સેવા કરી છે."

**સાભાર સ્વીકાર :**

**બીટ્ટુ વાર્તા કહે છે...** (2થી 10 વર્ષનાં બાળકો માટેની વાર્તાઓ) : લતા હીરાણી, ગુર્જર પ્રકાશન (સરનામું ઉપર જણાવ્યું છે), મુલ્ય : રૂ. 75, (બીજી સંવર્ધીત આવૃત્તી.)

**શાહજાદી ફીરોજા :** લેખક - પુરુષોત્તમ પોમલ, અનુવાદક : કે. જે. બારોટ, ગુર્જર પ્રકાશન (સરનામું ઉપર જણાવ્યું છે), મુલ્ય : રૂ. 250.

**પોસ્ટ ન થયેલો પત્ર** (ભરત નાટ્યમંડપોના સ્થાપત્ય નીષ્ણાંત શ્રી ગોવર્ધન પંચાલની જન્મ શતાબ્દીએ સમર્પીત કાર્યકથા) : સંપાદક - હસમુખ બારાડી, પ્રકાશક : થીયેટર મીડીયા સેન્ટર, ચેનપુર રોડ, ન્યુ રાણીપ, અમદાવાદ-382470, મુલ્ય : રૂ.150.

**જશવંત ઠાકરની દીગ્દર્શનની કાર્યશીબીર :** સંપાદક - હસમુખ બારાડી, પ્રકાશક : થીએટર મીડીયા સેન્ટર (સરનામું ઉપર મુજબ), મુલ્ય : રૂ. 150.

**ઉના દલીત અત્યાચારનો લોહીયાળ ઈતીહાસ :** દર્શીતા સંઘપાલ, પ્રાપ્તીસ્થાન : 'મુદીતા મહેલ', પંચશીલ ગેઈટ, જુના રેલવે સ્ટેશન પાસે, જામનગર-361001, સહયોગ રાશી રૂ. 200.

**આત્મસીદ્ધી શાસ્ત્ર : શ્રીમદ્ રાજચંદ્ર હસ્તલીખીત,** (બીજી આવૃત્તી / 142 દેશોની 415 ભાષાઓમાં અનુવાદ) અમદાવાદમાં પ્રાપ્તીસ્થાન : 10, સંતકૃપા સોસા., પવન સોસા. પાસે, બળદેવનગર સામે, 132 ફીટ રીંગ રોડ, જીવરાજ પાર્ક, અમદાવાદ-51 [મુલ્ય : જણાવ્યું નથી.]

**ફુટતી કુંપળ** [ચાલીસેક બહેનોએ કાવ્યસર્જનમાં પ્રાપ્ત કરેલું કૌશલ્ય; હાઈકુ રુપે નજરાણું.] સંપાદક : કરસનદાસ લુહાર, અલ્પ ત્રીવેદી, પ્રકાશક : ગ્રામ નીર્માણ સમાજ, વાસી તળાવ, મહુવા જી. ભાવનગર, મુલ્ય : રૂ. 30.

❑

# રોજગારી ઉભી કરો, અન્ય બાબતો તેની જગ્યાએ ગોઠવાઈ જશે...

**હર્ષ મંદર**

**દર મહીને 10 લાખ લોકો ભારતમાં રોજગારક્ષેત્રે વધતા જાય છે, પરંતુ ફક્ત 0.01 ટકાને જ કામ મળે છે.**

2014ની ચુંટણીમાં લાખો યુવાન મતદારોને લલચાવીને વચન આપ્યું હતું કે યુ.પી.એ. સરકારના રોજગારીવીહીન વીકાસને બદલીને તેમની સરકાર દર વર્ષે 1 કરોડ રોજગારી - નોકરીનું સર્જન કરશે. 65 ટકા ભારતીયો 35 વર્ષથી ઓછી ઉંમરના યુવાનો છે અને સારી આવક ધરાવતી અને સલામતી ઉપર આધારીત સારી જીંદગી માટે કાયદેસરનું સ્વપ્ન સેવી રહ્યા હતા અને તેથી તેમના નેતૃત્વ સાથે વીશ્વાસ રાખી તેમના ભાવીને સાંકળવા તેમનામાંના મોટા ભાગે ભાજપની પસંદગી કરી.

પરંતુ ત્રણ વર્ષના તેમના સમયમાં તેમણે જણાવ્યા પ્રમાણે રોજગારીનું સર્જન થયું નથી. 'ઈક્વીટી સ્ટડીઝના 2016ના - ઈન્ડીયા એક્ષક્લુઝીવ' અહેવાલમાં દર્શાવ્યા પ્રમાણે ભારતમાં કોઈ રોજગારીની તકો હાલમાં ઉપલબ્ધ નથી. અગાઉની યુ.પી.એ. સરકારમાં રોજગારીની જે તકો હતી તેનાથી પણ નીચે રોજગારીનું સ્થાન પહોંચી ગયું છે. સરકાર રોજગારી અંગેના સરકારી આંકડાઓ પ્રસીદ્ધ કરવામાં હીચકીચાટ અનુભવી રહી છે, કારણ કે, તે ઘણી સારી વાત જણાતી નથી. ભારત સરકારના શ્રમ અને રોજગાર બ્યુરો દ્વારા કેટલાક પસંદગીના સેક્ટરના ચેઈન્જીઝ - ઈન એમ્પલોયમેન્ટના ત્રીમાસીક અહેવાલમાં 2016માં જે (ડેટા) સંગ્રહીત કરેલ છે તે દર્શાવે છે કે 2016માં મોટાભાગે શ્રમ આધારીત રોજગારીના ક્ષેત્રમાં રોજગારીનું સર્જન, 1,35,000 જેટલી નીચે કક્ષાએ પહોંચ્યું છે. દરેક માસમાં 10 લાખ નવા લોકો રોજગારી માટે તૈયાર થાય છે, તેનો અર્થ થાય છે કે નવી રોજગારી મેળવનાર લોકોના માત્ર 0.01 ટકાને જ કામ મળે છે. રોજગારવીહીન આ વીકાસ વધુ ગુંચવાડાભર્યો બને છે કારણ કે નવી રોજગારી ઉપલબ્ધ થાય છે, પરંતુ સાથોસાથ જુની રોજગારીની તકો લુપ્ત થતી જાય છે અને ખરેખર સાચું ચીત્ર પ્રતીબીબીંત થતું નથી. 1997 પછી ફોર્મલ સેક્ટરમાં રોજગારીનું પ્રમાણ ઘટતું જાય છે. વધુ ને વધુ લોકો ઓછી આવકવાળી સ્વરોજગારીમાં ધકેલાઈ જાય છે અથવા તો અસુરક્ષીત વેતન આપતી રોજગારીમાં જોડાઈ જાય છે. ગ્રામવીસ્તાર મોટાભાગે વીશેષ અસરગ્રસ્ત બન્યો છે.

જે 1 કરોડ 12 લાખ લોકો રોજગારીવાંચ્છું છે તેમાંના મોટાભાગના શહેરોમાં નોકરી શોધે છે, કારણ કે ગ્રામ અર્થતંત્ર મૃત્યુશૈયા ઉપર છે. સૌથી વધારે અસરગ્રસ્ત ગ્રામ કારીગરો અને સ્થળાંતરીત લોકો છે. સામાજીક - આર્થીક અને જાતીગત સર્વેક્ષણમાં જણાયું છે કે 56 ટકા ગ્રામ્ય કુટુંબીઓ પાસે જમીન નથી અને જીવન જીવવા માટે પ્રાથમીક હાથમજુરી, ઉપર આધાર રાખે છે. અર્થશાસ્ત્રી પ્રભાસપાટકે નીરીક્ષણ કર્યું છે કે 1951 પછી ખેતી કરનારનો ભાગ ખરેખર ઘટી ગયો છે. જે લોકો સ્વતંત્ર રીતે ખેતી કરતા હતા તેઓ ખેતમજુર બની ગયા છે. તેઓ પાસે કોઈ અધીકાર નથી, સુરક્ષીત આવક નથી અને દયનીય સ્થીતીમાં સખત પરીશ્રમવાળા કામમાં જીવી રહ્યાં છે અને સંગઠીત થઈ શકે તેમ નથી.

સ્થગીત ગ્રામ અર્થતંત્ર અલ્પપ્રમાણમાં રોજગારીની તકો પુરી પાડતું હોવાથી, આ કુટુંબો મોટા પ્રમાણમાં દુઃખી સ્થળાંતરીતો છે; જેમને શ્રમનૃવંશશાસ્ત્રી જેન બ્રેમને 'કામ શોધતા શીકારી અને ટોળામાં ઘુમતા' લોકો તરીકે વર્ણવેલા છે. તેઓ જીવતા રહેવા માટે દેશના કોઈપણ ખુણામાં કોઈપણ કામ માટે કોઈ પણ શરતો સાથે રોજગાર માટે જાય છે. દર વર્ષે 6-8 માસ માટે અંદાજે 12.24 કરોડ લોકો કામની શોધમાં હોય છે. આમાંથી 77 ટકા લોકો ગામડામાં રહેતા લોકો છે અને 2/3 લોકો સ્થળાંતરીત લોકો જેઓ શહેરોમાં કામની શોધમાં હોય છે. અંદાજ બતાવી આપે છે કે 3.5થી 4 કરોડ શ્રમજીવીઓ કામચલાઉ (સીઝનલ) સ્થળાંતરીત હોય છે.

આ સ્થળાંતરીત કામદારો જ પંજાબ, હરીયાણા, પશ્ચીમ ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્રના સમૃદ્ધ ફાર્મમાં; શહેરોમાં તોતીંગ ઉંચા બંધાતા મકાનોના બાંધકામમાં અર્ધબંધુવા મજુરો છે. ઈંટ ઉદ્યોગ અને સરહદી રાજ્યોમાં રસ્તાઓ બાંધવામાં આ વર્ગ પરીશ્રમથી પરસેવો પાડી રહ્યો છે. સામાજીક નીતીના

વીશ્લેષક શ્રી કોલીન ટોધુન્ટર ઉગ્રતાપુર્વક સુચન કરે છે કે મુખ્ય પ્રવાહ ખેતીમાંથી સ્થળાંતરીત થતા લોકો, અતીવસ્તીવાળા, દુર્ગંધી પર્યાવરણયુક્ત, અર્ધ મોટા નગરોમાં, કારખાનામાં, મોટા મોટા મોલ (વેચાણ કેન્દ્રો)માં કામ કરે છે અથવા સુરક્ષાકર્મીઓ તરીકે કામ કરે છે અને માનવજાતની સ્થીતીમાં સુધારો લાવે છે. ક્યારેક તેમના બાળપણમાં જ દુર દુરના વીસ્તારોમાં થોડા પૈસા કમાવા જાય છે. જેથી તેમના કુટુંબ જીવંત રહી શકે. પરંતુ હવે, કુટુંબીજનો મોટા પ્રમાણમાં બાળકોનું શીક્ષણ છોડાવીને, ઝુંપડીઓ અને શહેરના ગંદી ગલીઓમાં મહીલાઓ ને બાળકો જન્માવીને મોટા કરાવે છે અને વૃદ્ધજનોને ભુખ્યા રાખી કે ભીખ માંગવા કે મરી જવા માટે ગામડામાં છોડીને આવે છે.

સુધારાના સર્વોચ્ચ ખાત્રીઓ હતી કે તે લાખો રોજગારી ઉત્પન્ન કરશે, યુ.પી.એ. સરકારના રોજગાર વીનાના વીકાસને મોદી ઉલટાવી દેશે તેમ જણાવેલું. પરંતુ સરકાર પાસે રોગનો કોઈ ઉપચાર નથી. કૃષીક્ષેત્રની કટોકટીને ટાળીને, ભાંગી ગયેલ શીક્ષણપ્રથામાં સુધારો કરીને, શ્રમજીવીઓ માટે વીશાળ રક્ષણ આપીને અને શ્રમઆધારીત નાના ઉત્પાદક યુનીટોને પ્રોત્સાહન આપ્યા સીવાય, લાખો રોજગારી પુરી પાડવાના વચનો માત્ર મૃગજળ જ બની રહેશે.

[અનુવાદક : પી. કે. વાલેરા, સૌજન્ય : 'હીંદુસ્તાન ટાઈમ્સ,' તા. 24-5-2017]

❑

# કોંગ્રેસને 'રીવાઈવ' કરવા સંબંધી સુચનો

**દીનેશ શુક્લ**

મેડીકલ સાયન્સની પરીભાષામાં કહીએ તો કોંગ્રેસ પક્ષ ઈન્ટેન્સીવ કેર યુનીટ (આઈસીયુ)માં છે. કોંગ્રેસના કેટલાક હીતેચ્છુઓ માને છે કે કોંગ્રેસને બચાવી લેવા માટે મોટી સર્જરી કરવાની જરુર છે. એમ કરવામાં આવે તો જ કોંગ્રેસ 'રીવાઈવ' થઈ શકે તેમ છે. સંસદીય ચુંટણીઓમાં થયેલ હાર બાદ એ. કે. એન્ટોનીના અધ્યક્ષપદે એક સમીતીની રચના કરવામાં આવેલી તેની ભલામણો પર પક્ષમાં ચર્ચાઓ થયેલી હતી, પણ તેની ભલામણોનો કોઈ અમલ થયો હોય એવું લાગતું નથી.

એપ્રીલ 2015માં કોંગ્રેસને 'રીવાઈવ' કરવા બાબતે એક 'બ્યુ પ્રીન્ટ' તૈયાર કરવામાં આવેલી, પણ રાહુલ ગાંધીએ તે બાબતે કોઈ પગલાં ભર્યા હોય એવું લાગતું નથી. બીજું, કોંગ્રેસ ઉપાધ્યક્ષમાંથી તેઓ ક્યારે પાર્ટીના અધ્યક્ષ બનશે, તે પણ નક્કી નથી. કોંગ્રેસ અધ્યક્ષા સોનીયા ગાંધી નાદુરસ્ત તબીયતને કારણે બહુ શ્રમ લઈ શકે તેમ નથી.

અત્યારે કોંગ્રેસમાં, કહેવાય છે કે બે સમાંતર સત્તાકેન્દ્રો છે. તેને કારણે નીર્ણયપ્રક્રીયાને માઠી અસર થાય છે.

કોંગ્રેસને રીવાઈવ કરવા માટેના કેટલાંક મુદ્દાઓ : 1. દરેક રાજ્યમાં કરીશ્માતી અને લોકપ્રીય નેતાની નીમણુંક કરવી જોઈએ અને પ્રચાર તેમજ ઉમેદવારોની પસંદગી કરવાની જવાબદારી તેમને સુપ્રત કરવી જોઈએ. આ નેતામાં સારી વક્તૃત્વ શક્તી હોવી જોઈએ. તેમનું પ્રવચન સાંભળીને લોકો મંત્રમુગ્ધ થઈ જવા જોઈએ. આ સંદર્ભમાં રાહુલ ગાંધીએ નરેન્દ્ર મોદી પાસેથી ઘણું શીખવા જેવું છે.

2. દરેક રાજ્યમાં બુથ કક્ષાથી જીલ્લા કક્ષા સુધીના પક્ષીય માળખાનું પુનર્નીર્માણ કરવું જોઈએ. યુવાનોને આકર્ષવા જોઈએ અને તેમને જવાબદારી સોંપવી જોઈએ. અગાઉ ફુટ સોલ્જર તરીકે કોંગ્રેસમાં સેવાદળ હતું, જેને પાછળથી વીખેરી નાંખવામાં આવ્યું. મોટાભાગનાં રાજ્યોમાં કોંગ્રેસમાં 'નેતાઓ' છે. પણ પાયાના કાર્યકરો નથી. ચુંટણીઓ વખતે ઘણીવાર તો બુથ બહાર મતદારોને જરુરી માર્ગદર્શન આપવા માટેના પાયાના કાર્યકરો જ હોતા નથી.

3. ઓલ ઈન્ડીયા કોંગ્રેસ સમીતી (એઆઈસીસી)ની સંપુર્ણપણે પુનર્રચના કરવી જોઈએ અને જરુર લાગે તો તદ્દન નવી જ સમીતીની રચના કરવી જોઈએ. તેમાં નવા ચહેરાઓનો સમાવેશ કરવો જોઈએ. જેઓ 'મતચુંબકો' તરીકે કામગીરી બજાવી શકે ! ઉપરાંત જુદા જુદા રાજ્યોમાં ઈનચાર્જ જનરલ સેક્રેટરીઓની કામગીરી અને ભુમીકાની સ્પષ્ટતા કરવી જોઈએ. તેમણે જે તે રાજ્યમાં ચુંટણીઓ પહેલાં અને પછી શું શું કરવાનું છે, તે બાબતે તેમનાં મનમાં કોઈ ગુંચવાડો હોવો ન જોઈએ. કોઈ કારણે નેતાઓ અને કાર્યકરો વચ્ચે મનમેળ ન હોય, કાર્યકરોને

નેતાઓથી અસંતોષ હોય તો તે દુર કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

4. કોંગ્રેસની ભગીની સંસ્થાઓ, જેવી કે, યુવક કોંગ્રેસ, મહીલા કોંગ્રેસ, નેશનલ સ્ટુડન્ટ યુનીયન ઓફ ઈન્ડીયા (એનએસયુઆઈ) વગેરેની જે હેતુઓ માટે રચના આવી છે તે 'ટાર્ગેટ ગ્રુપ્સ'માં તેમની સ્વીકૃતી વધે તે માટે સઘન પ્રયાસો કરવા જોઈએ.

અને છેલ્લે, કોંગ્રેસ એટલે 'હીન્દુ વીરોધ' અને 'લઘુમતીઓ તરફી' એવી જે છાપ ઉભી કરવામાં આવી છે, ખાસ કરીને ભાજપ જેવા પક્ષોએ, તે દુર કરવી જોઈએ. કોંગ્રેસે જાતી, જ્ઞાતી, ધર્મ, પ્રદેશ, ભાષા, કોમ જેવા ભેદ પાડ્યા સીવાય કોંગ્રેસ ભારતના સૌ નાગરીકોને ચાહીયે છીએ અને તેમની સેવા કરવા કટીબધ્ધ છીએ, તે સ્પષ્ટ કરવું જોઈએ. પક્ષના કાર્યકરોની એક માંગણી એ છે કે ભારતમાં યુવા મતદારોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે. તેમની આશાઓ, અપેક્ષાઓને સંતોષે એવા કાર્યક્રમો યોજવા જોઈએ. તેની જવાબદારી ગ્રામસ્તરથી માંડીને રાષ્ટ્રીયસ્તરે યુવા નેતાઓને સોંપવી જોઈએ. તેમને એવી પ્રતીતી થવી જોઈએ કે કોંગ્રેસ અમારી અપેક્ષાઓને સમજે છે.

પણ ખાસ મહત્વનો મુદ્દો તો એ છે કે જ્યારે પક્ષનો કોઈ નેતા કે કાર્યકર અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને મળવા જાય તો રાહુલે થોડો સમય કાઢીને તેને મળવું જોઈએ. 'તમે સોનીયાને મળવા જાઓ' એવું કહેવું ન જોઈએ. એવા કીસ્સા પણ નોંધાયા છે કે દીલ્હીમાં બેત્રણ દીવસો રોકાયા છતાં ન તો સોનીયા કે ન તો રાહુલ સાથે તેમની મુલાકાત થાય છે. ક્યારેક તો તેમને પાછા આવવું પડે છે.

કોંગ્રેસમાં રાષ્ટ્રીય અને પ્રાદેશીક સ્તરે ઘણા સારા નેતાઓ છે. જેમ કે જ્યોતીરાદીત્ય સીંધીયા, કમલનાથ, સચીન પાયલોટ, કપીલ સીબ્બલ, લોકસભામાં કોંગ્રેસ પક્ષના નેતા ખડગે વગેરે નેતાઓએ અને સોનીયા-રાહુલે અવારનવાર મળવું જોઈએ અને કોંગ્રેસને કેવીરીતે 'રીવાઈવ' કરી શકાય, તેની સઘન ચર્ચા કરવી જોઈએ.

2019ની લોકસભાની ચુંટણી પહેલાં રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ રાજ્યોમાં વીધાનસભાઓની ચુંટણીઓ યોજાનાર છે. આ રાજ્યોમાં ભાજપ સત્તા પર છે. ભાજપને 'એન્ટી ઈન્કમબન્સી ફેક્ટર' નો સામનો કરવો પડશે, કોંગ્રેસે તેનો પુરેપુરો લાભ ઉઠાવવો જોઈએ અને તે પહેલાં આ રાજ્યોમાં પક્ષના સંગઠનનો સંપુર્ણ કાયાકલ્પ કરવો જોઈએ.

આઝાદી પછીના લગભગ ત્રણ દાયકા દરમીયાન કોંગ્રેસ મોટા ભાગનાં રાજ્યોમાં અને કેન્દ્રમાં સત્તા પર હતી. તેનું સુંદર વીશ્લેષણ પ્રો. રજની કોઠારીએ તેમના પ્રશીષ્ટ ગ્રંથ 'પોલીટીક્સ ઈન ઈન્ડીયા'માં કર્યું છે. એક વખતે ભાજપને સમગ્ર દેશમાં માત્ર બે જ બેઠકો મળેલી. એક ગુજરાતમાં અને બીજી આંધ્રપ્રદેશમાં. આજે ભાજપ કેન્દ્રમાં અને મોટાભાગના રાજ્યોમાં સત્તા પર છે.

[સંપર્ક : ટેલી નં. 079-26611490] ❑

## પત્ર-સાર

સમગ્ર દેશમાં કીસાનોને આત્મહત્યા કરવાની ફરજ પડે છે, કારણ કે ખેતપેદાશના પોષણક્ષમ ભાવો મળતાં નથી. સરકાર ઉદ્યોગોને મબલખ સગવડો પુરી પાડે છે, જ્યારે કીસાનો ભણી ઉપેક્ષા દાખવે છે. કેન્દ્ર સરકારે પાક વીમા યોજના જાહેર કરી; વડાપ્રધાન-મુખ્યમંત્રીના ફોટાઓ સાથે લખ્યું : 'કીસાનો આનંદો... પાક વીમા યોજના લોકાર્પણ કરીએ છીએ.' એવા નીવેદનો અપાય છે કે કીસાનની ખેતીની આવક ડબલ થઈ જશે. કીસાનો દેવામુક્ત થઈ જશે. આ પાક વીમા યોજનામાં ખેડુતને કશું મળવાનું નથી. કુદરતી આપત્તીમાં પાકને નુકસાન થાય ત્યારે વીમા કંપની તેની મોજણી કરી વળતર આપે એવી યોજના છે. સરકારે પાક વીમા યોજનાને ફરજીયાત બનાવી છે એટલે ધીરાણ કરનાર સંસ્થાઓ જીલ્લા સહકારી બેન્કો અને કોમર્શીયલ બેન્કો કીસાનોને કૃષીધીરાણ કરે ત્યારે જ પાક માટે જે ધીરાણ આપ્યું હોય તેનું પ્રીમીયમ કાપી લઈ, ઈન્સ્યુરન્સ કંપનીમાં બારોબાર ભરી છે. દાઝ્યા ઉપર ડામ જેવી હાલત કીસાનોની થઈ છે. ઈન્સ્યુરન્સની રકમ કાપી લેવામાં આવે અને પૈસા ભરતી વખતે વ્યાજસહીત રકમ ભરવી પડે છે. એટલે રાહત આપવાનો પ્રશ્ન ઉભો થતો નથી; ઉલટું પ્રીમીયમ કાપી લઈ વીમા કંપનીઓને નાણાં ભરવામાં આવે છે. ગુજરાતના 11 જીલ્લાઓને ખરીફ પાક માટે એગ્રીકલ્ચર ઈન્સ્યુરન્સ કંપની ઓફ ઈન્ડીયા લી.ને જવાબદારી સોંપાઈ છે. 11 જીલ્લાના કીસાનોએ ભરેલી રકમની વીગત :

**એગ્રીકલ્ચર ઈન્સ્યુરન્સ કંપની ઓફ ઈન્ડીયા (ખરીફ પાક : 2016)**

| અ.નં. | જીલ્લાઓ | વીમો લીધેલ ખેડુતો | રકમ રૂ. |
|---|---|---|---|
| 1 | આણંદ | 6216 | 11178005.94 |
| 2 | અરવલ્લી | 20323 | 22670598.72 |
| 3 | ભાવનગર | 57351 | 115151533.33 |
| 4 | છોટા ઉદેપુર | 3173 | 7885503.67 |
| 5 | ગાંધીનગર | 4429 | 8190832.58 |
| 6 | મહીસાગર | 16808 | 6929443.01 |
| 7 | પંચમહાલ | 20866 | 10262667.25 |
| 8 | પાટણ | 20506 | 18950764.74 |
| 9 | રાજકોટ | 226780 | 343889133.66 |
| 10 | સાબરકાંઠા | 38543 | 45243444.22 |
| 11 | સુરત | 4 | 7300.27 |
| | કુલ | 414999 | 590359227.39 |

આ 11 જીલ્લાના ચાર લાખ ઉપરાંત ખેડુતોએ કરોડો રુપીયાનું પ્રીમીયમ ભર્યું પરંતુ વીમાકંપનીએ વીમાનો એક રુપીયો ચુકવ્યો નથી, એવું જાણવા મળ્યું છે. ખેડુતોના ખીસ્સામાંથી કરોડો રુપીયા ખંખેરી લેવામાં આવ્યા છે. 'કીસાનો આનંદો'વાળી યોજના રોવડાવવાની યોજના છે ! રાજ્યના મુખ્યમંત્રી કશી ચોખવટ કરશે ?

**- અંબાલાલ ઉપાધ્યાય**

[મુ. લીંભોઈ, તા. મોડાસા]

આજનાં નેતાઓ શી કામગીરી કરે છે ? મોટા-મોટા પ્રોગ્રામોમાં મોડેથી પહોંચવું, છાપાઓમાં ફોટા છપાવવાં, કોઈ પાસે લખાવેલ ભાષણ કરવું, શાબ્દીક પ્રભાવ પાડી પ્રજાને આંજી દેવી, તાળીઓ ઉઘરાવવી અને આ કહેવાતાં નેતાઓ તો ઘરેથી એકબીજા વીરુદ્ધ બેફામ નીવેદનો પાકા કરીને આવે છે ! આ તો મોડર્ન ફેશન ગણાય જાણે ! આવાં વ્યક્તીગત મુદ્દાઓ લઈને તેઓ બાખડ્યાં કરે અને આવાં ભરચક સમયમાં તેમને પ્રજાનાં કામો ક્યારે યાદ રહે. હા, આમાં થોડાક અપવાદ નીકળે જેનામાં આવી ફેશન નથી હોતી.

આવા એક પ્રોગ્રામ પાછળ મંડપ, ડેકોરેશન, પાણી, ફુલો, વીજળી તથા ભોજન ખર્ચ તો પ્રજાનાં શીરે. તથા તેમનાં થોડા ખુશામતખોરો તો આ જ કામ કરે. કહેવાતાં સાહેબોને પ્રકાશમાં રાખવાની તેમની જવાબદારી. આવો નીરર્થક ખર્ચ જો ગરીબો માટે વપરાય તો કેટલો ફર્ક પડે તેનો હીસાબ પ્રજાનાં પૈસે મોજ મનાવતાં શ્રીમંત નેતાઓને ના હોય. અરે ભઈ તમારે કામ જ કરવા છે તો આવો ભપકો જ શા માટે ? આમાં તમે પ્રજાનાં કામો ક્યારે કરશો. આ ભોળી પ્રજા કેટલી આશાઓ સાથે તમને મત આપતી હશે ! તેમનાં ભરોસાને આ રીતે વાપરવાનો તમને કોણે હક દીધો ? પ્રજાએ જ અને હવે પ્રજા પણ જાગ્રત થતી જાય છે. તમે જ વીચારો આ ભોળી પ્રજાએ તમને આ માટે ચુંટ્યાં છે ??

**- કાજલ જોષી**

[મુ. બોરલા, તા. તળાજા-364150, જી. ભાવનગર]

1970ના દાયકામાં અછત, અર્ધઅછત, અતીવૃષ્ટી, અનાવૃષ્ટી, વગેરે કુદરતી આફતોને કારણે ખેતપાક નીષ્ફળ જતાં ખેડુતો વસુલાત આપી શક્યા નથી, એ વાત સહકારી બેંકોએ સ્વીકારેલ છે. તે સમયગાળામાં સહકારી મંડળીઓ દ્વારા ધીરાણ મેળવેલ 80 ટકા ખેડુતો દેવાદાર છે.

હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટના નીયમો વીરુદ્ધ મુદ્દલ ઉપર વ્યાજનું વ્યાજ તે ઉપર ચક્રવૃદ્ધી વ્યાજ, દંડનીય વ્યાજ ચઢાવી મુદ્દલ બનાવી 20થી 25 ગણી રકમો વસુલ કરાઈ. ત્યારે ભારત સરકારે વૈદ્યનાથ કમીટી રચી તેની ભલામણ મુજબ સહકારી બેંકોએ અને મંડળીઓએ જે વ્યાજ ચઢાવેલું હતું તે તમામ વ્યાજ ભારત સરકારે બેંકોને ચુકવી દીધું. બેંકોએ મંડળીઓને આપ્યું. મોટાભાગની મંડળીઓ પાસે બચત થઈ ગઈ પણ સદર વ્યાજ રાહતની રકમો ખેડુતોને જમા આપવામાં આવી નહીં. એટલે કે હવે પછી ખેડુતોએ લીધેલ માત્ર મુદ્દલ જ ભરવાનું હતું તેમ ન થતાં મુખ્યમંત્રી યોજનાના નામે દસ વર્ષના દસ ટકા વ્યાજ જે-તે ખેડુતોને તાત્કાલીક પરત આપી દેવું જોઈએ. અત્યારે ખેડુતોને નવું ધીરાણ આપવામાં આવે છે તેમાં તે ધીરાણ મંડળીઓ અને બેંકો જે તે ખેડુતનું ધીરાણ 31 માર્ચના રોજ ચોપડે જમા કરે અને 1 એપ્રીલે ખેડુતના નામે ઉધારે. નવા કાગળો ઉપર ખેડુતોની સહીઓ કરાવે અને એક રાતનું દસ ટકા વ્યાજ ઉપલક ખેડુતો પાસેથી લઈ લે અને દેવું બાકી નથી એવું બતાવે છે. આ એક મોટું કૌભાંડ છે. એની કોઈ તપાસ કરતું નથી.

**- બદરીભાઈ જોશી**

[મુ. તણછા, તા. આમોદ]

❑

RNI No. of RNP is 20528/71 Registered under Postal Registration No. GAMC-534/2015-2017 valid upto 31st December-2017 posted on 1st & 16th of Every Month at Amd. PSO. ● નયા માર્ગ ● પ્રકાશન તારીખ : 16-7-2017

# કાવ્યોમાં સાંપ્રત

## ગઝલ

મીલી સરકાર સતરંગી જો પહલે થી વો અબ ભી હૈ,
વહી રફતાર બેઢંગી જો પહલે થી વો અબ ભી હૈ.

લગા ઐસા કી અબ આએગા અમનોચૈન કા મૌસમ,
મગર લલકાર હુડદંગી જો પહલે થી વો અબ ભી હૈ.

કીસે અપના કહેં કીસકો પરાયા યહ બતા મુઝકો,
તેરી દરકાર બજરંગી જો પહલે થી વો અબ ભી હૈ.

જીધર દેખો ઉધર બકઝક મુસલસલ કર રહે હૈં લોગ,
યહી તકરાર બેઢંગી જો પહલે થી વો અબ ભી હૈ.

બતાઓ કીસ તરહ મૈં હાલે-દીલોં તુમસે બયાં કર દૂં.
મેરી ઈજહારે હદબંદી જો પહલે થી વો અબ ભી હૈ.

પહલ કર 'ચાંદ' અબ પહચાન લે તુ અપની તાકત કો,
તેરી હુંકાર રણચંડી જો પહલે થી વો અબ ભી હૈ.

**- ચાંદ મુંગેરી**

[સૌજન્ય : 'हंस' : એપ્રીલ, 2017]

## ગઝલ

અનામી નીકળ્યાં જીવન-સફરની નોંધપોથીમાં
હતાં જે સગપણો શામીલ ફીકરની નોંધપોથીમાં

અમારી જીન્દગી જન્માષ્ટમીની રાત જેવી છે
મળે અજવાસ ના એકે પ્રહરની નોંધપોથીમાં

જો શોધ્યાં કારણો બેહાલીના તો જાણવા પામ્યાં
વસંતનું નામ પણ છે પાનખરની નોંધપોથીમાં

ગણતરી કરવાનું મેં ક્યારનું યે માંડી વાળ્યું છે
વળાંકો એટલાં જોયાં ઉંમરની નોંધપોથીમાં

'અમારો છોરો મોટા શ્યેરમાં સાહેબ છે મોટો'
હતું બસ આટલું સુખ માવતરની નોંધપોથીમાં

નવો ઈતીહાસ આલેખ્યો લગાવી માત્ર એક સીક્કો
મળ્યાં ના નામ તેઓના નગરની નોંધપોથીમાં

થયું અસ્તીત્વ પીળી પાનખર જેવું છતાં 'સાહીલ'
ઘણાં દૃશ્યો છે લીલાછમ નજરની નોંધપોથીમાં

**- સાહીલ**

[રાજકોટ (મો) 94287 90069]

## આવી બતાવ !

સ્યાહી... સીક્કા... ચોકડી... એ, કાગળો આવી બતાવ !
ટેરવાંએ નૈં, હવે બસ, આંગળે આવી બતાવ !

સ્મીત થઈ, આવી શકે તો આવ, સુક્કા હોઠ પર,
ઝાંઝવાંએ નૈં, નર્યા ઝાકળજળે આવી બતાવ !

સીમ... પાદર... 'સર' કર્યાં સુદુરના સુખાળવા,
ભુખની ભીડે સબડતી ભાગળે આવી બતાવ !

માટીમાં મરતી જતી માટી જીવાડી માટીમાં,
દાણે દાણે મોતી-શો હત્પ્રભ હળે આવી બતાવ !

છદ્મ વાઘાઓ ત્યજી અસ્સલ ત્વચાના વેશમાં,
સર્વ પડછાયા સહીત સુરજ તળે આવી બતાવ !

કાળને જીવ્યા - મર્યાનો આપવો પડશે હીસાબ,
આયુએ એકાદ તો જીવતી પળે આવી બતાવ !

**- કીસન સોસા**

[સુરત (મો) 88663 72930]

## ગમ્યું જે જીદને

નથી સમજી શક્યા તે વાતનો વીવાદ લઈ ઉભા
અજંપા પર મહાઅભીયોગનો સંવાદ લઈ ઉભા

રહીને વાદળોમાં વીજ ચમકારા કરી જાણો
અને તોયે તમે પરદા વીશે ફરીયાદ લઈ ઉભા

અઢી અક્ષર ભણીને કોઈ પારંગત થયું છે શું ?
ન જે બારાખડી પુરી ભણ્યા, ઉન્માદ લઈ ઉભા

અહીં સંતોય ગોથા ખાય છે મનને સમજવામાં
કયા જોરે વળી તેમાં તમે અપવાદ લઈ ઉભા ?

અમે ચાતક, અમારી આંખમાં મૃગજળ નથી હોતા
અમે તો એક ટીપાની તરસનો નાદ લઈ ઉભા

સનાતન સત્યને વીષ જેમ પીધું ને પચાવ્યું પણ
અમે મૃત્યુંજયી પાસે નથી મુરાદ લઈ ઉભા

ભલે બાવળ લઈ ઉભા અમે આંબા ઉજેડીને
ગમ્યું જે જીદને બસ તે જ નીર્વીવાદ લઈ ઉભા

**- આત્મારામ ડોડીયા**

[અમદાવાદ (મો) 9408391181]

❑

'નયા માર્ગ' વતી - તંત્રી, મુદ્રક, પ્રકાશક : ઈન્દુકુમાર જાની, નયા માર્ગ કાર્યાલય, ખેત ભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ 380 027.
(ફોન : 27557772) http://nayamarg.wordpress.com ● વાર્ષીક લવાજમ રુ. 150 ● છુટક નકલ રુ. 8 ● 'નયામાર્ગ'ના નામના ચેકથી મોકલવું.
મુદ્રણ સ્થાન : ચંદ્રીકા પ્રીન્ટરી, મીરઝાપુર રોડ, અમદાવાદ 380 001